


# વધસ્તંભનો વાદ

લેખક • રેવ. જયાનંદ આદા. ચૌહાન

# વધસ્તંભની વાટે

લેખક : રેવ. જયાનંદ આઈ. ચૌહાણ એમ. એ. [જર્નાલીઝમ]



: પ્રકાશક :

ઇન્ડિયા એવરી હોમ ક્રૂસેડ

મહૂ, (મ. પ્ર.)

આવૃત્તિ ચોથી, પ્રત ૧૦,૦૦૦ કિંમત રૂા. ૧-૨૫

★

જેના જીવનમાં

ક્રૂસિત ખ્રિસ્તની ભાવના હું જોઈ શકયો છું

તે મારી ધર્મપત્ની જયાને

આ પુસ્તિકા સમર્પું છું.

★

# બે બોલ

(પહેલી આવૃત્તિ)

હું કોણ ?
– કે આ મહા બલિદાન વિષે લખું !
પણ હૃદયે જે ચાહ્યા જ કર્યું છે
તે લખાઈ જ જાય ને !
એટલે

ભાવના અને મન વર્ષોનાં છતાં
પુસ્તક લખાયું માત્ર ત્રણ જ દિવસમાં.
છપાયું આ ત્રણ, વત્તા એક વધુ, મળી ચાર દિવસમાં.
એને

આ દુ:ખસહન સમાહમાં
ઈસુનાં ચાહકોને ભાવથી ધરું છું.
(એપ્રિલ ૭, ૧૯૭૪)

☆

# બે બોલ

(બીજી આવૃત્તિ)

'વધસ્તંભની વાટે'ની પહેલી આવૃત્તિ દશ જ દિવસમાં ખલાસ થઈ ગઈ. અને માગણી વધતી જ ચાલી. એટલે આ બીજી આવૃત્તિની જરૂર પડી. એને સુધારાવધારા, આઠ વધુ પૃષ્ઠ, વધુ માહિતી, (તેમ જ આનંદ અને સંતોષ સહિત) રજૂ કરવા રજા લઉં છું.

# બે બોલ

( ત્રીજી આવૃત્તિ )

વધતી માગને પહોંચવા આ ત્રીજી આવૃત્તિ. એને વધુ સુધારાવધારા, બીજાં આઠ વધુ પૃષ્ઠ, વધુ માહિતી, અને નવી સજાવટ સહ, સહુની સેવામાં ધરું છું.

★

# બે બોલ

( ચોથી આવૃત્તિ )

'એવરી હોમ ક્રૂસેડ'ની માગણીથી

વધુ પૃષ્ઠ, વધુ માહિતી ભરી

દશ હજાર નકલ વાળી આ ચોથી આવૃત્તિ.

પુસ્તકની વધુ માગ અને વધતી લોકપ્રિયતા માટે આભારી છું.

( ઈસ્ટર : એપ્રિલ ૧૮,૧૯૭૬ )

★

( અંદર ચિત્ર રૂપે આપેલી ક્રૂસની જુદી જુદી સંજ્ઞાઓના વર્ણન માટે જુઓ પાછળ પરિશિષ્ટ )

# હે પ્રભુ, આટલી જ અમારી અરજ :

તમારા ક્રૂસથી હું કદીયે દૂર ન જાઉં, તમારા ક્રૂસથી કદીયે ઊંચે ન બઢું. તમારા ક્રૂસ આગળ જગતનાં સૌ મૂલ્યવાન વાનાં મારે મન કચરાસમ બની જાય છે, અને અહીં જ સંસારના કડવા ઘૂંટડા મધુતમ બની રહે છે.

તમારા ક્રૂસ આગળ અમને અમારાં પાપોનું ભાન થાય છે. એ અમારાં પાપોએ જ તમારી પીઠે ક્રૂસ મૂક્યો હતો ને ! વળી અહીં ક્રૂસે નીરખતાં તમારા ગજબ પ્રેમની જાણ પણ થાય છે. એ પ્રેમે જ અમારે માટે ક્રૂસ ખમ્યો !

અહીં તમારા ક્રૂસ આગળ અમે આનંદ કરતાં કરતાં સ્વાર્પણ ધરવાનું અને સેવા કરવાનું શીખીએ છીએ. સાચું જીવન જીવવા અમે અહીં જ પ્રેમ પામીએ છીએ; અને મૃત્યુને ભેટવા અહીં જ સાશ્વત શ્રદ્ધા સ્ફૂરે છે.

જીવનપંથે પ્રયાણ કરતાં કરતાં તમારા ક્રૂસને જ અમે હૈયાના ભીતરી ભાગમાં ભંડારી રાખીએ છીએ, કારણ, અહીં જ અમારી પહેલવહેલી આશાનાં પગરણ મંડાયાં. તેમ જ તમારા ક્રૂસ દ્વારા શુદ્ધ અને શ્વેત બનેલાં અને પરમ મુક્તિ પામેલાં અમે, કોટાનકોટી સ્વર્ગધામીઓ સાથે, અમારા આકાશી મુગટો તમારા ચરણોમાં ધરી દઈશું ત્યારે અમારી આખરી આકાંક્ષાઓ પણ અહીં ક્રૂસ આગળ જ અટકાવાની.

(ઈલિઝાબેથ રન્ડલ ચાર્લ્સના 'નેવર હાયર ધેન ધાય ક્રોસ' કાવ્ય પરથી)




પ્રભુ ઈસુના સમયનો પેલેસ્ટાઇન પ્રદેશ

# નકશા નં. ૧ની સમજૂતી

મહાન હેરોદના મૃત્યુ (ઈ. સ. પૂર્વે ૪) પછી એના રાજ્યના ચાર ભાગ થયા, અને તેના નીચે પ્રમાણે ચાર શાશક બન્યા :

૧. **આર્ખેલાઉસ**ની સત્તા નં. ૧ અને ૨ ઉપર એટલે કે યહૂદિયા અને સમરૂન પર.

૨. **આન્તીપાસ** (હેરોદ તેત્રાર્ખ) ની સત્તા નં. ૩ અને ૫ એટલે ગાલીલ અને પેરિયા પર.

૩. **ફિલિપ**ની સત્તા નં. ૯ પર.

૪. **લુસાનિયસ**ની સત્તા નં. ૧૩ એટલે કે આબિલેને પર.

આ ઉપરાંત નીચે મુજબની નાની સત્તાઓ તે વખતે અસ્તિત્વમાં હતી.

સાલોમીના હિસ્સે નં. ૮ અને ૧૨ હતાં. સાલોમી હેરોદની બહેન હતી. એ મુલકો સાલોમી પછી ઔગસ્તસની પત્ની લિવિયાના હાથમાં આવ્યા. અને તેના પછી રોમન શહેનશાહ તિબેરિયસના હાથમાં આવ્યા.

નં. ૪ દકાપોલિસ અને નં. ૭ આસ્કલોન સિરિયાના રોમન ગવર્નરની દેખરેખ નીચે સ્વતંત્ર મુલક રહ્યા.

નં. ૧૧ ફિનીકે (ફિનિશ્યા) સિરિયાના રોમન પ્રાન્ત તરીકે.

આર્ખેલાઉસને રોમન સત્તાએ ઈ. સ. ૬ માં પદભ્રષ્ટ કર્યો એ પછી એનો મુલક નં. ૧ અને ૨ (યહૂદિયા અને સમરૂન) રોમન સામ્રાજ્યમાં જોડી દેવાયો. રોમન હાકેમો (ગવર્નરો) એ મુલકો પર સત્તા ચલાવતા હતા, જેમાં પોંતિયસ પિલાત અનુક્રમે છઠ્ઠો હાકેમ હતો.

# વધસ્તંભની વાટે

## દુઃખમય માનવી જીવન

**મા**નવીનું જીવન યાતનાઓથી ભરપૂર ભરેલું છે. જીવનના ઝંઝાવાતો, જીવનનો સંઘર્ષ, સંસારનો ભય, ખેંચ, ચાપ, ઈચ્છેલી વસ્તુઓની અપ્રાપ્તિ કે કમપ્રાપ્તિ, તુચ્છકાર, તિરસ્કાર, બહિષ્કાર, માંદગી, રોગ, જરા, મૃત્યુ, એવાં એવાં પારાવાર દુઃખોના વંટોળિયામાં પોતે સતત ફંગોળાયા કરતો હોય એવું તેને લાગે છે.

પોતાનાં દુઃખ એને પીડે છે, અને આપ્તજનોનાં પણ. આપ્તજનોમાં કોઈ વાર કુટુંબીજનોનો સમાવેશ થાય છે, તો કોઈ વાર મિત્રમંડળનો, અને ધર્મમંડળનોય, અને કોઈ વાર સમાજનોયે થાય, અને દેશનો પણ થાય. પરિસ્થિતિ પ્રમાણે એ બધાંનાં દુઃખો પણ તેને પીડે છે.

બીજા એક પ્રકારની યાતના પણ માનવીને સતત પીડતી રહે છે. એ યાતનાનું મૂળ કે ખરું કારણ શું છે એની માનવીને મોટે ભાગે ખબર પડતી નથી. ઘણી વાર ખભા અને હાથમાં તીક્ષ્ણ દુખાવો થાય. આપણે માનીએ કે ખભા અને હાથમાં કંઈક નુકશાન થયું અથવા રોગ પેઠો. પણ દાક્તર જ પારખે કે ખભા કે હાથમાં ઉપડતી આ વેદના તો હૃદયરોગની સૂચક છે. કેન્સરમાં પણ દરદી કેન્સરનો જીવલેણ રોગ થયો છે એમ સ્વીકારવાને બદલે, મને તો આ દરદ થયું છે કે પેલું દરદ થયું છે, અને આમ દવા કરીશ કે તેમ ઈલાજ કરીશ એટલે મટી જશે, એવી ભ્રામક

આશાઓની ભ્રમણામાં અટવાયા કરે છે. એમ જ માનવીને સતત પીડતી આ એક આંતરિક યાતનાના મૂળની માનવીને સમજણ પડતી નથી, અને એનાં બીજાં બીજાં મૂળ તથા કારણો તે કલ્પી કાઢે છે.

એ યાતના છે આત્માના અજંપાની. માણસનો અંતરાત્મા ઊંડે ઊંડે કંઈક ઝંખે છે, પણ એ એને પ્રાપ્ત થતું નથી. માણસ ઇચ્છે છે કંઈક, અને કરી બેસે છે બીજું જ કંઈક. દુર્યોધને સાચું જ કહ્યું છે: "જાનામિ ધર્મમ્ ન ચ મેવ પ્રવૃત્તિ: જાનામિ અધર્મમ્ ન ચ મેવ નિવૃતિ:" (ધર્મ શું છે એ હું જાણું છું, પણ તેને આચરણમાં મૂકી શકતો નથી. અને અધર્મ શું છે તેયે હું જાણું છું, પણ તેનો ત્યાગ કરી શકતો નથી.) બાઇબલમાં સંત પાઉલ એવું જ લખે છે: "જે સારું હું ઇચ્છું છું તે હું કરતો નથી, પણ જે ભૂંડું હું ઇચ્છતો નથી તે હું કર્યા કરું છું !....હું કેવો દુર્ભાગી માણસ છું ! (બાઇબલ : રોમન ૭:૨૦).

T

૧

પુરાણા સમયના રોમન કવિ ઓવિદનો પણ એ જ અનુભવ છે. એ લખે છે: "મારે જે પર ચાલવું જોઇએ એવો એક માર્ગ મને દેખાય છે, પરંતુ એ પર હું ચાલી શકતો નથી. જે ઉપર મારે ન ચાલવું જોઇએ એવો બીજો માર્ગ પણ મને દેખાય છે. પણ કોણ જાણે કેમ, તેની ઉપર જ હું ચાલ્યે જાઉં છું !" ગુજરાતના કવિશ્રી કરસનદાસ માણેકે પણ પોતાના કાવ્ય "એક સપનું મુજ ખોવાઈ ગયું" માં આવું જ લખ્યું છે:

કોઈ શત શત યુગથી નીકળ્યા'તા  
નન્દનની શોધ મહીં યાત્રી,  
અહીં અનાયાસ રમતાં રમતાં  
દોજખ જેને શોધાઈ ગયું !

મુંગાવ્રત છોડીશ ત્યારે હું
આશિષ જગત પે ઉતારીશ–
મનમાં તો એ નિર્ણીત હતું–
પણ શાપ–વચન બોલાઈ ગયું !

હું ઝેર હૃદયનું હોઠ પરે
રમતા સ્મિતથી સંતાડી દઉં,–
સંકલ્પ હતો, પણ આંધી ઊઠી
ને ઢાંકણિયું ખોલાઈ ગયું !

સમજાતું નથી ! સાચું કહું છું !
આ માનવનું મન કે પારો,
જ્યાં હોમવું'તું નિજનું મસ્તક
ત્યાં પરનું શેં હોમાઈ ગયું ?

અમેરિકાના લિંકન (નિબ્રાસ્કા)ના 'બ્રોડવે' પર વાગતી એક રેકર્ડમાં કોઈ છોકરી એવું જ ગાતી હતી, "હાવ કેન આઈ બી વ્હોટ આઈ એયંટ ?" **(How can I be what I ain't ?)** "હું જે નથી તે હું કેવી રીતે બની શકું ? જે મારા સ્વભાવમાં નથી તે હું કેવી રીતે કરી શકું ? પરીક્ષણ આવે ત્યારે સામે ઝઝૂમવાનું મન મારામાં રહેતું નથી; હું લપસી જ પડું છું." દર જમાનામાં હરેક માનવીની આ જ બૂમ છે. માનવમાત્રનો સ્વભાવ પતિત થયેલો હોઈને એની વૃત્તિ પાપ તરફ જ ઢળેલી-વળેલી રહે છે.

અને આ અનુભવ કોને નથી થયો ? આત્માનું પતન એ જ માનવીના આ અજંપા અને આંતરિક વિભાજિતપણાનું એકમાત્ર કારણ છે. પણ માનવી એ સમજી શકતો નથી, અને સતત અજંપો અનુભવ્યા કરે છે. માનવી પોતે પાપી છે, એની વૃત્તિ પાપને વરેલી છે, એનું ભાન માણસને નથી. માત્ર તે આંતરિક અજંપો ઉરના એકાંતમાં રાતદિન અનુભવ્યા

કરે છે. અને અંદરના એ અજંપાને ચૂપ કરવા માટે માનવી બાહ્ય અને ભૌતિક વાનાંમાંથી આનંદ મેળવવા અનેક મથામણો અને પ્રવૃત્તિઓ આદરે છે. પણ એ મૃગજળ પાછળ સતત દોડતા રહ્યા પછી એની આંતરિક તરસ, નિરાશા, અજંપો અને વેદના વધતાં જ જાય છે, ભલે માનવીને એની સમજણ પડતી ન હોય.

## માનવીના દુઃખમાં ઈશ્વર ભાગ લે ખરો ?


આ દુઃખી માનવજાતમાં ઈશ્વરને કંઈ રસ છે કે કેમ ? માણસનાં દુઃખ જોઈને તે દુઃખની લાગણી અનુભવે છે કે કેમ ? ઈશ્વર માનવીનાં બધાં કષ્ટો, દિલદર્દો અને વેદનાઓ જુએ છે ખરો, પણ એ માટે એને કોઈ લાગણી થાય છે કે કેમ ? કે પછી એમાં ઈશ્વરને કોઈ નિસ્બત જ નથી ?

[૧] ભારતનાં દર્શનશાસ્ત્રો અને ઉપનિષદો આ પ્રશ્નને જુદી જુદી રીતે છણે છે. અને એ મંથનોનો પડઘો ઊઠે છે: ઈશ્વર સગુણ છે કે નિર્ગુણ ?

વેદાંતધર્મ જવાબ વાળે છે : ઈશ્વર તો સત્‌, ચિત્‌ અને આનંદ (સચ્ચિદાનંદ) છે. એવો બ્રહ્મ સુખ કે દુઃખની કોઈ પ્રકારની લાગણી અનુભવી શકે નહિ. બ્રહ્મ તો અનુભવ અને લાગણીથી પર છે. વેદાંતના સમર્થ મીમાંસક શ્રીમદ્‌ શંકરાચાર્ય કહે છે, બ્રહ્મમાં કોઈ અતૃપ્ત અભિલાષા નથી, એટલે તેનામાં કોઈ પણ પ્રકારની લાગણીનો તરંગ ઊઠતો નથી. છલોછલ ભર્યા સરોવરમાં કોઈ તરંગો ઊઠતા નથી, તેમ જ સંપૂર્ણ સચ્ચિદાનંદ બ્રહ્મમાં લાગણી કે ભાવનાનો કોઈ તરંગ ઊઠતો નથી.

એવા ઊર્મિરહિત બ્રહ્મને માનવીનાં સુખદુઃખમાં કંઈ જ રસ નથી કે નિસ્બત નથી. ઊલટું, વેદાંત તો શીખવે છે કે સંસાર માત્ર સત્ય નથી પણ માયા છે. માનવી હસ્તી ધરાવતો નથી, અને સુખદુઃખની પણ હયાતી નથી.

## નવા કરારના સમયનું યરૂશાલેમ શહેર
ઇ.સ. પૂર્વે ૨૦ થી ઇ.સ. ૭૦



નીતિ–અનીતિ કંઈ જ નથી. પાપ–પુણ્ય પણ નથી, અને એનો બદલો પણ નથી. સ્વર્ગ નથી અને નર્ક પણ નથી. એ બધું સત્યને ઢાંકી દેનું માયા–અજ્ઞાનનું આવરણ છે. પણ પાપને અને તેથી પરિણમતા દુ:ખને માયા નામ આપી ઢાંકપિછોડો કરવો એ ભીંત ભૂલ્યા બરાબર છે. જંગલને માર્ગે જતાં સામો વાઘ મળે, ને આપણી ઉપર તરાપ ટાંપતો હોય, ત્યારે એ તો માત્ર માયા છે,–વાઘ નથી. એમ મન સંતોષવાથી પરિણામ શું આવે એ સમજી શકાય તેમ છે. માયાનો ઢાંકપિછોડો એવો જ ખતરનાક છે.

આ વિસમી સદીનું માનસશાસ્ત્ર પણ એવા જ ઢાંકપિછોડા ધરે છે. કેટલાક ઉપરછલા માનસશાસ્ત્રીઓ નૈતિક અધ:પતનને હળવાં હળવાં નામ આપી પાપના કાતિલ ડંખને સંતાડી દે છે. પાપી સ્થિતિને તેઓ 'ન્યુરોસીસ,' 'કોમ્પ્લેક્સીઝ,' 'વિભાજિત વ્યક્તિત્વ' (ડીવાયડેડ પરસનાલીટી), 'ગુરુગ્રંથી,' (સુપિરિઓરીટી કોમ્પ્લેક્સ), 'લઘુગ્રંથી' (ઈન્ફીરિયોરીટી કોમપ્લેક્સ) એવાં એવાં નામ આપે છે. પણ ન્યુમોનિયાને માત્ર શરદી નામ આપવાથી ન્યુમોનિયાનું ખતરનાક પરિણામ ઓછું થાય ખરું ?

[૨] 'કર્મ અને જન્માંતર'ના સિદ્ધાંતનું શિક્ષણ પણ કંઈક અંશે એવું જ છે. માણસે કરેલાં કર્મનું ફળ તેણે પોતે અટલ ભોગવવું જ રહ્યું,–આ જન્મમાં, કે આવતા જન્મમાં, કે એના પછીના જન્મોમાં. એનાં પાપ–પુણ્યોનાં કર્મનું ફળ ભોગવવા અન્ય કોઈ ભાગીદાર બની શકે નહિ. એણે, એણે, અને એણે એકલાએ જ એ ભોગવવું રહ્યું. કર્મફળના બંધનમાંથી એને અન્ય કોઈ છોડાવી શકે જ નહિ,–માણસેય નહિ, અને ઈશ્વર પણ નહિ. આ શિક્ષણ પ્રમાણે ઈશ્વર માણસનાં દુ:ખોમાં દુ:ખી થતો નથી, કે એનાં સુખોમાં પ્રસન્ન થતો નથી. મતલબ કે ઈશ્વર માનવીના જીવનમાં સંડોવાતો જ નથી.

[૩] પરમાત્મા અને જીવાત્મા – ઈશ્વર અને માણસ – અલગ અલગ છે એવું શીખવનાર દ્વૈતવાદ જરા જુદો સૂર કાઢે છે. એ કહે છે: ઈશ્વર

સગુણ છે; ભક્તની ભક્તિથી ઈશ્વર પ્રસન્ન થાય છે. ઈશ્વર વર (વરદાન) આપે છે, ભક્તના જીવનમાં તે રસ ધરાવે છે. પણ તે માણસનાં દુઃખોમાં દુઃખી થઈને પોતે માણસના જીવનમાં સંડોવાય, એનાં દુઃખો ઉઠાવે, એ અસંભવિત છે.


તત્વજ્ઞાન અને દર્શનશાસ્ત્રો મનન કરી કરીને મેળવેલા ઊંડા જ્ઞાનના મહાસાગરો છે એ વાત તદ્દન ખરી, પણ માનવ ઇતિહાસમાં ઈશ્વરે માણસજાત માટે કંઈ કર્યુ છે કે નહિ, એ વિષે ત્યાં શબ્દ સરખોયે નથી. માણસના દુઃખમાં ઈશ્વર દુઃખી થયો હોય, એમાં પોતાને સંડોવ્યો હોય એવું એકાદ વાકય પણ એ દર્શનશાસ્ત્રોમાં કયાંયે નોંધેલું નથી. માણસનાં દુઃખ ઉઠાવતો હોય, માણસને બદલે વેઠતો હોય એવા ઈશ્વરને એમાં ચિતર્યો નથી.

[૪] બૌદ્ધ ધર્મ પણ માણસના ઉદ્ધારમાં વચ્ચે ઈશ્વરને સંડોવતો જ નથી. દુઃખનું કારણ 'અજ્ઞાન' અને ઇચ્છા જ છે, અને આ બે અનિષ્ટોમાંથી મુક્ત થઈ જવામાં જ 'નિર્વાણ' સમાયેલું છે, એવું તે શીખવે છે. અને માણસે જાતે જ આ નિર્વાણ મેળવી લેવાનું છે. ઈશ્વરને એમાં સ્થાન જ નથી. બૌદ્ધમાર્ગી ચિંતનમાં ઈશ્વરને કયાંયે દર્શાવ્યો નથી અને માણસના જીવનમાં સંડોવાયેલો કે રસ લેતો બતાવ્યો નથી.

[૫] 'અલ્લાહો અકબર' – ઈશ્વર મહાન છે, એવું ઇસ્લામી માન્યતામાં શીખવવામાં આવે છે. અલ્લા સર્વનું મહાન 'કારણ' છે; પોતાની ઇચ્છા પ્રમાણે તે સર્વ પર શાસન કરનાર ન્યાયાધીશ છે! તે પોતાની આપખુદ ઇચ્છા પ્રમાણે પ્રત્યેક માનવીના હકકમાં કરે છે. કોઈ તેને 'હા' કે 'ના' કહી શકે નહિ. હા, અલ્લા રહેમાળુ છે એવું ધર્મના વિશ્વાસનામામાં કહ્યું છે. કોઈ ચક્રવર્તિ રાજાધિરાજ પેઠે તે ચાહે તેની ઉપર રહેમ રાખે છે, અને ચાહે તેને દંડ દે છે.

પણ શું આ અલ્લા પોતે બનાવેલા જીવોના હકકમાં દુ:ખ ઉઠાવે ? બિલકુલ નહિ. એવો પ્રશ્ન કરવો એ જ ઈશ્વરનિંદા સમાન છે, ઈશ્વર દુ:ખ ઉઠાવી શકે જ નહિ. એટલે તો ઈસા આલેસલામ વધસ્તંભે મર્યા જ નહોતા એવું તેઓ કહે છે. જેમ ગ્રીકોને તેમ તેમને પણ ક્રૂસની વાત મૂર્ખતારૂપ લાગે છે. ઈશ્વર દુ:ખ ભોગવી શકે જ નહિ, મૃત્યુ સહે જ નહિ, માણસોનાં સુખદુ:ખમાં તે સંડોવાઈ શકે જ નહિ. કુરાને શરીફમાં અલ્લાના ૯૯ ગુણ ગણાવ્યા છે, પણ એમાં પ્રેમનો ગુણ સમાવેલો નથી. કારણ, પ્રેમ તો અન્યના સુખદુ:ખમાં સંડોવાયા વગર રહી શકે જ નહિ.

[૬] નસિબવાદ, પ્રારબ્ધવાદ કે કિસ્મતવાદ કહે છે કે ઈશ્વર સૃષ્ટિનો સૃજનહાર ખરો, પણ હવે એની પોતાની સૃષ્ટિ સાથે એને કંઈ સંબંધ નથી. એણે સૃષ્ટિ સરજીને એનાં ચક્કરો ગતિમાન કરી દીધાં છે. સૃષ્ટિ હવે એ યોજાયેલાં ચક્કરો નિર્માણિત યોજના પ્રમાણે જ ચાલ્યા કરે છે. ઈશ્વર હવે એમાં રસ લેતો નથી, સંડોવાતો નથી, કે કોઈ દરમિયાનગીરી કરતો નથી. ઘડિયાળીએ ઘડિયાળ બનાવ્યું, અને ચક્કરોને ગતિમાન કર્યાં– કોઈને આમ ફરતાં અને કોઈને તેમ ફરતાં બનાવ્યાં. હવે એ ઘડિયાળ સાથે કાંઈ સંબંધ ધરાવતો નથી. એમ જ પેલામાંનાં કોઈ ચક્કર ઊલટી દિશામાં ફરવા ઇચ્છી શકે નહિ, કે ફરી શકે પણ નહિ. એમ જ, વિધિએ નસિબમાં, કિસ્મતમાં નોંધ્યું–ઠરાવ્યું હોય એમ જ બધું ચાલ્યા કરે. આ જડ યંત્રવાદમાં માણસ માત્ર એક યંત્ર બની રહે છે, અને ઈશ્વર માણસના સુખદુ:ખથી નિરાળો, અલિપ્ત રહે છે, જેમ ઘડિયાળી ઘડિયાળથી અલિપ્ત છે તેમ.



૨

[૭] આજનો જડવાદ અને ઉત્ક્રાંતિવાદ ન તો ઈશ્વરમાં માને છે, ન તો આત્મામાં માને છે. પાપ કે પુણ્યકર્મો જેવું કંઈ છે જ નહિ.

માણસ થોડી વાર માટે આ દુનિયામાં હયાત છે, અને પછી તે કુદરતનાં તત્ત્વોમાં ભળી જશે, અને એનું અસ્તિત્વ કાયમ માટે લોપ થશે. મૃત્યુ એ જ એનો આખરી છેડો છે.

[૯] આ બધાથી ઊલટું, બાઇબલમાં ઈશ્વરને શરૂઆતથી માંડીને માનવ્-જાતમાં રસ લેતો અને પોતાને સંડોવતો વર્ણવ્યો છે. સ્વયંભુ ઈશ્વર સૃષ્ટિનો સર્જનહાર છે; માનવીનો બનાવનાર પણ તે જ છે. પણ તેથી આગળ વધીને એ ઈશ્વર માણસના જીવનમાં રસ લેતો આવ્યો છે, માણસના જીવનમાં એના સુખદુ:ખમાં પોતાને સંડોવતો આવ્યો છે. બાઇબલમાં જૂનો કરાર જણાવે છે: "તેમનાં સર્વ દુ:ખમાં તે (ઈશ્વર) દુ:ખી થયો" (બાઇબલ : યશાયા ૬૩:૯). વળી જૂના કરારમાં ઈશ્વર ઇઝરાયેલ પ્રજાને સંબોધતાં કહે છે: "ખરું જોતાં તેં મારા પર તારાં પાપનો બોજો મૂકયો છે" (બાઇબલ: યશાયા ૪૩:૨૪). દુનિયાની જે દુર્દશા છે, તે જોઈને સાચો પ્રેમ દુ:ખી થાય જ થાય.

## બાઇબલમાં ઈશ્વરનું પ્રકટીકરણ

બાઇબલ એ ઈશ્વરનું પોતાનું પ્રકટીકરણ છે. પાપી અને દુ:ખી માનવ-જાતને મુક્તિ બક્ષવા ઈશ્વરે પોતે પોતાને પ્રગટ કર્યો. ઈશ્વરની શોધ કરતી; ઝંખતી માનવજાતને ઈશ્વરે પોતે પોતાની ઓળખ આપી. માનવજાતે ફંફોશી ફંફોશીને ઈશ્વરને શોધી કાઢયો, એમ તો નહિ, પણ ઝંખતી-ઢૂંઢતી માનવજાતને ઈશ્વરે પોતે પોતાની ઓળખ આપી. બાઇબલ ઈશ્વરે આપેલી આ ક્રમશ: ઓળખનો ઇતિહાસ છે. અને સમયની સંપૂર્ણતાએ ઈશ્વરે પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં પોતાની પૂરી ઓળખ આપી દીધી. વધસ્તંભમાં તો ઈશ્વરના જાણે કે ખુલ્લા હૃદયને આપણે જોઈ-ઓળખી લીધું. ઈશ્વરના સનાતન હૈયામાં માણસ માટે કેવી લાગણીઓ અને ભાવનાઓ હતી તે આપણે વધસ્તંભે જોઈ શકયા !

"ઈશ્વરે જગત ઉપર એટલો પ્રેમ કર્યો કે તેણે પોતાનો એકમાત્ર પુત્ર આપી દીધો, એ માટે કે જે કોઈ તેના ઉપર શ્રદ્ધા લાવે તેનો નાશ ન થાય, પણ તે શાશ્વતજીવન પામે."

(બાઇબલ : યોહાન ૩:૧૬)

## ઈશ્વર સદેહ થયા

પાપ અને અનિષ્ઠે આપણા ઉપર એવી તો સત્તા જમાવી છે કે આપણે તેમાંથી ચસકવા તદ્દન અશકિતમાન છીએ. આપણું જીવન જાતે ખતરામાં છે. એવી આશાહીન દુર્દશામાં ન તો કોઈ ધર્મ–કર્મ કે ન તો કોઈ સદ્દ-વિચાર કામ લાગવાનો. આવે વખતે તો કોઈ મહા શકિતશાળી અને નિષ્કલંક વ્યક્તિ વચ્ચે પડીને અપૂર્વ કાર્ય વડે આપણી દશા પલટી નાખે એ જ જરૂરનું છે. અને એમ જ બન્યું. માનવજાતની આવી બિલકુલ અસાધ્ય દુર્દશામાં ખુદ ઈશ્વરે જાતે દરમિયાનગીરી કરી, અને મુક્તિના મહાકાર્ય દ્વારા માનવીની દુરાવસ્થાને જળમૂળથી પલટી નાખી.

ઈતિહાસની એક પરમ ઘડીએ ઈશ્વર આ અવનીમાં અવતર્યો, માનવ-દેહધારી બન્યો અને માણસને પાપના બોજમાંથી તથા પાપના સામ્રાજ્ય-માંથી મુક્તિ આપવા વધસ્તંભે મર્યો. હા, માણસને પવિત્ર અને સાશ્વત જીવન આપવા ઈશ્વર પોતે ક્રૂસે લટકાઈ ગયો. એ જ બાઇબલનો શુભ-સંદેશ છે. બાઇબલ સદ્દવિચારો અને ધર્મસિદ્ધાંતોનો માત્ર શુભસંગ્રહ નથી, પરંતુ મુક્તિના એક અજોડ મહાકાર્યની વધામણીની વાત છે, શુભ સમાચાર છે, ખુશ ખબર છે. એટલે જ ખ્રિસ્તી સંદેશો કોઈ તત્વજ્ઞાનની આસપાસ વણાયેલી વાત નહિ, પણ જીવંત વ્યક્તિના એટલે કે દેહધારી ઈશ્વરના અપૂર્વ બલિદાનની આસપાસ– વધસ્તંભની આસપાસ– કેન્દ્રિત એવો શુભ સંદેશ છે. બાઇબલને પાને પાને આ જ શુભ સંદેશ છે. માણસજાતના ઈતિહાસમાં ઈશ્વરે દરમિયાનગીરી કે અંતરાગમન કર્યું.

## ઈશ્વર માનવી જીવનમાં પોતાને સંડોવે છે

પશ્ચિમના દેશોમાં 'રોબોટ' નામનું યંત્ર બનાવવામાં આવે છે. એને મનુષ્યના આકારનું બનાવાય છે. આ યંત્ર માણસની જેમ પ્રશ્નોના જવાબ આપે છે, ગણિતના દાખલા ગણે છે, કહો તો કવિતા પણ બનાવી શકે છે. માણસના જેવી ઘણી બધી કામગીરી આ 'રોબોટ' બજાવી શકે છે. પણ શું કોઈ યુવતી આવા યંત્ર–માનવ 'રોબોટ'ની સાથે પ્રેમમાં પડે ખરી ? ના, કદીયે નહિ. કેમ ? કારણ, યુવતીના ધબકતા હૈયા જેવું હૈયું આ યંત્ર–માનવને નથી. યુવતીના પ્રેમના પરછંદા ઝીલી શકે એવું આ યંત્રને હૈયું ક્યાં છે ? યુવતીના સુખમાં કે દુ:ખમાં ધબકી ઊઠે એવું હૃદય એને ક્યાં છે? પ્રેમ તો એક તારે ધબકતા હૃદય વચ્ચે જ હોય.

જો ઈશ્વર માનવીનાં સુખદુ:ખમાં લાગણી નથી અનુભવતો, જો તે માનવજાતના જીવનમાં પોતાને નથી સંડોવતો, તો એવા ઈશ્વરને કોણ પોતાનું જીવન સમર્પે ? એની સાથે કોણ પ્રેમમાં પડે ? પણ ઈશ્વર કંઈ રોબોટ જેવો યન્ત્રવત્ નથી. ઊલટું બાઇબલમાં તો ઈશ્વરને માનવીનાં સુખ-દુ:ખમાં ઊંડો રસ ધરાવતો, અને માનવજાતના જીવનમાં પોતાને સંડોવતો બતાવ્યો છે.


૩


૧૧

પ્રભુ ઈસુ પોતાનો જીવનહેતુ જણાવતાં કહે છે, "ખોવાયેલું શોધવા તથા તારવા સારુ મનુષ્યપુત્ર (પોતે) આવ્યો છે." (બાઈબલ : લૂક ૧૯:૧૦). એ સમજાવવા તેમણે ખોવાયેલી અધેલી, ખોવાયેલું ઘેટું, અને ખોવાયેલા દીકરાનાં દૃષ્ટાંત આપ્યાં.

દશમાંથી ખોવાયેલી એક અધેલીને શોધતી પેલી સ્ત્રીની માફક, હા, સોમાંથી ખોવાયેલા એક ઘેટાને શોધવા નીકળેલા ભરવાડની માફક, અને ભટકેલા પુત્રને ઝંખતા પિતાની માફક પ્રભુ ઈસુ પાપના બિયાબાંમાં ખોવાયેલાં માનવીને શોધવા અને મુક્તિ પમાડવા આવ્યા. આ કેવો અજાયબ શુભ-સંદેશ ! આ કેવી આનંદની વાત !

ખોવાયેલી અધેલી જડતાં એટલા પૂરતી પેલી સ્ત્રીની મિલકત વધી ગઈ ! ખોવાયેલા ઘેટાને શોધી લાવતાં ભરવાડનું એટલું પશુધન વધી ગયું ! ભટકેલા – ખોવાયેલા પુત્રને પાછો મેળવતાં પિતા લાભ્યો જ. પણ જે એક જ શબ્દથી હજારો સૃષ્ટિ બનાવી શકે, અને જેને કોઈ પ્રકારની કશી ખોટ નથી, એવો ઈશ્વર શા માટે માણસને ઝંખે ? શા માટે માણસને શોધવા અને બચાવવા તે નીકળે ? શા માટે માણસજાતને બદલે તે વધ-સ્તંભના કારુણ્યભર્યા મોતે મરે ? એ જ કારણે કે તે પોતે પ્રેમ છે. 'ઈશ્વર પ્રેમ છે' (બાઈબલ : ૧ યોહાન ૪:૮).

સારુંયે સ્વર્ગ અને આખુંયે વિશ્વ ઈશ્વરનાં જ છે. તોયે તેનું પ્રેમાળ હૈયું માનવને માટે ઝંખે છે. જાણે ભર્યાં ભર્યાં સ્વર્ગ, અને સુમાર વિનાનાં વિશ્વો ભટકેલા–ખોવાયેલા માણસને પાછો ઘેર લાવ્યા વગર ઈશ્વરને ઠાલાં ઠાલાં લાગતાં ન હોય ! અહા, આ પ્રેમ ! એટલે જ એદન બાગમાંની પેલી બૂમ: "આદમ, આદમ, તું ક્યાં છે ?" એ ગુનેગારને શોધી ધરપકડ કરવા નીકળેલા પોલિસ અફસર જેવી નહિ, પણ છાપામાં જાહેરખબરો આવે છે તેમ, નાસી ગયેલા પુત્રને ઝંખતા પિતાની વાણી જેવી છે, 'પુત્ર,

મારા પ્યારા પુત્ર, તું ક્યાં છે? તું જલદી પાછો ઘેર આવ.' અને ઈશ્વર પિતા ખોવાયેલા–ભટકેલા માનવીને શોધવા અને તારવા છેક કાલવરીની ટેકરી સુધી આવ્યા, તે પર લટકાઈ ગયા.

જાણે મા પોતાના તાવથી તરફડતા બાળકને છાતી સરસું ચાંપી દે, અને આંસુભરી આંખે બાળકના ખોવાયેલા મોં સામે જોઈ કહે, 'બેટા, મારા લાડકા દીકરા, તારું દુઃખ મારા પર આવી જાય તો કેવું સારું!' લાખ મથામણ અને હૈયાભર્યો પ્રેમ છતાં મા બાળકનું દુઃખ પોતાના પર લઈ શકતી નથી. પણ ઈશ્વરે તો વધસ્તંભે જાણે કે તમને અને મને, હા, આખી માનવજાતને પ્રેમથી છલકાતી છાતીએ ચાંપી દીધી, અને આપણો શાપ અને દંડ પોતાના પર લઈ લીધા!

અમેરિકી પ્રેસિડેન્ટ અબ્રાહામ લિંકને દેશને માટે અને નીગ્રોને માટે ઘણું ઘણું કર્યું હતું. એને કોઈએ ગોળીએ માર્યો. લિંકનના શબને ખાસ રેલવે ટ્રેઈનમાં દેશમાં ફેરવવામાં આવ્યું. એક રેલવે સ્ટેશને આ શબ–ટ્રેઈન થોભી અને શબને બહાર લાવવામાં આવ્યું, ત્યારે એક નીગ્રો માતા ભારે મેદનીમાં પોતાના બાળકને ઊંચું ધરે છે અને આંખમાં આંસુ સાથે કહે છે: "બેટા, જો, તારો તારણહાર!" અને ઓ તમે પાપની ગુલામીમાંથી છૂટકારો પામેલા બધા, જુઓ, વધસ્તંભે આ તમારો તારણહારો! આવો, એના ચરણે શીશ નમાવો.

## પાપ કેટલું ખતરનાક છે!

ક્રૂસમાં પાપનું પણ પ્રકટીકરણ થાય છે. જો માનવ ઈતિહાસમાં ક્રૂસ આવ્યો ન હોત, તો પાપ કેટલું ભયંકર છે એનો ખ્યાલ માણસને કદી આવ્યો ન હોત. આપણે પાપને હસી કાઢીએ છીએ, પાપને તદ્દન છીછરી રીતે જોઈએ છીએ. પણ પાપ કેવું કારમું છે, પાપ કેવું ભયાનક અને ખતરનાક છે એનું કંઈક ભાન આપણને વધસ્તંભમાં થાય છે.

સાથે જ ક્રૂસ પર લટકેલા પ્રભુ ઈસુ ખ્રિસ્તને જોવાથી જ માણસને ભાન થાય છે કે પાપનું બળ કેટલું ભયાનક તથા ખતરનાક છે! પાપને દૂર કરવા માટે અને પાપના પરિણામને મટાડી દેવા માટે ઈશ્વરને કેવો ભારે ભોગ આપવો પડયો! ઈશ્વરને એનું સર્વોત્તમ આપવું પડયું. ઈશ્વરે અજાયબ એવા આખાયે વિશ્વને માત્ર એક સામર્થ્યવાન શબ્દ વડે બનાવ્યું. પરંતુ માનવની મુક્તિ માટે ઈશ્વરને પોતાના પ્રિય અને એકમાત્ર પુત્રનો ભોગ આપવો પડયો! ઈશ્વરપુત્રને ક્રૂસના ઘૃણાજનક અને કારમા મોતે ચોર-ચંડાળની જેમ મરવું પડયું! પાપનું બળ અને તેની ભયાનકતા કેટલાં બધાં ખતરનાક કહેવાય!

કવિસમ્રાટ રવિન્દ્રનાથ ટાગોર પોતાના "ધી રીલીજિયન ઓફ મેનકાઈન્ડ" (માનવધર્મ) ના પૃષ્ઠ ૪૯, અને "સાધના"ના પૃષ્ઠ ૩૮, ૮૦ માં આ પ્રમાણે લખે છે:

સંસારમાં પાપ અને ભૂંડાઈને કારણે જે વિપ્લવ અને તાણાતાણી થઈ રહ્યાં છે, તે તો "પ્રેમરૂપી અગ્નિ પ્રગટયા પહેલાંનો ધુમાડો છે," આ વિશ્વ-ની જનન-પીડા છે, જે દ્વારા ભવિષ્યનું ચઢિયાતું જીવન જનમવા માંડયું છે. એ તો અનંતસિદ્ધિનો ક્રમ છે.

પણ કવિસમ્રાટની આ વિચારધારા વાસ્તવથી વેગળી છે, ક્યાંયે વેગળી છે. પાપ અને ભૂંડાઈમાંથી પ્રેમરૂપ અગ્નિ પ્રકટવાનો છે એ ભ્રામક, ખતર-નાક અને જૂઠો વિચાર છે. યુદ્ધો પર યુદ્ધો, વિશ્વની કથળતી સમાજ-વ્યવસ્થા, અને કડકભૂસ ભાંગતાં નીતિધોરણો બતાવે છે કે એ ધુમાડામાંથી પ્રેમરૂપ અગ્નિ તો નહિ, પણ વિશ્વને ભરખી જનાર આણુભંજનનો ખતર-નાક ધુમાડો અને પ્રચંડ પ્રલયકારી અગ્નિ ભભૂકી ઊઠી રહ્યો છે.

ખરેખર પાપ તો ખોટી દિશામાં ભરેલું પ્રાણઘાતક પગલું છે. પાપ તો ઈશ્વરની પ્રેમભરી પવિત્ર ઇચ્છાનો સામનો કરનાર અને તેના પ્રેમભર્યા હેતુઓને નિષ્ફળ બનાવનાર દુષ્ટ ઇચ્છાશક્તિની પ્રવૃત્તિમય ભૂંડાઈ છે.

આપણાં પાપ અને પાપમય જીવન ખુદ ઈશ્વરને ઊંડો આઘાત પહોંચાડે છે. અને તેના પ્રેમથી છલકાતા હૃદયને ઘાયલ કરે છે. ક્રૂસ એ એની અમર સાબિતી છે. જો કે આપણે પ્રાર્થના કરતાં હોઇએ કે 'તારું રાજ આવો,' પણ પાપ વડે આપણે શત્રુ શેતાનના રાજને જ વિસ્તારીએ છીએ. પ્રત્યેક પાપ એ ભૂંડાઇની સત્તા સાથેની પક્ષકારી જ છે. પાપ એ માત્ર અપ્રમાણિકપણું, દ્વેષ, હત્યા, ચોરી, સ્વાર્થ વગેરે જ નથી. પાપ તો એથીયે વધીને ઈશ્વર સામે વૈર, વિદ્રોહ અને બળવો છે. યહૂદા ભલે ઈસુની કોટે વળગેલો હોય અને ઈસુને ચૂંબન ચોડતો હોય! યહૂદાનો ગાલ અને ઈસુનો ગાલ ભલેને એકબીજાને સ્પર્શાતા હોય! પણ યહૂદા ઈસુની છાવણીમાં નથી; શેતાનની છાવણીમાં છે. અને તમે?

## પ્રભુ ઈસુ ગેથસેમાનેમાં કષ્ટાય છે

પાપ આવું ધૃણાજનક અને ખતરનાક છે, એટલે જ ગેથસેમાને બાગમાં છેલ્લી રાતે પ્રાર્થના કરતાં પ્રભુ ઈસુ એટલું બધું કષ્ટાય છે! પ્રભુ ઈસુ શિષ્યોને કહે છે: "મારો જીવ મરવા જેવો ઘણો શોકાતુર છે (બાઈબલ: માથ્થી ૨૬:૩૭, ૩૮). અહીં "ઘણો શોકાતુર" માટે અસલ ભાષા ગ્રીક-માં 'પેરીલુપોસ' શબ્દ વાપર્યો છે. એનો અર્થ થાય છે કે ભારે શોક કે યાતનાએ તેમને ચારેપાસથી ઘેરી લીધા છે. જેમ પાણીનાં મોજાં માણસની આસપાસ ફરી વળે, એમ ભયંકર શોકનાં મોજાં તેમના પગથી માથા સુધી સર્વત્ર ફરી વળ્યાં છે, જાણે કે શ્વાસ પણ ન લેવાય. 'હું શોકમાં ડૂબી ગયો છું' એમ કહીએ તો ચાલે. 'શુભ સંદેશ'માં એ શબ્દો આવી રીતે આપ્યા છે: 'મને એટલો બધો શોક થાય છે કે જાણે મારા પ્રાણ ચાલ્યા જશે." વળી અન્ય ઠેકાણે લખ્યું છે: "તેમણે (ઈસુએ) કષ્ટ સાથે વિશેષ આગ્રહથી



૪

પ્રાર્થના કરી; અને તેમનો પરસેવો ભોંય પર પડતાં લોહીનાં ટીપાં જેવો થયો" (બાઇબલ: લૂક ૨૨:૪૪). વળી "તેમના (ઈસુના) દેહધારીપણાના સમયમાં તેમને (ઈસુને) મરણથી છોડાવવાને જે શક્તિમાન હતો, તેની પાસે તેમણે ઊંચા અવાજે અને આંસુ સહિત પ્રાર્થના તથા કાલાવાલા કર્યા, અને તેમણે ઈશ્વરનો ડર રાખ્યો, માટે તેમની પ્રાર્થના સાંભળવામાં આવી" (બાઇબલ: હિબ્રૂ ઓને પત્ર ૫:૭).

## ગેથસેમાનેમાંના પ્યાલામાં શું હતું ?


આથેન્સના કારાવાસમાં સોક્રેટીસને ઝેરનો પ્યાલો ધરવામાં આવ્યો, અને સોક્રેટીસ શાંતિથી—કોઈ જાતના ઉચાટ વગર—એ ગટગટાવી ગયો ! કેવી ગર્વીલી શહીદી ! મેવાડના મહેલમાં મીરાંને રાણાએ ઝેરનો કટોરો ભરી દીધો. મીરાં જાણે રાણાના ગ્રીષ્મગૃહમાં મીઠા શરબતનો જામ પીતી હોય એમ ગટગટાવી ગઈ ! તો અહીં ગેથસેમાનેમાં ઈસુ મૃત્યુ પ્યાલો લેતાં કેમ કષ્ટાય છે ?—કેમ મરવા જેવા શોકાતુર બને છે ?

## ૧. પ્યાલામાં માનવજાતનાં પાપ હતાં

સોક્રેટીસના, મીરાંના, અને ઈસુના—એ ત્રણે પ્યાલામાં મોત હતું એ ખરૂં, પણ પિતાએ ઈસુને ધરેલા પ્યાલામાં તફાવત હતો. પોતાના આગામી મૃત્યુ વિષે બોલતાં પ્રભુ ઈસુ પોતે કહે છે: "નવા કરારનું એ મારું લોહી છે, જે પાપોની માફીને અર્થે ઘણાઓને માટે વહેવડાવવામાં આવે છે" (બાઇબલ : માથ્થી ૨૬:૨૮). એ પ્યાલામાં માણસોનાં પાપ ઘોળ્યાં હતાં. પયગંબર અગમવાણી દ્વારા સાચું જ કહે છે કે "આપણા અપરાધોને લીધે તે વીંધાયો, આપણાં પાપોને લીધે તે કચડાયો....ઈશ્વરે તેના પર આપણ સર્વનાં પાપનો ભાર મૂકયો છે....તેણે તો ઘણાંનાં પાપ માથે લીધાં" (બાઇબલ : યશાયા ૫૪:૫,૬,૧૨).

આદિ માતપિતા આદમ–હવાથી માંડીને જગતના સૌ લોકોનાં તમામ પાપ ઈસુએ વધસ્તંભે પોતા પર લીધાં. ગલાતીઓના ધર્મસંઘને પાઉલે લખેલા પત્ર પર ભાષ્ય લખતાં માર્ટીન લ્યુથર ઈસુને સંબોધીને લખે છે: ઓ ઈસુ, નકાર કરનાર પિતર તું થા; સતાવણી કરનારો પાઉલ તું બન. જાણે કે તેં જ નકાર કર્યો છે, જાણે કે તેં જ સતાવણી કરી છે, એવો તું થા. ટૂંકામાં સઘળી માનવજાતનાં સઘળાં પાપ જાણે તેં જ કર્યાં છે તેવો તું બન. જાણે કે તેં જ ખૂન કર્યું છે એમ ખૂનીનાં પાપ તું લે. જાણે તેં જ વ્યભિચાર કર્યો છે, તેં જ અદેખાઈ, ચોરી કર્યાં છે એમ તું વ્યભિચારીની, અદેખાની, ચોરની જગા લે. મારું એકેએક પાપ તેં જ કર્યું હોય એમ મારાં પાપ તું તારે શિરે લે.

અતિ પવિત્ર પ્રભુ માટે આ કેટલું ઘૃણાજનક! લાખોલાખ સૂર્યોના સમગ્ર તેજ કરતાં જેની પવિત્રાઈનાં તેજ–તાપ અદકાં છે, એવો પવિત્ર પ્રભુ બધાં માનવીનાં નરકશાં પાપ પોતાને માથે લેતાં કેમ ધ્રૂજી ન ઊઠે! પાપને જરાયે સાંખી ન લેનાર, પાપ સામે નજર સરખી પણ ન કરનાર એ પ્રભુ માનવીનાં પાપ પોતાને શિરે લેતાં કેમ મરવા જેવો શોકાતુર ન બને! બાઇબલમાં લખ્યું છે કે "જેણે પાપ જાણ્યું નહોતું તેને ઈશ્વરે આપણે માટે પાપ (રૂપ) કર્યો" (બાઇબલ : ૨ કોરિંથી ૫:૨૧). ગુજરાતીમાં 'પાપરૂપ' મૂક્યું છે, પણ ગ્રીક તથા અંગ્રેજીમાં માત્ર 'પાપ' છે. "....તેને પાપ કર્યો." માનવીઓનાં પાપ અને મુક્તિદાતા એકાકાર બની જાય! આ કેટલું ભયંકર! આ કેવી યાતના! રે મારા ભાઈ, રે મારી બહેન, આ ગહન દુઃખ, આ ગુહ્ય એકાકારીનો ખ્યાલ તને આવે છે? બધાં પત્તિયાં જનોનાં સડી-ગળી ગયેલાં અંગોએથી પતની બદબો ભરી રસી કાઢી કોઈ માણસ



૫

બુંદે બુંદ ગટગટાવી જાય એના કરતાંયે લોકોનાં પાપ પોતાના પર લેવાનું ઈશ્વર માટે અધિક ઘૃણાજનક હતું. એટલે જ પાપની કડવાસનો પ્યાલો લેતાં ઈસુ ધ્રૂજી ઊઠે છે.

ખેડા જિલ્લાનું એક ગામ છે. નાનું છે. બારૈયાની વસ્તીવાળું. આજથી લગભગ ચાલીસેક વર્ષ ઉપર ત્યાં એક ગમખ્વાર બનાવ બની ગયો. બારૈયાના એક કુટુંબમાં કુંવારી દીકરી પાપમાં પડી. બારૈયો ધુવાંપૂવાં થઈ ગયો. મારા ઘરમાં આવું પાપ ! કાળઝાળમાં એણે દીકરીને હણી નાખવા નિશ્ચય કર્યો. પણ બાપ પોતાની જ દીકરીને કેવી રીતે સંહારી શકે ? એટલે એ કામ એણે દીકરીના મામાને સોંપ્યું.

ઠરાવેલે દિવસે દીકરીને ભાવતાં ભોજન પીરસ્યાં, સુંદર શણગાર સજાવ્યો, અને વાજતે ગાજતે ગામની ભાગળે આવેલા તળાવને તીરે માતાની દેરીએ દીકરીને લઈ ગયા. દીકરી જાણતી હતી કે એની આખરી ઘડી આવી પહોંચી. એ શું રડી છે, રડી છે! અને મામાના પગોમાં પડી છે! પણ કંઈ ફાયદો નહિ. માતાની દેરી આવી: મામા બોલ્યા, "બેટા, માતાને પગે લાગો." દીકરીએ માતાને પાયે લાગવા શિર ઝૂકાવ્યું. અને મામાના ધારિયાએ દીકરીનું ડોકું ઉડાવી દીધું !

એક પાપી સ્વભાવવાળો આ માણસ પોતાની એકની એક દીકરીનું પાપ સાંખી શક્યો નહિ, અને એના પર ત્રાટકી પડ્યો. તો અતિ પવિત્ર અને પરમ શુદ્ધ ઈશ્વર પાપની સામે કેવી રીતે નજર કરી શકે ? – કેવી રીતે પાપને સાંખી શકે? અને આ તો દુનિયાનાં બધાં જ પાપ પોતાને શિરે લેવાનાં ! પોતે જ જાણે કે એ બધાં પાપ કરનારો છે એમ અવેજી બની જવાનું ! આ કેટલું ઘૃણાજનક ! કેટલું ભયંકર ! એટલે જ ઈસુ ગેથસેમાનેનો પ્યાલો લેતાં કમકમી ઊઠે છે, ધ્રૂજી ઊઠે છે !

## ૨. એ પ્યાલામાં પિતાથી ત્યજાવું હતું

આ પ્યાલામાં બીજું પણ કંઈક હતું. પરમ પિતાથી ત્યજાયેલા બનવાનું! પરમ પવિત્ર પરમેશ્વર પિતા પાપને સાંખી શકે જ નહિ,—પાપની સામે નજર પણ કરી શકે નહિ. પરમ પવિત્રતા અને શેતાનિયતને શો સંબંધ? પણ જુઓ તો ખરા, અહીં પ્રભુ ઈસુ પોતે ક્રૂસ પર આખી દુનિયાનાં પાપ પોતાને શિરે લઈ પાપમય બની જવાના છે! અને એટલે જ ઈશ્વર પિતાથી તે ત્યજાયેલા અને વિમુખ બનવાના છે! આ વિચાર તેમને મૃત્યુ કરતાંય કપરો લાગે છે, દારુણો લાગે છે.

પાપીમાં પાપી માણસને પણ ઈશ્વરે કદી તજી દીધો નથી. માણસ ઈશ્વરને ત્યાગે છે, પણ ઈશ્વર કોઈને કદી ત્યાગતો નથી. એથી ઊલટું, પ્રભુ ઈસુએ કોઈ કાળે પણ ઈશ્વર પિતાની સંગત છોડી નથી. પિતાની સંગતમાંથી પળ વારેય અળગા બનવું એ ઈસુને કારમું લાગે. આખા દિવસના કપરા શ્રમ પછી પણ તેઓ રાતોની રાત પહાડો પર એકાંતમાં પિતાની સંગત સેવતા હતા. પિતાની સંગત એમને મન જીવન કરતાંયે અધિક હતી. પોતે પાપો લઈને ક્રૂસે ચડશે, ત્યારે શું પિતા પોતાનું મુખ અવળું ફેરવી લેશે? કેવો મહા શોક ભર્યો વિચાર!

પણ એમ જ બન્યું ને! તમારાં અને મારાં પાપો લઈને હા, પાપરૂપ બનીને, પ્રભુ ઈસુ ક્રૂસે ચડયા, એ જ ટાણે પિતાએ પોતાનું મુખ અવળું ફેરવી લીધું. એટલે તો ઈસુ પારાવાર માનસિક વેદનામાં પોકારી ઊઠે છે, "મારા દેવ, મારા દેવ, તેં મને કેમ ત્યજી દીધો છે?" "આ મારો પ્રિય પુત્ર છે," શું એવું પિતાએ અગાઉ નહોતું કહ્યું? તો આ લાડીલો પુત્ર જ પિતાથી ત્યજાય? ગેથસેમાનેના પ્યાલામાં આ કારમી વેદના પણ ભરેલી હતી!

## ગેથસેમાનેમાં લોહીનાં ટીપાં

આ કેટલી વેદના! પરસેવા વાટે લોહી ઝર્યું! શરીરશાસ્ત્ર અને માનસશાસ્ત્રની ભાષામાં આ તો પારાવાર મનોવેદના અને માનવ મનથી ખમી શકાય તે કરતાં અધિક ત્રાસનું આ પરિણામ હોય. હાય, મારા પ્રભુ, મારાં પાપોને કારણે તમને આવું કષ્ટ! શરમીંદુ મારું મુખ હું બીજે ક્યાં સંતાડું? સિવાય કે તમારા ક્રૂસની ઓથમાં,– જેમ માના પ્રેમની સામે ઊઠેલું બાળક પાછું રડતું રડતું માની સોડે સંતાય તેમ.

વૈદકીય ઈતિહાસમાં આવા લોહીભર્યા પરસેવાના કિસ્સા નોંધેલા છે. એને વૈદકીય ભાષામાં 'હેમાતીડ્રોસીસ' કહે છે. લાંબી શારીરિક નબળાઈ, તીવ્ર માનસિક યાતના અને મૃત્યુના ઘેરા ઓળા નીચે ક્વચિત માણસોને પરસેવા વાટે જરાતરા લોહી ઝર્યું હોય એવા કિસ્સા નોંધાયેલા છે. સામાન્ય રીતે તો એવા ઘેરા શોકમાં માણસ બેભાન બની જાય છે અને શોકની પરમ માત્રા અનુભવતો નથી. એવી ઘડીએ બેભાનપણું એ ઈશ્વરનો આશીર્વાદ છે. પણ માણસ બેભાન ન બને તો 'હેમાતીડ્રોસીસ' શકય બને. પણ ઈસુનો કિસ્સો અનોખો છે. તે સશક્ત અને પૂર્ણ તંદુરસ્ત હતા. મોતથી પણ ડરતા નહોતા. શું તેમણે ચકમક ખડકની જેમ યરૂશાલેમ જવા પોતાનું મુખ દૃઢ રાખ્યું નહોતું?

અહીં 'ટીપાં' માટે મૂળ ગ્રીક ભાષામાં 'થ્રોમ્બોસ' શબ્દ વાપર્યો છે (બાઈબલ: લૂક ૨૨:૪૪). વૈદકીય વિજ્ઞાન પ્રમાણે લોહીની વિકૃત અવસ્થાને કારણે હૃદયમાં, મગજમાં કે અન્યત્ર નસોમાં લોહીનો ગઠ્ઠો બાઝે છે. એ જીવલેણ દરદને 'થ્રોમ્બોસીસ' કહે છે, એટલે કે લોહીના ગઠ્ઠા બાઝવા. ઈસુને પરસેવે પ્રવાહી લોહીનાં ટીપાં નહિ, પણ બાઝેલા લોહીની કણીઓ કે ગઠ્ઠા ઝર્યા, એવું કંઈક આ ગ્રીક શબ્દ કહે છે. તેથી, અંગ્રેજી ઓથોરાઈઝડ આવૃત્તિમાં અને રીવાઈઝડ સ્ટાન્ડર્ડ આવૃત્તિમાં પણ 'ગ્રેટ ડ્રોપ્સ' (મોટાં ટીપાં), ન્યુ ઈંગ્લીશ બાઇબલ આવૃત્તિમાં 'ક્લોટસ' (ગઠ્ઠા,) શુભ-


સંદેશમાં 'મોટાં ટીપાં' વાપર્યું છે. ભલે આપણી આવૃત્તિમાં 'ટીપાં' વાપર્યું હોય. લૂક સિવાય બીજી સુવાર્તાઓમાં આ બીના આપવામાં આવી નથી. લૂકની સુવાર્તાનો લેખક લૂક ડોક્ટર હતો. એણે વૈદકીય તપાસની સ્પષ્ટ વિગતો પ્રમાણે રજૂઆત કરી.

રે પાસે થઈને જનાર, તારી નજરમાં આ દુઃખ કંઈ નથી? રે મુસાફર, જો ને મારો સ્વામી અહીં કેવો કષ્ટાય છે! રાજાઓનો રાજા અને પ્રભુઓનો પ્રભુ, સારાયે સ્વર્ગ અને વિશ્વનો અધિષ્ટાતા અહીં ગેથસેમાનેના ડુંગરઃ પર ભારે કષ્ટથી ઊંધે મોઢે રૂદન કરે છે, કષ્ટાય છે!

આ પ્યાલામાં શું હતું એ આપણે જોયું. એટલે જ પ્રભુ ઈસુ એ પ્યાલો સ્વીકારતાં ધ્રૂજી ઊઠે છે. એ રૂદન અને કાલાવાલા સહિત પિતાને પોકારી ઊઠે છે, "ઓ પિતા, જો તારી ઈચ્છા હોય તો આ પ્યાલો મારાથી દૂર કર."

ગેથસેમાનેનો આ પ્યાલો એદનથી જ શરૂ થઈ ગયો હતો. આખી સૃષ્ટિ પર રેડાઈને એનો વિનાશ કરી નાખવાની અણી પર હતો, તે સમયે જ મારો ત્રાતા એ પ્યાલો ગટગટાવી જવા ગેથસેમાનેમાં આવે છે.

## ૩. ગેથસેમાનેમાં શેતાન દ્વારા પ્રલોભન



૬

શેતાન પ્રભુ ઈસુ ખ્રિસ્તના જીવનમાં સતત પ્રલોભન કરતો રહ્યો હતો, અને આ ઘડીએ શેતાને પેલો પ્યાલો હડસેલી દેવાનું, પ્યાલો નકારી કાઢવાનું પ્રલોભન લાવે છે.

શેતાન જાણી ગયો છે કે આવતી કાલે પોતે હારી જવાનો છે. એટલે જ અત્યારે ગેથસેમાનેમાં તેણે ત્રાતા ઈસુ ઉપર પ્રલોભન દ્વારા ખૂનખાર હુમલો કર્યો, પ્રલોભનનો પૂરો પરચો બતાવી દીધો. પ્રલોભનની ઊંડાઈ, એનો ચાપ, અને એનો ખૂનખાર

હુમલો પ્રભુ ઈસુએ જે અનુભવ્યો, એવો આપણે કદી અનુભવી શકવાનાં જ નથી.

પણ પ્રભુ ઈસુએ તો સ્વેચ્છાથી લોકોનાં પાપનો આ પ્યાલો ગટગટાવી જવાનું, લોકોનાં પાપ માટે બલિ બની જવાનું અને ક્રૂસનું કારુણ્યભર્યું મોત ખમવાનું માથે લીધું હતું. તેઓ આ ઘાતકી તથા ઘૃણાસ્પદ મોતને અનિવાર્ય કમનસીબી નહોતા ગણતા. પણ એને પોતાના જીવનનો પરમ પવિત્ર હેતુ ગણતા હતા. એટલે જ જ્યારે શેતાન તેમને તેમના પવિત્ર હેતુમાંથી ચલિત કરવા માગતો હતો ત્યારે મારો ત્રાતા પોતાનું ભયાનક શોકાતુરપણું દબાવીને સ્વીકારી લે છે કે ક્રૂસનું શરમજનક મોત એ જ એમને માટે ઈશ્વર પિતાની સર્વોત્તમ ઇચ્છા છે. એટલે જ તેમણે કારમા પ્રલોભનકાળે વિજયી બનીને ઈશ્વર પિતાને સંપૂર્ણપણે અઢેલતાં પ્રાર્થનામાં પોકાર્યું કે "ઓ પિતાજી, મારી નહિ, પણ તમારી જ ઇચ્છા પ્રમાણે થાઓ" (બાઈબલ: માર્ક ૧૪:૩૬).

પિતાની ઇચ્છા પ્રમાણે જ હંમેશાં કરવું એ પ્રભુ ઈસુને માટે પ્રાણ સમું હતું. દુનિયાના ભયંકરમાં ભયંકર મૃત્યુ સમયે પણ પિતાની જ ઇચ્છાને આધીન! આ કેવી ભવ્ય આજ્ઞાકિતતા! રે મારા આત્મા, તું કોની ઇચ્છા શોધે છે! તું કહે છે કે "જેમ સ્વર્ગમાં તેમ પૃથ્વી પર તારી ઇચ્છા પૂરી થાવ." એ તારા હૃદયની પ્રાર્થના છે કે હોઠોની ?

## પાસ્ખાનો બલિ

એ સાંજે સોનેરી નગરી યરૂશાલેમના અસ્તાચળે ભાણ બૂડું બૂડું થઈ રહ્યો હતો. સંગેમરમરના મંદિરમાં વડો પુરોહિત બાઇબલમાંથી નિર્ગમન (મહાપ્રયાણ)નો બારમો અધ્યાય વાંચતો હતો. હવે સૂર્યની રક્તરંગી કિનાર પશ્ચિમાચળે દેખાતી બંધ થઈ. મંદિરેથી વડો પુરોહિત ઉચ્ચારે છે : "અને એ જ માસના (નિશાન માસના) ચૌદમા દિવસ સુધી તમારે તે (પાસ્ખાના બલિ તરીકેનો ઘેટો) રાખી મૂકવો અને ઇઝરાયલની આખી

મંડળીના સમુદાયે તેને સાંજે કાપવો" (બાઈબલ: નિર્ગમન ૧૨:૬). અને આજે યહૂદી નિશાન માસનો ચૌદમો દિવસ હતો. એમ યરૂશાલેમમાં મંદિરે તેમ જ ઘેર ઘેર પાસ્ખાનો ઘેટો કપાયો હશે. ભૂંજાયો પણ હશે. પાસ્ખાના પર્વટાણે યરૂશાલેમમાં આવેલા ત્રણ લાખ યાત્રાળુઓના શહેર બહાર તાણેલા તંબુઓમાં પણ પાસ્ખાનો બલિ વધેરાયો હશે.

'પાસ્ખા' હિબ્રૂ ભાષાનો શબ્દ છે. એનો અર્થ "પડનું મૂકવું" અથવા 'છૂટકારો' થાય છે. હિબ્રૂ (અથવા ઈઝરાયલ) લોકોનો મિસરની ગુલામીમાંથી છૂટકારો થયો તે છેલ્લી રાતે પાસ્ખા–બલિ કાપવામાં આવ્યો હતો, એની આ યાદગીરી હતી.

ગેથસેમાનેમાં ગયા પહેલાં ઈસુ પણ પોતાના શિષ્યોની સાથે મેડી પર પાસ્ખાનું ભોજન જમવા બેઠા. અનેક સૈકાંથી પાસ્ખાનો ઘેટો – પાસ્ખાનો બલિ – કપાતો આવ્યો હતો. પણ એ તો માત્ર ઉપમારૂપે હતો. ખરા પાસ્ખાનો ખરો બલિ, એટલે પ્રભુ ઈસુ, હવે આવી પહોંચ્યો હતો. પાપના બંધનમાંથી માનવજાતને છૂટકારો પમાડનાર પ્રભુ ઈસુ જ પાસ્ખાનો ખરો બલિ હતા. સવાર થતાં થતાં જગતનું પાપ હરણ કરનાર ઈશ્વરનો એ ખરો બલિ વધસ્તંભે વધેરાવાનો હતો. આજે રાત્રે યરૂશાલેમની મેડીએ એ બલિ પોતે જ પોતાના રક્તનો **નવો કરાર** સ્થાપે છે. અને પોતાના સંભારણા તરીકે આ વિધિ કાયમ પાળવા કરવા પોતાના શિષ્યોને વિનવણી કરે છે.

## નવો કરાર

'કરાર' શબ્દને માટે ગ્રીક ભાષામાં બે શબ્દો છે: સુનથેકે અને દિયાથેકે. લગ્નનો કરાર, ધંધાનો કરાર, લેવડદેવડના સોદાનો કરાર, એવા બે માણસ વચ્ચે, બે પક્ષો વચ્ચે થતા કરાર માટે ગ્રીક ભાષામાં 'સુનથેકે' શબ્દ વપરાતો. એમાં બંને પક્ષ શરતો નોંધાવી શકે, અને શરતોમાં ફેરફાર કરાવી શકે. મૃત્યુ

ટાણે થતા વસિયતનામા માટે 'દિયાથેકે' શબ્દ વપરાતો. વસિયતનામું જે મરવાનો હોય એ માણસ લખે. વસિયતનામું મેળવનાર વારસદાર એમાં કોઈ જાતનો ફેરફાર કરી શકે નહિ. વારસદાર એ વસિયતનામાનો કાં તો સ્વીકાર કરે, કાં તો એને ફગાવી દે. ઈસુ ખ્રિસ્તે મરતાં પહેલાં એવો કરાર કર્યો; વસિયતનામું કર્યું: "આ મારા રક્તમાંનો નવો કરાર છે." ત્યાં 'કરાર' શબ્દને માટે ઈસુએ 'દિયાથેકે' શબ્દ વાપર્યો છે.

ઈશ્વરે પોતાની નરી દયા અને કૃપાને કારણે આ કરાર કર્યો. આપણી સ્થિતિ કફોડી અને દયાજનક હતી અને આપણે નાશ પામવા જોગ અવસ્થામાં આવ્યાં હતાં, ત્યારે ઈશ્વરે આપણી પાસે આવીને આપણી સાથે કરાર કર્યો. આ મારા રક્તમાંનો નવો કરાર છે," **દિયાથેકે.** રે પાપી, તું અહીં આ થંભે દોડી આવ. અને આ કરાર, આ દિયાથેકેનો સ્વીકાર કરી લે. તારા મુક્તિદાતાએ તારે માટે મહા વારસો આપ્યો છે. એ સ્વીકારવો કે નકારવો એ તો તારી મરજીની વાત છે.

## ઈસુ ગેથસેમાનેમાં જાય છે

ભોજન કર્યાં પછી રાતના સાડા નવ ને દશની વચ્ચે ઈસુ શિષ્યોની સાથે ગેથસેમાને બાગમાં આવે છે. શિષ્યોથી દૂર એકાંતમાં જઈ ઈસુ કેવી આગ્રહભરી પ્રાર્થના કરે છે ! તેમના પરસેવા સાથે લોહી પણ બાગની ભૂમિ પર ટપકે છે.

થાકેલા શિષ્યો વધતી જતી રાતમાં ઊંઘે ઘેરાયા હતા. "તમારે ખાતર મરવું પડે તો મરવાને પણ તૈયાર છું," એવું કહેનારો પિતર પ્રભુ ઈસુના કપરા દુ:ખને સમયે ઘસઘસાટ ઊંઘી ગયો છે. સદા ઈસુની પડખે રહેનાર અને તેમની છાતીએ અઢેલીને બેસનાર યોહાન ઈસુ પર ખૂબ પ્રેમ કરતો હતો. પણ ઈસુને જે ઘડીઓમાં સાથસથવાર અને સહાનુભૂતિની અનહદ જરૂર હતી, એ સમયે યોહાન ઝોકાં ખાય છે! અને ગર્જનપુત્ર

યાકૂબ પણ. આજે ખ્રિસ્તને ખાતર જીવન સમર્પણ કરનારાંની કેટલી બધી જરૂર છે!

આજે ખૂણે ખૂણે ખ્રિસ્તનો પયગામ પહોંચાડવાની અને ઈસુને પડખે ઊભવાની કેટલી બધી જરૂર છે! ત્યારે મંડળીઓ ઊંઘે છે. લોકો જગતની જંજાળોમાં, વાસનાના વશીકરણમાં, ખુરસીઓની ખેંચતાણમાં, સત્તાના વિગ્રહમાં અને રૂપિયાના માદક રણકારમાં ઝોકાં ખાઈ રહ્યા છે! ઈસુ આવી આવીને દયાર્દ્ર દિલે કહે છે: "શું તમે મારી સાથે એક ઘડી પણ જાગી શકતા નથી?" આ કેવી કરુણ કથની! યાદ છે બાઈબલમાંથી યૂના પયગંબરની વાત? ગુનેગાર છતાં યૂના વહાણને તળિયે જઈને ઘસઘસાટ ઊંઘતો હતો, જ્યારે બીજા પ્રાર્થનાઓ કરતા જાગતા હતા. ઓ આજના યૂના, તું ક્યારે જાગીશ?

## ઈસુની ધરપકડ

અને આ દૂર દૂર મશાલો શાની સળગે છે? આ તરફ જ આવતી લાગે છે! અરે! આ લોકો તલવારો, ભાલા, સોટા અને મસાલો લઈને અહીં જ આવે છે! ફરોશીઓના મોકલ્યા, સાદુકીઓના મોકલ્યા આ બધા આવ્યા છે: ચાકરો, ગુંડાઓ, મંદિરના રક્ષક સિપાઈઓ અને રોમન સોલ્જરો! આ કેવો શંભુ મેળો! પરસ્પર વિરોધી એવા ફરોશીઓ અને સાદુકીઓનો મેળ કેમ બેઠો? અને એ બંને જૂથો જે રોમનોને હાડોહાડ ધિક્કારતા હતા, તે રોમન સોલ્જરો પણ સંઘમાં? જે પવિત્ર છે, પ્રેમ સ્વરૂપ છે, પરદુઃખભંજનહાર છે, સત્ય છે, એને પકડવા આ સંઘી? મંદિરના રક્ષક સિપાઈઓ વડા પુરોહિતે ઘડેલા કાવતરામાં સામેલ થાય કાયદાથી વિરુદ્ધની આ વાત થઈ.

યહૂદીઓના આગેવાનો (ફરોશીઓ, શાસ્ત્રીઓ, અને સાદુકીઓ) ઈસુને પકડવા લાંબા સમયથી મસલતો કરતા હતા, પણ સૂઝતું નહોતું કે શું

કર્યું. તેઓ ઈસુને પકડતાં બીતા હતા. જનતા ઈસુના પક્ષમાં હતી. આ પાસ્ખા પર્વમાં યહૂદિયા પ્રાંતમાંથી, ગાલીલના પ્રદેશમાંથી, તેમ જ દુનિયાના અનેક બધા દેશોમાંથી લાખો યહૂદીઓ યરૂશાલેમમાં એકત્ર થયા હતા. જો ઈસુને પકડવામાં આવે તો લોકોમાં ભારે ધાંધળ થાય, તોફાન ફાટી નીકળે. અને જનતા ઈસુનો પક્ષ લઈ યહૂદી આગેવાનો પર તૂટી પડે. કદાચ આ તોફાનો રાજકીય બળવાનું રૂપ પણ ધારણ કરે, અને ગવર્નર પિલાત તથા રોમન સરકાર આ બળવા માટે તેમને એટલે કે આગેવાનોને જવાબદાર ગણે, એવી દહેશત આ યહૂદી આગેવાનોમે હતી.

બીજો પણ એક ડર તેમના મનમાં છુપાયેલો હતો. કદાચ તેઓ ઈસુને પકડવા જાય અને ઈસુ કંઈક ચમત્કાર કરી દે, તો કદાચ તેમનો નાશ થઈ જાય, ઈસુ ન પકડાય, અને આગેવાનોનું નાક અને નાણું બંને જાય, તેમ જ જનતા તેમની કાયમી વિરોધી બને.

એટલે તેમણે ઈસુને પકડવાની જવાબદારી યહૂદાને સોંપી. યહૂદા મોટું ટોળું[૬] લઈને ગયો. આમાં ત્રેવડો લાભ હતો. આગેવાનો સીધા ચિત્રમાં આવે નહિ, ઈસુનું સ્થળ ખોળવાની અને તેમને ઓળખવાની માથાકૂટ ન થાય, કદાચ ઈસુ ચમત્કાર કરે અને તેમને પકડવામાં સરિયામ નિષ્ફળતા મળે તો કદાચ તેમનો નહિ પણ યહૂદાનો નાશ થાય યા યહૂદાનું ખોટું દેખાય, કારણ, આગેવાનો તો ચિત્રમાં હોય નહિ.

આજ સુધી ઈસુની પકડાઈ જવાની નિર્મિત ઘડી આવી નહોતી, એટલે ઈસુ તેમના હાથમાં આવતા નહોતા. પણ આજે એ ઘડી આવી ચૂકી હતી. ઈસુએ જ નહોતું કહ્યું કે "તે ઘડી પાસે આવી છે, અને માણસનો દીકરો પાપીઓના હાથમાં પરસ્વાધીન કરાય છે (બાઇબલ: માથ્થી ૨૬:૪૫). વળી, "તમે સૌ **આજ રાત્રે** મારા સંબંધી ઠોકર ખાશો, કેમ કે લખેલું છે કે હું ઘેટાંપાળકને મારીશ, ને ટોળાનાં ઘેટાં વિખેરાઈ જશે" (બાઇબલ: માથ્થી ૨૬:૩૧). આ છેલ્લા અઠવાડિયા દરમિયાનની, અને ખાસ કરીને

છેલ્લા ભોજન વખતેની ઈસુની લગભગ એકેએક વાત તેમના આગામી મૃત્યુના ઝડપતી ઘેરાતા ઓળાઓ વિષે જ હતી.

એટલે જ છેલ્લાં ભોજન વખતે ઈસુએ યહૂદાને સંબોધીને કહ્યું, "તું જે કરવાનો છે તે જલદી કર" (બાઇબલ: યોહાન ૧૩:૨૭). યહૂદાએ આ બધી વાતો પારખી લીધી કે ઈસુનો મૃત્યુ સમય નજીદિક આવ્યો છે, અને આજે ગેથશેમાનેમાં તે લાંબો સમય ગાળવાના છે. એટલે યહૂદાએ જઈને યહૂદી આગેવાનોની સાથે મસલત કરી. યહૂદા આ આગેવાનો પાસે ગયો ત્યારે ગુરુવારની રાતના આઠ–નવ વાગ્યા હશે.


આ મસલત અને યહૂદી આગેવાનોની અંદર અંદરની મસલતો કેવી હશે ? કેવી કેવી શક્યતાઓ તેઓએ ચર્ચી હશે ? સમય કેટલો ટૂંકો હતો ! પાસ્ખા પહેલાં ઈસુને કાયદાકચેરીમાંથી અને પિલાત પાસેથી મૃત્યુદંડ દેવડાવવા વચ્ચે માત્ર થોડા કલાક જ હતા. આટલામાં બધી કાનૂની કામગીરી પતાવી શકાશે ? કે નિષ્ફળ તો નહિ જવાય ને ? ઈસુને પકડયા પછી પિલાત તરત ન્યાયચૂકાદો આપશે ?—કે પછી પાસ્ખાપર્વનું એક અઠવાડિયું થોભી જવા કહે તો શું પરિણામ આવે ? વગેરે ચર્ચ્યું હશે. શું આ આગેવાનો પિલાતને એ રાત્રે મળ્યા હશે ?—એની સાથે મસલત કરી હશે ?

ગમે તેમ પણ આખરે આ આગેવાનોએ આવેલી તકને તરત પારખી લીધી, અને ઈસુને પકડવાની તાબડતોબ તરકીબ રચી કાઢી અને વ્યવસ્થા કરી દીધી.

યરૂશાલેમના આરસ–મઢયા મંદિરની પાસે જ શહેરનો સુવર્ણ દરવાજો આવ્યો હતો. મંદિર પાસેથી શરૂ થઈ, સુવર્ણ દરવાજે પ્રવેશી, ટોળાએ કિદ્રોન નાળું ઓળંગ્યું, 'અપરાધનો ટિંબો' વટાવ્યો, અને જૈતૂનના પહાડ

પર ચઢી એવા યરૂશાલેમ તરફના ઢોળાવ પર આવેલા ગેથસેમાને બાગમાં આવ્યા. અને પછી પેલાં ઘરડા પીસુડા જેવાં જેતવૃક્ષો તરફ વળ્યા.

યહુદાએ સંકેત કર્યો હતો ને! નિશાની આપી હતી ને કે, "હું જેને ચૂમીશ તે જ તે છે; તેને પકડી લેજો." આ ટોળામાં ઈસુને ઓળખનાર કોઈ નહિ હોય એટલે નિશાની આપવી પડી હશે? જાણે બહારવટિયાને પકડવા નીકળ્યું હોય એવું આ ટોળું હવે પાસે આવ્યું. યહૂદા આગળ આવ્યો, ઈસુની સામે સ્મીત (?) ફરકાવ્યું, હાથ પહોળા કર્યા, ઈસુને વળગી પડ્યો—ભેટયો, અને....અને....ઓ પાસ્ખાના પૂર્ણ પ્રકાશિત ચાંદ, તું કેમ છુપાઈ જતો નથી? ઓ આકાશ, તું રૂદનની ધારે ધારે કેમ ચૂઈ પડતું નથી? ઓ જેતફળોથી લચી પડેલાં જેતવૃક્ષો, તમે બેથાનિયાના રસ્તાની કોર પરની પેલી અંજીરીની જેમ કેમ એકદમ સુકાઈ જતાં નથી? અને ઓ જેતૂન પહાડના ખડકો, તમે કેમ ધ્રૂજી ઊઠતા નથી? પ્રેમની નિશાનીને વિશ્વાસઘાતની એંધાણી બનાવી યહૂદા ઈસુને ચુંબન કરે છે ખરો, ત્યારે, ઓ પહાડો, તમે કેમ ફાટી પડતા નથી? બાઇબલ: માર્ક ૧૪:૪૫ માં 'ચૂમ્યો' શબ્દ માટે જે ગ્રીક શબ્દ છે તેમાં વિશેષાર્થ છે. એમાં 'ચુંબન કર્યુંયે ખરું' એવો વિશેષાર્થ છે. તેણે વિરોધીઓને ચુંબનની નિશાની આપી તો આપી, પણ આ ઘડીએ ચુંબન કર્યુંયે ખરું! કેટલું નિષ્ઠુર હૈયું! રે પતિ, રે પત્ની, રે મિત્ર, રે સાથીદાર, નિર્દોષ પરમ વિશ્વાસને પાસમાં લઈ તું દગો દે છે શું? બેવફાની જીભ મીઠી હોય છે! આવી મિઠી જબાન અને કાળાં (કે ઝેર ભરેલાં) હૃદય ઈશ્વરને કંટાળો ઉપજાવે છે.




સિપાઈઓએ ઈસુને પકડી લીધા. અને તેમના હાથ પાછળ બાંધી દીધા.

એમ આ આખું ય સરઘસ બાગમાંથી નીકળી બેથાનીના રસ્તે પડયું. પછી અધવચથી ફંટાઈને યરૂશાલેમના એન્ટોનિયો બૂરજ તરફ આગળ વધ્યું. એન્ટોનિયોના દરવાજે રોમન સોલ્જરો અટકી ગયા, અને બાકીનું ટોળું વડા પુરોહિતો કાયાફાસ અને આન્નાસના મહેલ તરફ વળ્યું.

રાત્રીના બે કયારનાયે વાગી ગયા હતા. ઈસુને આન્નાસની પાસે લઈ ગયા. વિસેક વર્ષ ઉપર તે વડો પુરોહિત હતો. અત્યારે તો તે ઘણો ઘરડો થઈ ગયો હતો. ખરેખર તો એનો જમાઈ કાયાફાસ હાલ વડો પુરોહિત હતો. મંદિરમાં આ સસરા–જમાઈનો ધીકતો ધંધો ચાલતો હતો. એ ધંધો નાણાંવિનિમય, બલિદાનનાં પશુ-પંખીના સોદા, વગેરેનો હતો. ખંધાઈથી ચાલતા આ ધંધામાં આવકનો પાર નહોતો. ઈસુએ એ જ બધા વેપારીઓને કોરડાથી મંદિર બહાર કાઢયા હતા.

### ન્યાયનું નાટક

શાસ્ત્રીઓ, ફરોશીઓ અને સાદુકીઓએ ઈસુનું કાસળ કાઢવા નિરધાર કર્યો હતો. અનેક પ્રકારના અટપટા પ્રશ્નો પૂછી ઈસુને રોમન રાજ્યના દ્રોહી, યહૂદીઓના નિયમશાસ્ત્રના દ્રોહી, અને ઈશ્વરનિંદક ઠરાવવા તેઓએ બહુ પ્રયત્નો કર્યા, પણ ન ફાવ્યા. એટલે ઈસુને છાનામાના પકડી આ કે તે બહાને ગુનેગાર ઠરાવી મારી નાખવા, એવું તેઓએ નકકી કર્યું હતું. એટલે જ યહૂદીઓની સુપ્રીમ કોર્ટ સરખી સાન્હેદ્રિન આગળ ઈસુની થયેલી તપાસ માત્ર એક નાટક જ હતું. એમાં યહૂદીઓના બધા અદાલતી કાયદાને નેવે મૂકવામાં આવ્યા.


આન્નાસ વડો પુરોહિત નહોતો છતાં ઈસુને તેની પાસે લઈ જવામાં આવ્યા. આન્નાસને ન્યાય કરવાનો શો અધિકાર ? વડો પુરોહિત આ સુપ્રીમ કોર્ટ સરખી સાન્હેદ્રિનનો પ્રમુખ ગણાતો. યહૂદી કાનુન પ્રમાણે આરોપ મૂકાયા પહેલાં આ રીતે કોઈની પ્રાથમિક તપાસ કરી શકાય નહિ

વળી રાતને સમયે સાન્હેદ્રિન સભા બોલાવી શકાય નહિ, અને રાતે માત્ર નાણાંને લગતા કેસ જ હાથ ધરી શકાય, પણ મરણલાયક કેસની તપાસ પણ થઈ શકે નહિ. પણ અહીં તો રાત્રીના અઢી-ત્રણ વાગે ઈસુને બાંધીને આન્નાસ પાસે, અને આશરે આડાત્રણ–ચારને સુમારે કાયાફાસની પાસે લઈ જાય છે. કાયાફાસ તે વર્ષે વડો પુરોહિત હતો. કેટલાકને એમ પણ હશે કે રાત હોવાને કારણે કાયદા પ્રમાણે કાયાફાસ ઈસુનો કેસ નહિ ચલાવે, અને સવાર સુધી મુલતવી રાખશે. પણ તેણે તો રાતોરાત માણસો દોડાવીને વડી સાન્હેદ્રિનના સભ્યોને તેડી મંગાવ્યા. કેટલાક તો કાવતરા પ્રમાણે ક્યારનાયે હાજર જ હતા. મૃત્યુદંડ દેવા જેવો કેસ ચલાવવા વડી સાન્હેદ્રિનના ઓછામાંઓછા તેવીસ સભ્યો હાજર હોવા જોઈએ. રાત્રીના ૩:૩૦ કે ૪ ના સુમારે કેટલા સભ્યો હાજર થયા હશે ! કોણ ગણવા બેઠું હતું ? – જ્યાં ચૂકાદો અગાઉથી જ ઘડી રાખ્યો હતો !

આ સાન્હેદ્રિનના આગેવાનોએ જ એટલે કે વડા પુરોહિત કાયાફાસે જ યહૂદાને રૂપાના ત્રીસ કટકાની લાંચ આપી હતી, અને ઈસુની ધરપકડ કરાવી હતી. અને હવે એ જ કાયાફાસ મુખ્ય ન્યાયાધીશની ખુરશી પર બેઠો ! ફરિયાદી (અરે, કાવતરાખોર અને ખરો ગુનેગાર) પોતે ન્યાયાધીશ બને ! આ કેવી અદાલતી તપાસ ? સાન્હેદ્રિનના અન્ય કેટલા બધા સભ્યો આ કાવતરામાં સામેલ હતા ? અને તેઓ જ ન્યાય કરવા એકઠા મળ્યા હતા ! એટલે ન્યાય કેવો ઊતરે એ તો તમે જ કહો.

કાયાફાસ યહૂદીઓની સૌથી વડી અદાલત (સુપ્રીમ કોર્ટ) સાન્હેદ્રિનનો ટોચનો ન્યાયાધીશ હતો. તે જ વડો પુરોહિત પણ હતો. એની સત્તા ભારે હતી. પણ રાજા હેરોદ આન્તીપાસ અને યહૂદિયાના રોમન રાજ્યપાલ (ગવર્નર)ની મહેરબાનીથી તેમ જ પુષ્કળ પૈસો વેરીને તે આ પદ પામ્યો હતો. તેઓ ધારે તો એને એ પદ પરથી ખસેડી નાખી શકે. સૌથી વધુ રકમ લાંચમાં આપનારને આ પદે બેસાડવામાં પિલાત અને હેરોદ

આન્તીપાસ ઠીક ઠીક કમાણી કરી લેતા. આમ કાયાફાસને આ પદ મેળવવા અને ટકાવી રાખવા અનેક આડીઅવળી રીતે પૈસો મેળવવો પડતો. મંદિરમાં ચાલતો વેપાર એને ઠીક કમાણી કરી આપતો. પુરોહિતો (યાજકો) ને પોષણ પૂરું પાડવા માટેનાં દશાંશોનો વિપુલ જથ્થો વડા પુરોહિતના તાબે જ રહેતો ને ! પુરોહિતોને એમાંથી થોડુંક મળતું, બાકીનો મોટો હિસ્સો વડો પુરોહિત ઓહિયાં કરી જતો. પાછળથી પિલાતની જગાએ આવેલા વિતેલિયસ ગવર્નરે કાયાફાસને પદ પરથી ઊતારી નાખ્યો હતો, અને આન્નાસના દીકરાને (કાયાફાસના સાળાને) એ પદે બેસાડયો હતો. પૈસા અને લાગવગને લીધે રાજકીય વર્તુળોમાં અને ધર્મનાં વર્તુળોમાં આન્નાસની લાગવગ અને પકડ એવાં હતી કે એના પાંચેય દીકરા અને જમાઈ કાયાફાસ કોઈને કોઈ સમયે વડા પુરોહિત થયા ! આન્નાસના ચાકરો પણ ગુંડાગીરી કરનારા હતા, અને આન્નાસને નામે બળજબરીથી કે ગુંડાગીરીથી પ્રજા પાસેથી પૈસો ઓકાવતા. કાન કપાયેલો માલ્ખસ પણ એમાંનો જ એક ચાકર હતો ને !



દશાંશો અને પ્રથમ ફળોની આવક ઉપરાંત વડા પુરોહિતના અને આન્નાસના કુટુંબના અનેક ધંધા ધીકતા રહેતા. મંદિરનો કર ભરવાને માટે અર્ધા શેકેલનો સિક્કો મંદિરનું નાણું હતું. રોમન નાણાંમાં કે અન્ય દેશોનાં નાણાંમાં મંદિરનો કર ભરી શકાય નહિ. કારણ, એ પરદેશી નાણું ગણાતું. આ વિનિમય કરવાના, અને વટાવ ખાવાના ધંધાની ઠેકાગીરી એમની જ હતી.

મંદિરમાં અર્પણ માટે ઘેટાં, બકરાં, ગોધા, કબુતર, હોલાં, વગેરે પ્રાણીઓ અને પંખીઓનું અર્પણ ચઢાવવામાં આવતું. પણ નિયમશાસ્ત્ર પ્રમાણે આ પ્રાણીઓ અને પંખીઓ શુદ્ધ તથ ખોડખાંપણ વગરનાં હોવાં જોઈએ. આન્નાસના

કુટુંબે મંદિરનાં આંગણામાં જ આવાં પશુ–પંખીની કોઠો અને ખાનાં રાખ્યાં હતાં. દેશ–દેશાવરથી યહૂદીઓ અર્પણને માટે યરૂશાલેમમાં આવતાં. એવાં બહારગામથી લાવવામાં આવેલાં પશુ–પંખી અને જાનવરોને આન્નાસના હાથ નીચેના પુરોહિતા એબ અને ખોડખાંપણવાળાં જ ઠેરવતા. પછી મોંઘામૂલે પોતાનાં પશુ–પંખી તેમને વેચતા. આ પણ ધીકતો ધંધો હતા.

## સાન્હેદ્રિન (કાયદાની કચેરી)

ઉપર જોયું તેમ યહૂદીઓની 'સુપ્રીમ કોર્ટ' સાન્હેદ્રિન હતી. 'સાન્હેદ્રિન' ગ્રીક શબ્દ છે. અને એનો અર્થ 'સભા' થાય છે. એ ન્યાય ચૂકવનાર સભા હતી, અને સાથે સાથે કાયદા ઘડનારી સભા પણ હતી. કાયદા ઘડવા, એમનો અમલ કરાવવો, અને ન્યાય તોળવો એ બધું એનું જ કામ હતું. એનું હિબ્રૂ નામ હતું: 'બેતદિન–હાગાદલ (=હાઈકાર્ટની વડી કાઉન્સિલ). એમાં સિતેર સભ્યો અને એક વડો પુરોહિત મળી એકોતેર જણ બેસતા. આ વડી સાન્હેદ્રિન યરૂશાલેમમાં મળતી.

એ વડી અદાલતની નીચે બીજી કેટલીક ઊતરતી કક્ષાની સાન્હેદ્રિન હતી, અને એમાં કુલ ૨૩ સભ્યો બેસતા. એમાંની બે સાન્હેદ્રિન યરૂશાલેમમાં બેસતી, અને એવી અન્ય સાન્હેદ્રિનો દેશનાં મોટાં મોટાં શહેરોમાં બેસતી અને ન્યાય ચલાવતી. એનાથીયે ઊતરતી એટલે કે ત્રીજી કક્ષાની સાન્હેદ્રિનો ગામડાઓમાં બેસતી. એ ગામડાંની કચેરીઓ ગણાતી અને એમાં ત્રણ ત્રણ સભ્યો બેસતા.

ઈસ્વીસન પૂર્વે ૫૫ માં ગોબિનિયસે આખા યહૂદી પ્રદેશને એવી રીતે વિભાગી નાખ્યો કે પાંચ સાન્હેદ્રિનો એ બધા પર સત્તા ચલાવે, અને ચુકાદા આપે. આમાંની યહૂદિયા પ્રદેશ માટેની ત્રણ સાન્હેદ્રિનો યરૂશાલેમમાં, ગઝારામાં અને યરેખોમાં હતી.

બીજાં દશ વર્ષ પછી રોમન કૈસરે મહાન હેરોદને રાજા નીમ્યો, અને બધી સત્તા એને સોંપી, અગાઉ એક સમય ખૂનના કેસમાં એ હેરોદનો જ

સાન્હેદ્રિનમાં ચાલ્યો હતો. હેરોદ રાજા નીમાતાં એણે પહેલું કામ એ કર્યું કે સાન્હેદ્રિનના બધા સભ્યોને મારી નાખ્યા.

એ પછી જે સાન્હેદ્રિન નીમવામાં આવી તેના સભ્યો લગભગ હેરોદના વળના કે એનું 'હા' ભણનારા હતા. પણ હેરોદના અને તેના પછી ગાદીએ આવેલા આર્ખેલાઉસના મૃત્યુ બાદ જે સાન્હેદ્રિન સત્તાધારી બની તે તો જૂના વડા પુરોહિતોની તેમ જ ધાર્મિક આગેવાનો(વડીલો)ની બનેલી હતી, અને એનું સંચાલન વડા પુરોહિત હસ્તક થતું. આમાં સાદુકીપંથી યહૂદીઓનું વર્ચસ્વ હતું. આમ તો સાન્હેદ્રિન એ જ સુપ્રીમ કોર્ટ હતી, પણ મૃત્યુદંડનો અધિકાર તેઓની પાસે નહોતો. એ અધિકાર તો રોમન ગવર્નરને હસ્તક જ હતો. રોમન ગવર્નર માન્ય રાખે તો જ મૃત્યુદંડનું સાન્હેદ્રિને આપેલું ફરમાન માન્ય બનતું.


બધા જ ફોજદારી ગુનાઓ અંગે, અને ખાસ કરીને મૃત્યુદંડના કેસોમાં, યહૂદી કચેરીના કાયદા ઘણા કડક હતા. ઘણા પ્રકારનાં જુદાં જુદાં કારણો-સર મૃત્યુદંડ આપી શકાતો, જેમ કે, ચેતવણી છતાં સાબ્બાથભંગ, જાદુ, મૂર્તિપૂજા, જૂઠા પયગંબર હોવું, ખૂન કરવું, હઠીલા અને બંડખોર પુત્ર હોવું, ઈશ્વરનિંદા કરવી, ઇત્યાદિ કારણોસર મૃત્યુદંડ ફરમાવવામાં આવતો.

યહૂદી કાયદામાં ગુનાના પ્રકાર પ્રમાણે ચાર પ્રકારના મૃત્યુદંડ દેવાતા : પથ્થરે મારવું, અગ્નિમાં બાળવું, ફાંસો દેવો, અને માથું કાપી નાખવું. હિબ્રૂ કાયદામાં વધસ્તંભનો મૃત્યુદંડ નહોતો. એ તો રોમન સજા હતી.

## માનવતા ભર્યા યહૂદી કાયદા

યહૂદી કાયદા પ્રમાણે ઓછામાં ઓછા બે સાક્ષી દ્વારા જ માણસનો ગુનો સાબિત કરવામાં આવતો. જ્યાં સાક્ષી ન હોય, એક જ સાક્ષી હોય, કે બે સાક્ષીઓની સાક્ષી મળતી આવતી ન હોય, એક બીજાની વિરુદ્ધ જતી હોય, ત્યાં ગુનો સાબિત થયો ન ગણાતો. ઈસુની વિરુદ્ધ કોઈની સાક્ષી

એકબીજા સાથે મળતી આવતી નહોતી તોયે એમને ગુનેગાર જ ઠરાવ્યા ! (બાઈબલ: માર્ક ૧૪:૫૯). જૂઠા સાક્ષીને મુખ્ય ગુનેગાર જેવી જ સજા થતી. કોઈ સાક્ષી અથવા અન્ય વ્યક્તિને કેસ કાઢી નાખવા કંઈ કારણ દર્શાવવાનું હોય તો કોઈ પણ ઘડીએ એનું સાંભળવામાં આવતું. આરોપીને પોતાના બચાવ માટે કંઈ મુદ્દો રજૂ કરવાનો હોય તો એ છૂટ તેને મળતી. (ઈંગ્લંડમાં ઈ. સ. ૧૮૯૮ સુધી એ હક્ક નહોતો.) ગુનો સાબિત કરવા બે જણાની સાક્ષી પૂરતી ગણાતી, પણ કેસ નિર્દોષ કાઢી નાખવા એક જણની સાક્ષી પૂરતી મનાતી. આરોપીને નિર્દોષ ઠરાવવા જુબાની એક વખતે આપી હોય તેને પોતાનો મત બદલવા પરવાનગી નહોતી. પણ જેણે ગુનાની સાબિતીમાં જુબાની આપી હોય તેને સજાનો અમલ થાય તે પહેલાં ગમે ત્યારે પોતાનો મત બદલવા અને એ મુજબ જુબાની આપવા છૂટ રહેતી.



૯

નિર્દોષ વ્યક્તિને ગફલતથી મૃત્યુદંડ ન અપાઈ જાય માટે યહૂદી કાયદામાં ખૂબ કાળજી રખાતી. એવી વ્યક્તિને કોર્ટે ન્યાય ચુકવી દીધો હોય અને ચુકાદો સંભળાવી દીધો હોય તોયે એટલેથી એનો અંત નહોતો આવતો. ચુકાદો સંભળાવ્યા પછી એ જ દિવસે એનો અમલ કરવામાં આવતો, અને શહેરના કોટની બહાર મૃત્યુદંડ દેવાતો.

મૃત્યુની સજા પામેલા ગુનેગારને કચેરીએથી શહેરના કોટની બહાર લઈ જવામાં આવતો ત્યારે એક સંત્રીને હાથમાં રૂમાલ આપીને કચેરીના દ્વારે ઊભો રાખવામાં આવતો. ઘોડે પલાણેલા બીજા એક સંત્રીને રસ્તામાં એવી જગ્યાએ ઊભો રાખવામાં આવતો કે મૃત્યુદંડના સ્થળેથી તે બહુ વેગળો ન હોય, છતાં કચેરીના દ્વારે રૂમાલ પકડી ઊભેલા પેલા સંત્રીને તે બરાબર જોઈ શકે. સૈનિકો ગુનેગારને લઈને વધસ્થાન તરફ જતા હોય ત્યારે આગળ ઢંઢેરો પીટાવનાર ચાલતો હોય અને ગુનેગારનું નામ, તેનો

ગુનો અને તેને ફરમાવવામાં આવેલી શિક્ષા પોકારતો હોય. વળી તેની સાથે સાથે એમ પણ પુકારતો હોય કે, "આ ગુનેગારને નિર્દોષ છોડી મૂકવામાં આવે એવું કારણ કે પુરાવો કોઈની જાણમાં હોય તો તે આવે અને બચાવનો રદિયો રજૂ કરે."

કોઈ રીતે આવા સાક્ષી વિષેની જાણ થાય એટલે કચેરીના હુકમથી રૂમાલ પકડીને ઊભેલો સંત્રી રૂમાલ ફરકાવે. એટલે ઘોડા ઉપરનો સંત્રી ગુનેગારને લઈ જતા સરઘસને થોભાવે, અને ગુનેગારને પાછો કચેરીએ લઈ જાય. પેલો સાક્ષી ગુનેગારના બચાવના મુદ્દા રજૂ કરે. એ સાક્ષી કચેરીનો સભ્ય હોય કે ન હોય, અગાઉ સાક્ષી પુરનારો હોય કે ન હોય, છતાં એનું સાંભળવામાં આવતું.

આટલું જ નહિ, પણ ખુદ વધસ્થાને લઈ જવાતા ગુનેગારને પોતાને રસ્તામાં જ પોતાના બચાવનો કોઈ મુદ્દો સ્ફૂરી આવે, તો કાયદો જણાવે છે કે, એને પોતાનો બચાવ રજૂ કરવા કચેરીએ પાછો લાવવામાં આવે. ભલે પછી એને ચાર કે પાંચ વખત એમ પાછો લાવવામાં આવ્યો હોય, એટલું જ કે એના બચાવમાં કંઈક તથ્ય હોવું જોઈએ (સાન્હેદ્રિન ૬:૧).

ઓ મારા પ્રભુ, કેટકેટલા યહૂદી કાયદાની આવી આચી બચાવની માયાળુ કલમોમાંથી કોઈનોયે લાભ તમને મળ્યો નહિ ? ક્યાંક રહિત ઓ મારા ત્રાતા, તમે તો સદાય નિર્દોષ જ છો એની સાબિતીઓ ક્યાં ક્યાં નથી દેખાતી ! વિશ્વાસઘાતી યહૂદાની વાણીમાં ("નિરપરાધીનું મેં લોહી વહેવડાવ્યું છે"), મરતા ચોરના મુખ ઉપર ('એણે કંઈ ખોટું કર્યું નથી.'), રોમન સુબેદારની સાક્ષીમાં ("ખરેખર એ ઈશ્વરપુત્ર હતો."), પિલાતની જાહેરાતમાં ("મને એનામાં કંઈ દોષ માલુમ પડતો નથી.") પિલાત-પત્ની ક્લોડિયા પ્રોકુલાની સ્વપ્નીલ સાક્ષીમાં ("સદાચારી જનને તમે કંઈ કરતા ના, કારણ, આજે મને સ્વપ્નમાં તેમને લીધે ઘણું દુઃખ થયું છે."); અને બીજે ક્યાં નહિ ? તોય તમને આ માયાળુ કલમોમાંથી કોઈનોય લાભ મળ્યો નહિ ?

રે મારા દશ હજારમાં શિરોમણી સ્વામી, તમે બોલ્યા હોત તો આભલાના ગોટેગોટ ચીરીને આખુંયે આકાશ તમારી સાક્ષીમાં ઊતરી આવ્યું હોત ! તમે બોલ્યા હોત તો ગગનગોખના સઘળા જ સૂર્યો, ચંદ્રો અને તારાઓ તમારા ચરણોએ આવી પડીને એમની—'વચન પણ નથી અને શબ્દ પણ નથી, અને જેની વાણી સંભળાતીયે નથી' એવી મૂક, પણ અણુભંજનના ધડાકાથીયે અધિક પ્રચંડ એવી સાક્ષી પૂરી દેત. ઓ ખલકના ખાવિંદ, તમે બોલ્યા હોત તો મધસરોવરોનાં નીતર્યાં નીરે ઊમટી આવીને છાલકે છાલકે તમારી સાક્ષી પૂરી હોત. હા, જો તમે બોલ્યા હોત તો હરણાં ને સાબરો, ચકલાં ને કાબરો, હા, વાઘ અને સિંહ, બાજ અને રીંછ – સંધાંએ આવીને કેવી કેવી સાક્ષી પૂરી હોત ! પણ તમે મૂંગા રહ્યા ! ઘેટી કાતરનારની આગળ મૂંગી રહે તેમ તમે છેક મૂંગા રહ્યા ! તમે તો માનવ-જાતની પાપ–મુક્તિ માટે બલિદાન બની જવા આવ્યા હતા, એટલે તમે તો મૂંગા જ રહો ને !

પણ ઓ યહૂદીઓના આગેવાનો, ઓ શાસ્ત્રીઓ અને ફરોશીઓ, તમનેય એટલું ના સૂઝયું ? કાયદાની આવી માયાળુ કલમોનો લાભ મારા પ્રભુને આપવાનું તમનેય ના સૂઝયું ? હા, પણ તમને તો ક્યાંથી સૂઝે ? ન્યાયની ચકાસણી કરવાને બદલે ઊલટું એ નિર્દોષ 'ઈસુને મારી નાખવા માટે તમે યાજકોએ અને આખી ન્યાયસભાએ તેમની વિરુદ્ધ જૂઠી જુબાની શોધી' (બાઇબલ: માથ્થી ૨૬:૫૯). કેમ કે મારા પ્રભુએ કહ્યું હતું તેમ, "આ તમારી ઘડી અને અંધકારનું સામર્થ્ય છે" (બાઇબલ: લૂક ૨૨:૫૩).

અને ઓ મારા પ્રભુ, ઓ મારા "દુઃખી પુરુષ અને દરદના અનુભવી," તમારી દીનાવસ્થામાં તમારો ન્યાય ડૂબી ગયો ! 'તમારા પર જુલમ ગુજારવામાં આવ્યો તોયે તમે નમ્ર થઈને પોતાનું મોં ઊઘાડયું જ નહિ !' પણ એમ જ તમે 'મારાં દરદ તમારે માથે લીધાં, અને મારાં દુઃખ તમે વેઠયાં ! રે મારા ત્રીધન્ય સ્વામી, તમારા પાવનકારી ચરણોમાં મારું નત-મસ્તક નમાવું છું. વંદન ! મારાં લાખોલાખ વંદન !

## ઈસુ ઉપર ઓઢાડેલા આરોપો

ઘણા જૂઠા સાક્ષીઓ ઊભા કરવામાં આવ્યા હતા, અને તેઓએ તરેહ તરેહની જૂઠી જુબાનીઓ રજૂ કરી. એ બધી જુબાનીઓનો સાર આટલો જ હતો : (૧) ઈસુએ મંદિરને પાડી નાખી ત્રણ જ દિવસમાં પોતે ઊભું કરવાનું કહ્યું હતું; (૨) તેમણે પોતે ઇશ્વરપુત્ર હોવાનો એટલે કે ઈશ્વર સમાન હોવાનો દાવો કર્યો હતો; (૩) તેમણે લોકોને કેસરની વિરુદ્ધ ઉશ્કેર્યા હતા.

પહેલો આરોપ ખરો હોય તા ઇસુ જાદુગર છે, અથવા બાલઝબુલની મદદથી આવાં કામ તે કરે છે. એટલે નિયમશાસ્ત્ર પ્રમાણે એવી વ્યક્તિને મારી નાખવી રહી (બાઇબલ: નિર્ગમન ૨૨:૧૮, લેવીય ૨૦:૨૭). વળી ઈશ્વરના મંદિરને પાડી નાખવાની હલકટ વાત કરવી એ ધર્મનિંદા કહેવાય, ઈશ્વરનિંદા કહેવાય. અને નિયમશાસ્ત્ર પ્રમાણે એવી વ્યક્તિને પથ્થરે મારવી રહી. પણ ઈસુએ તો પોતાના શરીરરૂપી મંદિર વિષે કહ્યું હતું.

ત્રીજો આરોપ માત્ર બનાવટ હતી, અને ગવર્નર પિલાતની તરફદારી મેળવવા માટે જ ઉપજાવી કાઢેલો આરોપ હતો. આ બધી જુબાની અરસપરસ મળતી આવતી નહોતી, એટલે એ જૂઠી ઠરી.

## વડા પુરોહિતનો ચુકાદો

પરોઢિયું થવા આવ્યું. હજી સાન્હેદ્રિન ઈસુને દોષિત ઠરાવી શકી નથી. યહૂદી કાયદા પ્રમાણે 'સાબ્બાથ'વાર વિશ્રામનો દિવસ હોઈને સાબ્બાથવારે એટલે શનિવારે અથવા તહેવારના દિવસોએ ન્યાયસભા બેસાડી શકાય નહિ! એટલે શુક્રવારની સંધ્યા પહેલાં ચુકાદો અને ચુકાદાનો અમલ પતી જવો જોઈએ. પણ અહીં શુક્રવારનું મળસ્કુ થઈ ગયું છે. જૂઠા સાક્ષી બહુ ઊભા કર્યા, પણ કોઈની સાક્ષી એકબીજાને મળતી આવતી નથી

(બાઈબલ: માર્ક ૧૪:૫૬-૫૯). હવે શું કરવું ? પ્રભાત પહેલાં ચુકાદો અપાઈ જવો જોઈએ, ઈસુને મૃત્યુદંડ ફરમાવવો જોઇએ. પણ કયો ગુનો શોધી કાઢવો ? કયો દોષ મૂકવો ? એકેય જડતો નથી !

એટલે વડા પુરોહિત કાયાફાસે કાયદાને કોરે મૂકી દીધો. અને ન્યાયાધીશ તરીકે પોતે ભજવવાનો ભાગ છોડીને તે વકીલ બની બેઠો ! કાયાફાસે પોતે ઈસુને પ્રશ્ન પૂછીને ઊલટતપાસ શરૂ કરી !

પણ એ તો કાયદાશાસ્ત્રથી બિલકુલ વિરૂદ્ધ હતું. એમાં સાક્ષીઓની જુબાની મળતી આવતી ન હોય પણ જૂઠી ઠરતી હોય તોપણ ન્યાયાધીશ આરોપીની ઊલટતપાસ કરી શકે જ નહિ. ખરું તો આવા સંજોગોમાં આરોપીને છોડી મૂકવો જોઈએ, અને જૂઠા સાક્ષીઓને યહૂદી કાયદા પ્રમાણે પથ્થરે મારવા જોઈએ. પણ તેમ ન કરતાં અહીં તો ન્યાયાધીશ પોતે જ ઈસુની ઊલટતપાસ કરવા મંડી જાય છે ! આ કેવું અંધેર ! આ કેવો હળહળતો અન્યાય !


૧૦

યહૂદીઓની કાયદાકચેરીના તમામ નિયમોની વિરુદ્ધ આ થતું હતું. યહૂદી કાયદો તો નાગરિકનો રક્ષક હતો, અને નહિ કે ભક્ષક. આ નિયમ પ્રમાણે આરોપી પર આરોપ મૂકવાનો અધિકાર સાક્ષીઓનો રહેતો, નહિ કે ન્યાયાધીશનો. કચેરીની જવાબદારી એ રહેતી કે આરોપીના હિતનો તે બચાવ કરે, અને જુબાનીઓ પરથી સમતુલ ન્યાય તોળે. પણ અહીં તો 'વાડ જ ચીભડાં ગળવા લાગી,' પછી શું કહેવું ?

ઈસુ ગુનેગાર છે એવી કોઈની જુબાની ખરી પડી નહોતી, કોઈ પુરાવો મળ્યો ન હતો. એટલે કચેરીની દૃષ્ટિએ ઈસુ હજી નિર્દોષ જ હતા. ત્યારે કાયાફાસ કેવી રીતે ઊલટતપાસ કરી શકે ! ગુનેગારની ઊલટતપાસ હોય,

પણ જેની સામે તહોમત મૂકાયું જ નથી એવા નિર્દોષની ઊલટતપાસ ન હોય. અને ન્યાયાધીશ પોતે ઊલટતપાસ કરી શકે જ નહિ.

ન્યાયાધીશ કાયાફાસે પ્રશ્ન પણ કેવો પૂછ્યો ? પ્રશ્નનો હકારમાં જવાબ પણ ખતરનાક, અને નકારમાં જવાબ પણ ખતરનાક ! વળી પ્રશ્નનો જવાબ કંઈ જ ન વાળે, મૂંગા રહે તોયે આકરા 'સમ' ને લીધે ઈસુ ગુનેગાર ગણાય. કેવો ત્રી-પાંખાળો સાણસો ! પ્રશ્ન હતો: "ઈશ્વરનો પુત્ર જે ખ્રિસ્ત તે જ તું છે કે નહિ, એ અમને કહે (બાઇબલ: માથ્થી ૨૬:૬૩. વળી જુઓ માર્ક ૧૪:૬૨. લૂક ૨૨:૬૭-૭૦). જો જવાબ ન આપે તો ઈસુનું દૈવી સેવાકાર્ય નષ્ટ થાય. જો 'ના' કહે તો ઈસુ પોતાના જ શબ્દોથી જૂઠો પયગંબર ઠરે, અને એવા માટે કાયદામાં મૃત્યુદંડ જ હતો. જો 'હા' કહે તો આ લોકોના ન્યાય મુજબ ઈશ્વર-નિંદા કરી કહેવાય. અને યહૂદી કાયદા પ્રમાણે ઈશ્વરનિંદા માટે મૃત્યુદંડ જ હોય ! કેવા ત્રેવડા સાણસાનો પ્રશ્ન ! ગમે તે જવાબ મળે, પણ બોલનાર દોષિત જ ઠરે !

પણ યહૂદી કાયદામાં એક કલમ હતી કે કોઈ પણ વ્યક્તિના પોતાના એકલાના જવાબ પર જ એને ગુનેગાર ન ગણવામાં આવે. જ્યાં અન્ય સાક્ષી ન મળતી હોય ત્યાં વ્યક્તિના પોતાના બોલને ગુનેગારીની સાબિતી તરીકે ન ગણી શકાય. પણ ઈસુએ આ પ્રશ્નના આપેલા જવાબમાં જ ઈસુને દોષિત ઠરાવ્યા ! કાયદો એવી કબૂલાત માન્ય રાખતો નહોતો, છતાં ઈસુને ગુનેગાર ઠરાવ્યા ! અને તેયે ન્યાયાધીશે પોતે ! કાયદા કચેરીની આ કેવી બલિહારી !

અને ઈસુ મૂંગા ન રહે પણ જવાબ વાળે માટે કાયાફાસે ગંભીરમાં ગંભીર સમ દઈને તેમને પ્રશ્ન પૂછ્યો, જેથી ઈસુએ ઉત્તર વાળવો જ પડે. કાયાફાસે સમ દીધા: "હું તને ચેતનસ્વરૂપ પરમેશ્વરના સમ દઉં છું કે ઈશ્વરનો પુત્ર જે ખ્રિસ્ત તે તું જ છે કે નહિ, એ અમને કહે." કાયાફાસનું કેવું કપટ !

યહૂદીઓના કાનૂનગ્રંથ મિશ્નામાં આમ લખ્યું છે: "જો કોઈ એમ કહે કે 'સર્વસમર્થના નામમાં હું તને સમ દઉં છું, અથવા સૈન્યોના પ્રભુના નામે, કૃપાળુ અને દયાળુના નામે, ખામોશી રાખનારના નામે, અનુકંપાળુના નામે, કે પછી કોઈપણ દૈવી નામ કે ખિતાબને નામે હું તને સમ દઉં છું,– તો પછી સામી વ્યક્તિએ જવાબ આપવો જ પડે." એ પરથી જ કાયાફાસે ઈસુ પાસેથી જવાબ કઢાવવા માટે આ જાતના આકરા સમ દીધા. કાયાફાસની કેટલી ખંધાઈ! આવા આકારા સમની સામે કોઈ પણ માણસ મૂંગો રહી શકે નહિ.

ઈસુએ જવાબ વાળ્યો- "તમે જ કહો છો. વળી, હું તમને કહું છું કે, હવે પછી તમે માનવપુત્રને સર્વસમર્થ ઈશ્વરને જમણે હાથે બિરાજમાન તથા આકાશનાં વાદળો ઉપર આરૂઢ થઈને આવતો જોશો."

આ જવાબથી કાયાફાસ ખુશ થઈ ગયો. ઈસુના પોતાના જ શબ્દોથી એમને ગુનેગાર ઠરાવી દીધા! બાઈબલમાં લખ્યું છે: "વડા પુરોહિતે પોતાનાં વસ્ત્ર ફાડીને કહ્યું કે એણે ઈશ્વરનિંદા કરી છે; હવે આપણને બીજા સાક્ષીઓની શી જરૂર છે? જુઓ, તમે એ ઈશ્વરનિંદા સાંભળી છે. તમે શું ધારો છો? અને તેઓએ ઉત્તર દીધો કે એ મરણદંડને પાત્ર છે" (બાઈબલ: માથ્થી ૨૬:૬૫–૬૬).

નરદમ જૂઠું ઉપજાવી કાઢીન ઈસુને દોષિત જાહેર કર્યા. ન્યાયસભાના મત પણ લેવાયા નહિ. કાયદામાંનો વસ્ત્રો ફાડવાનો વિધિ પણ કાયાફાસે જ પતાવી લીધો. કાયાફાસનો બોલ નીકળ્યો પછી કોની મગદૂર હોય કે એથી ઊલટાં વેણ વદી શકે! એટલે જ સહુ બોલ્યા: "હા, એ મરણદંડને પાત્ર છે."

યહૂદી કાયદામાં બીજી એક કલમ હતી કે કોઈને પણ ધીમેધીમે રીબાતા મૃત્યુથી મારવો નહિ. છતાં યહૂદીઓએ પોકાર્યું, "એને વધસ્તંભે જડાવો."

વધસ્તંભનું મોત એ રીબાઈ રીબાઈને આવતું મોત હતું. યહૂદી કાયદાની બીજી પણ કલમ હતી કે જેને મૃત્યુદંડ ફરમાવ્યો હોય તેને અગાઉ ફટકા મારવા નહિ ('આલ્ફ્રેડ એન્ડરશેઈમ', ધી લાઈફ એન્ડ ટાઈમ્સ ઓફ જીજસ ધ મસાયા, લંડન પીકરીંગ એન્ડ ઈન્ગલીસ, ૧૯૫૯,માં પૃ. ૫૬૭). છતાંયે તેઓએ ઈસુના મુખ પર થૂંક્યા, મુક્કીઓ મારી અને લપડાકો ચોડી.

યહૂદી કાયદાનું ડગલે ને પગલે ખૂન કરવામાં આવ્યું. પણ એકાદ નાના નિયમને ન્યાયસભા ચુસ્ત વળગી રહી. મળસકે કચેરી બરખાસ્ત થઈ, જેથી કાયદાની માગ પ્રમાણે સવારે જ ફરી કચેરી બોલાવી શકાય. કાયદો હતો તે કે એ ને એ જ દિવસે ચુકાદો ના સંભળાવાય ! પણ મળસકુ અને સવારની વચ્ચે કેટલોક સમય હોય છે ! એટલા સમયને બીજો દિવસ કહેવાય ખરો ?

કાયદો તો એમ કહેતો હતો, આરોપી દોષિત છે એવું સાબિત થયા પછી એ ને એ જ દિવસે ચુકાદો ન આપવામાં આવે. કચેરી બરખાસ્ત થયા બાદ ન્યાયસભાના સભ્યો બબ્બેની જોડીમાં જાય, ઘેર જઈ નહિ જેવું જમે અગર ઉપવાસ કરે, દ્રાક્ષારસ બિલકુલ ન પીવે, અને આખી રાત બંને જણા જાગતા રહે અને આ કેસની ચર્ચા ચલાવે, એ પછી સવારે આખી ન્યાયસભા (સાન્હેડ્રિન) મળે, અને દરેક જણ પોતાનો અભિપ્રાય આપે. સૌથી પ્રથમ નાનો સભ્ય અભિપ્રાય આપે, અને એવા ક્રમમાં બધા અભિપ્રાય આપે જેથી બુઝર્ગોના અભિપ્રાયોનો જુવાનોના અભિપ્રાય પર પ્રભાવ ન પડે. એમ આરોપીને ફરી દોષિત ઠરાવી આખરે ફેંસલો આપે. ઈસુના કેસમાં આ કાયદો પણ નેવે જ મૂકાયો ને !

## પિતરનો નકાર

શોકભર્યા હૈયે ઈસુએ શિષ્યોને કહ્યું હતું : "તમે સહુ આજે રાત્રે મારા સંબંધી ઠોકર ખાશો, કારણ, લખેલું છે કે, હું ભરવાડને મારીશ, ને ટોળાનાં ઘેટાં વિખેરાઈ જશે" (બાઈબલ : માથ્થી ૨૬:૩૧). ત્યારે ઉતાવળિયો પિતર કેવું બોલી ઊઠ્યો હતો કે, "જો કે બધા તમારા સંબંધી ઠોકર ખાય

તોપણ હું કદી ઠોકર નહિ ખાઈશ" સામેથી ઈસુએ પિતરને ધીરો પાડતાં ભવિષ્ય કહ્યું હતું, "હું તને ખચીત કહું છું કે, આજે રાત્રે મરઘો બે વાર બોલ્યા અગાઉ તું ત્રણ વાર મારો નકાર કરીશ." ચૂપ રહેવાને બદલે પિતર ફરી પાછો બોલી ઊઠયો, "જો કે તમારી સાથે મારે મરવું પડે તોયે હું તમારો નકાર નહિ જ કરીશ."

પણ પછી શું બન્યું? કાયાફાસના મહેલની દાસી આગળ બે વખત અને ચાકરની આગળ એક વખત, એમ ત્રણ વખત પિતરે ઈસુને નકારી કાઢયા. દાસીએ માત્ર કહ્યું કે, "તું પણ ઈસુની સાથે હતો," ત્યારે તે પોતાને શિરે શાપ વહોરવા તથા સમ ખાવા લાગ્યો કે, "હું તે માણસને ઓળખતો જ નથી! ઈસુને માટે મરવા તૈયાર થનારો ત્રણ ત્રણ વાર ઈસુને નકારી કાઢે! એ જ સમયે ભાલદારો ત્યાં આંગણામાં થઈને ઈસુને ચોકીપહેરામાં લઈ જતા હતા. જતાં જતાં ઈસુએ પિતરની સામે જોયું. દૃષ્ટિ મળી. અને તરત પિતરને ઈસુના શબ્દો યાદ આવ્યા કે, "આજે રાત્રે મરઘો બે વાર બોલ્યા અગાઉ તું ત્રણ વાર મારો નકાર કરીશ." એ પછી તો પિતર બહાર જઈને કંઈ રડયો છે!

ઈસુની એક જ નજર પિતરને હૃદયની આરપાર વીંધવા પૂરતી હતી. એ નજરમાં શું હતું? શું ઈસુ એમ કહેવા માગતા હતા: 'બસ કે? જોઈ લીધા તમને! માત્ર બડાસ જ હાંકતા હતા ને! ભવિષ્યમાં તમે શું ધોળવાના?' ના, ઈસુની નજર કડક નહોતી. એમાં ખિન્ન થયેલા પ્રેમનાં આછાં આંસુનું ઝળઝળિયું હતું. એટલું જ નહિ એમાં મૂક વાણીના ઈશારા હતા: 'પિતર,હું હજીએ એટલો જ પ્રેમ રાખું છું. હું તને ચાહું છું. મેં તને મારા પ્રેમના વર્તુળની બહાર કાઢયો જ નથી.' વળી એ નજરમાં પિતરને અપાતી બીજી તક પણ હોય એવુંયે લાગતું હતું. પરીક્ષામાં નાપાસ થયેલા પોતાના નાના બાબા તરફ વહાલસાયી માતા જોઈ રહે, બરાબર એમ જ. 'ના', પિતર, તું ફરી મહેનત કર. ભલે આ વખતે નાપાસ થયો!'

યાદ છે? વ્યભિચારના પાપમાં પકડાયેલી પેલી સ્ત્રીને પ્રભુ ઈસુએ શું કહ્યું હતું? (બાઈબલ : યોહાન ૮:૧-૧૧). ધર્મધુરંધરો આ સ્ત્રીને પથ્થરે મારવા લાવ્યા હતા. સમાજનો કાયદો હતો કે એવી પાપમાં પકડાયેલી-ઓને પથ્થરે મારવી.

પ્રભુ ઈસુની કસોટી કરવા તેઓ આ સ્ત્રીને પ્રભુ ઈસુ પાસે લાવ્યા, અને પૂછ્યું, કાયદો આમ કહે છે, પણ તમે શું કહો છો? પ્રેમનો પ્રભુ, માફી-નો પ્રભુ, કહે છે, "તમારામાં જે કોઈ પાપ વગરનો હોય તે આ સ્ત્રી પર પહેલો પથ્થર નાખે." એટલે શું બન્યું? એક પછી એક સૌ કોઈ ચાલ્યા ગયા. પેલી સ્ત્રી તો જમીન પર હજી ઊંધી જ પડી રહી હતી, માથું હાથો વડે ઢાંકી રાખેલું હતું, અને હજીએ એમ જ માનતી હતી કે હમણાં ઘાતકી પથ્થરો ધડાધડ મારા શિર પર પડશે, માથું ભાંગી જશે, મોં છૂંદાઈ જશે, હાડકાંના ભૂકેભૂકા થઈ જશે. એમ જ એ કાંપતી કાંપતી રાહ જોતી હતી.

એવામાં જ પ્રભુ ઈસુ માયાળુ સ્વરે બોલ્યા, "બહેન, તને કોઈએ દોષિત ઠરાવી શું?" અને પ્રથમ જ વાર આ સ્ત્રી ઊંચું જુએ છે, અને ભય તથા આશ્ચર્ય સહિત આસપાસ નજર ફેરવે છે. તે બોલી ઊઠી, "ના, પ્રભુ, કોઈએ નહિ." અને આ કેવાં પ્રેમાળ વચનો! – કેવાં માફીનાં વચનો! પ્રભુ ઈસુ બોલ્યા, "હું પણ તને દોષિત ઠરાવતો નથી, જા, હવેથી પાપ કરતી ના." શરમથી ઊંચું જોઈ ન શકનારના પણ વ્રણ પ્રભુ ઈસુની પ્રેમાળ નજર આરપાર જોઈ શકે છે, તેનું હૃદય દુઃખ પારખી શકે છે. અને તેને ક્ષમાનાં વેણ સંભળાવે છે. હા, નવી તક આપે છે.

પેલા કવિએ કાવ્યમાં લખ્યું છે ને, "લાજથી ઘા ઢાંકે જે દુઃખદાર, તુજ પ્રેમદૃષ્ટિ જુએ આરપાર." હા, હે પ્રભુ, મેં તમારા કરેલા નકાર, મેં કરેલો તમારો ત્યાગ, એ બધા મારા સડેલા જખમો! એ પ્રેમના પ્રભુ, કેટલીય વખત મેં તમને હડસેલી દઈને મને પોતાને આગળ ધર્યો છે! તમારા

૧૨

પ્રભાવને આગળ ધરવાને બદલે કેટલી બધી વખત મેં મારાં જ ગુણગાન ગાયાં છે. મારી જ કીર્તિનાં ગાણાં ગુંજયાં છે! આ બધા નકાર! એ બધાં મારા ઘાં!' શરમને લઈને હું એ મારાં ઘારાં ઢાંકવા મથું છું, પણ, ઓ મારા ત્રાતા, તમારી પ્રેમદૃષ્ટિ એ બધું આરપાર જુએ છે. તમારી પ્રેમાળ નજર મને જાણે ના કહેતી હોય, 'દીકરા, મારો હાથ પકડ, અને ફરી આગળ ચાલ!'

## ઈસુ પિલાતની સમક્ષ

સવાર થતાં જ વડા પુરોહિતો તેમ જ વડીલો, શાસ્ત્રીઓ અને આખી ન્યાયસભાએ ઈસુને ફરીથી દોષિત ઠરાવ્યા. પછી તેમને બાંધીને લઈ ગયા, અને રોમન ગવર્નર પિલાતની આગળ રજૂ કર્યા. જેમ ભારતમાં બ્રિટિશ સરકાર વતી વાઈસરોય રહેતા, તેમ રોમન સરકાર વતી તેમનો 'ગવર્નર' આખો વિસ્તાર સાચવતો, અને સત્તા ચલાવતો. આમ તો પિલાત કાઈસારિયા શહેરમાં રહેતો હતો. પણ અવારનવાર યરૂશાલેમમાં આવીને થોડો સમય ગાળતો. કાઈસરિયા યરૂશાલેમથી ઉત્તરે પચાસ માઈલે દરિયાકાંઠે આવ્યું હતું. પાસ્ખાના પર્વને ટાણે લાખો યહૂદી યાત્રાળુઓ યરૂશાલેમમાં આવતા. એવે વખતે લોકોમાં હુલ્લડ કે બળવો ફાટી નીકળવા સંભવ હતો. એટલે તે યરૂશાલેમમાં આવ્યો હતો.

પ્રભુ ઈસુએ જાહેર સેવા કરી એ અરસામાં જ પિલાત ગવર્નર તરીકે નીમાયો હતો. એ કડક સ્વભાવનો અને જિદ્દી હતો. યહૂદીઓ પર એણે અનેક રીતે ત્રાસ વરસાવ્યો હતો. તેથી તે અકારો થઈ પડ્યો હતો. વળી તે લાંચિયો, ભ્રષ્ટ અને ખૂની હતો.

યહૂદીઓ 'એકેશ્વરવાદી' એટલે કે એક જ ઈશ્વરમાં માનનારા હતા. મૂર્તિપૂજાને તેઓ મહાપાપ ગણતા. બાઈબલે તેમને મૂર્તિપૂજાથી દૂર રહેવા

શીખવ્યું હતું. એટલે તેઓ મૂર્તિઓની સમીપે પણ જતા નહોતા, અને મૂર્તિઓની નજદીક જવાથી પોતાને અપવિત્ર થયેલા માનતા.

યરૂશાલેમમાંના પિલાતના મહેલમાં રોમન દેવદેવીઓની વેદી હતી. તેથી યહૂદી આગેવાનો મહેલની અંદર જઈ ન શકે, રખે ને તેઓ પોતે અપવિત્ર થાય, અને ખાસ કરીને પાસ્ખાના આ પવિત્ર સમાહમાં. એટલે પિલાતે પોતાનું ન્યાયાસન મહેલની બહાર, કદાચ આંગણામાં મૂકાવ્યું, અને યહૂદી આગેવાનોનું સાંભળવા પોતે એના પર બેઠો. પિલાત આપે તે આખરી ચુકાદો ગણાતો. એની ઉપર અપીલ માત્ર રોમના શહેનશાહને જ થઈ શકે.

દુનિયાની કોઈ પણ કચેરીમાં પૂછાય છે તેમ પિલાતે પહેલો પ્રશ્ન પૂછ્યો, "એ માણસ પર તમે શું તહોમત મૂકો છો ?" (યોહાન ૧૮:૨૯). યહૂદી આગેવાનો ઈસુને મૃત્યુદંડ અપાવવા ઇચ્છતા હતા. પણ વિશ્વવિખ્યાત રોમનતુલા પ્રમાણે શરૂઆતે તો પિલાતે જરાયે મચક ન આપી. ઊલટું તે બોલ્યો, "તમે પોતે એને લઈ જાવ અને તમારા નિયમશાસ્ત્ર પ્રમાણે તેનો ન્યાય કરો" (બાઇબલ : યોહાન ૧૮:૩૧. વળી જુઓ પ્રે. કૃ. ૧૮:૧૩–૧૭). યહૂદીઓને એવો જવાબ જોઈતો નહોતો, કારણ મૃત્યુદંડ ફરમાવવાની સત્તા તેઓની પાસે નહોતી, – ફક્ત રોમન ગવર્નર પાસે જ હતી ! મૃત્યુદંડ સજા તો માત્ર રોમન કચેરી જ ફરમાવી શકે. પણ યહૂદીઓએ તો ઈસુને મારી નાખવાનો નિર્ણય કરી લીધો હતો. જો યહૂદીઓ ઇસુને લઈ જઈને પોતાના કાયદા પ્રમાણે ગુનેગાર ઠરાવી મારી નાખે તો રોમન કાયદા પ્રમાણે તેઓ ખૂનીઓ ગણાય, કારણ, કોઈ માણસને મારી નાખવાની સત્તા તેમના હાથમાં નહોતી. પિલાત તેમની સામે કાયદો લગાડે. પિલાતને એવું જ જોઈતું હતું.

એટલે જ આગેવાનોએ પિલાતની આગળ કેવાં ગલાંતલાં કર્યાં ? અને ઈસુ પરના તહોમતના પ્રકાર કેવા બદલતા રહ્યા ! કારણ, એ તહોમતો સાબિત કરવા તેમની પાસે કોઈ પુરાવા કે સાબિતીઓ નહોતાં. 'ઈસુ પોતાને

યહૂદીઓનો રાજા કહેવડાવે છે'....અને 'અમારે તો કૈસર સિવાય કોઈ રાજા નથી.' વાહરે ! રોમની સત્તાને હાડોહાડ ધિક્કારનારા આ યહૂદી આગેવાનો કયારે કૈસર પર પ્રેમ કરનારા બની ગયા ? સામા માણસને દોષિત ઠરાવવા માણસો સિદ્ધાંતોના કેવા કેવા 'પક્ષ-પલટા' કરે છે ! પિલાત એ બધું સમજતો હતો. પક્ષ-પલટા રાજકીય ખાબોચિયાંમાં ઠીક લાગતા હશે. પણ એ અધમ નીતિ છે.

પિલાતના મનમાં એક વાત સ્પષ્ટ થઈ ગઈ હતી કે ઈસું તદ્દન નિર્દોષ છે. કેટકેટલી વાર તેણે જુદી જુદી રીતે જાહેર પણ કર્યું હતું કે 'મને એનામાં કંઈ દોષ માલુમ પડતો નથી.' એની પત્ની કલોડિયા પ્રોકુલાએ પણ એને કેવી ચેતવણી આપી હતી !*

દલીલબાજ યહૂદીઓ આગળ પિલાતનું કાંઈ ચાલ્યું નહિ. પણ ભૂતકાળમાં બનેલા કેટલાક બનાવોને લીધે પિલાત ભીતરમાં યહૂદી આગેવાનોથી ડરતો હતો. અને પોતાની જ વિરૂદ્ધ બળવો થાય, અને કૈસરને કાને એ વાત જાય એથી તે ડરતો હતો. એટલે જ એણે ન્યાયને નેવે મૂકયો; યહૂદીઓને ખુશ કર્યા.

## ઈસુ હેરોદ સમક્ષ

પર્વને સમયે હેરોદ યરૂશાલેમમાં આવ્યો હતો. એ ગાલીલ પ્રાંતનો રાજા હતો; સર્વસત્તાધારી રાજા નહિ, પણ રોમનો તાબેદાર રાજા, એની પાસે ખાસ મોટી સત્તા નહોતી. એ માત્ર રમકડું – રાજા હતો; મોજીલો અને રંગીલો રાજા હતો. પિલાતે ઈસુને હેરોદની પાસે મોકલ્યા. પિલાત અને હેરોદ વચ્ચે તો વેર હતાં. પણ બે પ્રકારના ભેળસેળ આશયથી પિલાતે એ પગલું ભર્યું. એક તો હેરોદ ખુશ થશે, અને જૂનાં વેર મટી જશે. અને બીજું, ઈસુને લીધે કદાચ યરૂશાલેમમાં બળવો ફાટી નીકળે

*એક ઊતરી આવતી માન્યતા છે કે પિલાતની સ્ત્રીએ યહૂદી ધર્મ સ્વીકાર્યો હતો, અને યહૂદેણ બની હતી.

તો એમાં હેરોદ પણ સંડોવાય, અને કૈસર આગળ પોતે તો નહિ, પણ હેરોદ બદનામ થાય. પણ 'લોંકડા'નું માનસ ધરાવતા હેરોદે ઈસુના ઠઠ્ઠા-મશ્કરી કર્યા પછી તેમને પિલાત પાસે પાછા મોકલ્યા. એ દિવસથી પિલાત અને હેરોદ વચ્ચે મૈત્રી થઈ !

## ફરી પિલાત પાસે

ફરી એક વાર પિલાતે ઈસુની ચકાસણી કરી, અને યહૂદી આગેવાનોને જણાવ્યું કે, "....મેં તમારી આગળ તેની તપાસ કર્યા છતાં, જે વાતોનું તમે તેના પર તહોમત મૂકો છો તે સંબંધી કંઈ પણ અપરાધ આ માણસમાં મને જણાયો નથી....મરણદંડને યોગ્ય તેણે કંઇ કર્યું નથી" (બાઇબલ : લૂક ૨૩:૧૪). ફરી એક વાર પિલાતે સ્પષ્ટ રીતે ઈસુને નિર્દોષ જાહેર કર્યા. કાયદાની વ્યવસ્થા પ્રમાણે હવે ઈસુને છૂટા કરી દેવા જોઈએ. પણ પિલાત નબળો ન્યાયાધીશ હતો. અને નબળો ન્યાયાધીશ હંમેશાં ન્યાયની સાથે ચેડાં કરે. પિલાતે કહ્યું, "હું તેને કંઈક શિક્ષા કરીને છોડી દઈશ:" પિલાત, શાને માટે શિક્ષા ? શા ગુનાને માટે "કંઈક શિક્ષા કરીને !"

પિલાત પોચા નિશ્ચયનો અને ઢીલો છે એવું યહૂદીઓના આગેવાનોએ જોઈ લીધું. આ આગેવાનોએ પૈસા આપીને એકઠાં કરેલાં ભાડૂતી ટોળાં પોકારી ઊઠયાં, "એને વધસ્તંભે જડાવ. વધસ્તંભે જડાવ." ટોળાંના પોકાર અને તોફાનોને લોકશાહી કહેવાય ખરી ? લોકશાહીને નામે ભાત ભાતના અને જાત જાતના નારા લગાવતી ટોળાશાહી કેવી ખતરનાક નીવડે છે !

બાજીગર પિલાતે ફરી બાજી બદલી. લોકોની માગણી પ્રમાણે મૃત્યુદંડના કોઈ એક ગુનેગારને પર્વ પ્રસંગે મુક્તિ આપવામાં આવતી. એક આરોપી ઈસુ, અને બીજો આરોપી હતો 'બારાબ્બાસ.' એનું નામ પણ 'ઈસુ' હતું. 'બારાબ્બાસ' એટલે 'પિતાનો પુત્ર' (બાર અબ્બાસ) થાય. "તમારે સારુ આ બેમાંથી કોને છૂટો કરું ? એનો જવાબ મળ્યો. "બારાબ્બાસને." આ પસંદગી કેવી ? લૂંટારો, ખૂની અને શહેરની

શાંતિ ખોરવી દેનારો બારાબ્બાસ! એને છૂટો કરો! અને પરદુઃખ-ભંજનહાર, દયાનો દેવ, નિષ્કલંક, એને વધસ્તંભે જડાવો! ઉશ્કેરાયેલાં ગાંડાતુર લોકોનાં ટોળાં અને આ શાંત, અડગ કેદીની વચ્ચે ઢ઼ીલુંપચું પિલાત આંટાફેરા ખાય છે. આખરે "તો ઈસુ જે ખ્રિસ્તને કહેવાય છે એને હું શું કરું!" એવા પિલાતના પ્રશ્નનો જોરદાર જવાબ મળ્યો, "એને વધસ્તંભે જડાવ." અને ડૉ. લૂકે એના વૃત્તાંતમાં, જેનું માનવ–ઇતિહાસમાં હજારોહજાર વાર પુનરાવર્તન થયાં જ કરે છે, એવી બીના નોંધી કે "તેઓના ઘાંટા આખરે ફાવ્યા." ટોળાંશાહીના ઘાંટા આગળ રોમન સત્તાધિશે શરણાગતી સ્વીકારી!

લાંબી રિબામણ જેમાં સમાયેલી હોય એવા મૃત્યુદંડની યહૂદી કાયદામાં મના હતી. છતાં યહૂદી ટોળાંએ અને યહૂદીઓના આગેવાનોએ એ કાયદા વિરુદ્ધની જ માગણી કરી, "એને વધસ્તંભે જડાવ, વધસ્તંભે જડાવ."


## વધસ્તંભની સજા

વધસ્તંભની સજા બહુ ભયંકર, ઘાતકી અને લાંબી વેદના ભરી હતી. ગુલામો અને બંડખોરો માટે રોમન સરકાર આ પ્રકારની સજા ફટકારતી. રોમન નાગરિકને એ સજા કદી દેવાતી નહિ. પથ્થરે મારવાની, આગમાં બાળી નાખવાની, ફાંસો દેવાની કે માથું કાપી નાખવાની સજાઓ વધસ્તંભની સજા આગળ બહુ સૌમ્ય ગણાય. વધસ્તંભની સજામાં ગુનેગારને લાકડાના થાંભલે ખીલા મારીને લટકાવી દેવામાં આવતો, અને એ સ્તંભ ઉપર ગુનેગાર બે–ત્રણ દિવસ સુધી જીવતો પીડાયા કરતો. ખીલાની તીવ્ર વેદના ઉઘાડા ઘાઓમાં ઊઠતી, નસો બધી ગરમ ગરમ થઈને તતડી ઊઠતી, તાવથી શરીર ભાંગી જતું, તરસ બેસુમાર લાગતી, – અને પાણી તો મળે નહિ! વિશ્રામ મેળવવા શરીરની સ્થિતિ જરીએ ન બદલી શકાય. જરાકેય હલનચલન ભયંકર વેદના ઉપજાવે. ખીલાના ઘાથી હાથોમાં ઊઠતી તીવ્ર વેદનાને શાંત પાડવા ગુનેગાર પોતાના પગ ઊંચા કરી હાથોમાં ઢીલ મૂકવા જતો, તો પગોમાં ખીલાને લીધે પારાવાર વેદના ઊઠતી. એમ

પગને રાહત આપવા જતાં હાથોમાં કાળી વેદના ઊઠતી, અને શ્વાસ લેવામાં ભારે મુશ્કેલી પડતી: એકેય સ્થિતિમાં શાંતિ મળતી નહિ. ઉઘાડાં ઘા પર ચચકાબંધ માખો અને મચ્છરો બણબણ્યા કરે, — ઉડાડી શકાય નહિ.

વધસ્તંભની શિક્ષામાં મોટે ભાગે હાથે અને પગોમાં ખીલા મારી વધના લાકડા સાથે ગુનેગારને જડી દેવામાં આવતો. ઈસુના વધસ્તંભના મોટા ભાગનાં ચિત્રોમાં એમની હથેલીઓમાં ખીલા મારેલા દેખાડવામાં આવે છે. પણ ઘણાનું કહેવું છે કે હથેલીઓમાં ખાસ માંસ કે મોટાં હાડકાં હોતાં નથી; અને અધ્ધર લટકેલા શરીરના સાઠ-સિત્તેર કિલો વજનને કારણે આવી પડી ગયેલી હથેળીઓ ફાટી જાય, અને વધસ્તંભેથી હાથ છૂટી જાય, — શરીર ગબડી પડે. એટલે જ એ ખીલા કાંડાંમાં માર્યા હશે. કેટલાક કેસોમાં ખીલા નહિ, પણ શણના દોરડાથી કસીને હાથો અને પગો સ્તંભ સાથે જકડી દેવાતા.

ત્રણ ત્રણ દિવસ સુધી એવાં ક્રારમી વેદના થતી કે જડાયેલા ગુનેગારો શાપ, ગાળો અને ભયંકર અપશબ્દો ઉચ્ચારતા, બૂમાબૂમ કરતા, જીભ કચડી નાખતા, પોતાના જન્મદિનને શાપ આપતા. કરુણ આક્રંદ સાથે મોતને ઝંખતા. પણ મોત ઝટ આવતું નહિ. વધસ્તંભની આવી ભયંકર



૧૩

વેદનાએ ગ્રીક તેમ જ અંગ્રેજી ભાષાને એક શબ્દ આપ્યો છે. ભયંકરમાં ભયંકર એવી તીવ્ર વેદના માટે ગ્રીક ભાષામાં શબ્દ છે : 'ક્રૂસિયાતસ' અને એ પરથી અંગ્રેજીમાં છે 'એકસ્ક્રૂસિયેટીંગ' (excruciating). એ બંને શબ્દો 'ક્રૂસ' ઉપરથી બનેલા છે.

ક્રૂસની સજા ઈરાનમાં શરૂ થઈ. ઈરાનીઓના દેવ અહુરમઝદ માટે બધી જમીન પવિત્ર મનાતી હોવાથી ભયંકર ગુનેગારને અધ્ધર ટાંગવામાં આવતો, જેથી ભૂમિ અપવિત્ર ન થાય. ઈરાનથી આ સજા કાર્થેજ ગઈ. અને ત્યાંથી રોમનોની પાસે આવી. ત્યારથી રોમનો એ સજા વાપરતા થયા.

## કોરડાનો માર

ન્યાયનું નાટક ખેલાઈ ગયું ! યહૂદી આગેવાનો ફાવ્યા. પિલાત પોચો પડયો. નબળા પિલાતે યહૂદી આગેવાનોની બળવાન ઈચ્છા આગળ નમતું જોખ્યું. રોમન સૈનિકો ઈસુને લઈ ચાલ્યા. રોમની રીત હતી કે વધસ્તંભે જડતાં પહેલાં ગુનેગારને કોરડાનો માર મારવો. ઈસુને પણ કોરડા મારવા લઈ ગયા.

કોરડાની શિક્ષા ઘણી ઘાતકી શિક્ષા હતી. પુનર્નિયમ ૨૫ : ૨–૩ પ્રમાણે યહૂદી રીત મુજબ ગુનેગારને સુવાડીને પીઠ ઉપર ફટકા મારવામાં આવતા: "જો દુષ્ટ માણસ ફટકા યોગ્ય હોય તો એમ થાય કે ન્યાયાધીશ તેને સુવાડીને તેના ગુના પ્રમાણે ગણીને તેને પોતાના દેખતાં ફટકા મરાવે. ચાળીસ સુધી તે તેને મારે, પણ તે ઉપરાંત નહિ." રખે ને ભૂલથી ચાળીસ કરતાં વધારે ફટકા મરાઈ જાય, અને કાયદો ભંગ થાય એમ સમજીને સામાન્ય રીતે ઓગણચાળીસ ફટકા મારવામાં આવતા (બાઈબલ : ૨ કોરિંથી ૧૧:૨૪). ચામડાની વાધરીઓનો ચાબૂક બનાવવામાં આવતો. એમાં બળદના ચામડાની એક અને ગધેડાની ચામડાની બે વાધરી લેવામાં આવતી. તેર ફટકા જમણા ખભા તરફ પીઠ ઉપર, બીજા તેર ફટકા ડાબા ખભા તરફ પીઠ ઉપર, અને આખરે બાકીના તેર ફટકા કમરની આસપાસ મારવામાં આવતા.

રોમન ફટકાની શિક્ષા તો ઘણી જ ઘાતકી અને ત્રાસજનક હતી. લાકડાનો જાડો નાનો કકડો લઈ એની આસપાસ ચામડાની સંખ્યાબંધ વાધરીઓ બાંધવામાં આવતી. પ્રત્યેક વાધરીને છેડે તીક્ષ્ણ અણીદાર હાડકાંના કે પછી સીસા, ત્રાંબા કે લોખંડના કકડા ગૂંથી લેવામાં આવતા. ફટકાની સંખ્યા નક્કી નહોતી. પીઠ ઉપર ફટકા પડતા ત્યારે માત્ર ચામડી ઉપર સોળ ઊઠતા એમ નહિ, પણ હાડકાંના કે ધાતુના કકડા માંસને વીંધી નાખતા, અને માંસના નાના નાના ટૂકડા લઈને બહાર આવતા. ગુનેગારની પીઠ રેંસાઈ જતી, છૂંદાઈ જતી. બહાર નીકળેલું માંસ અને લોહી તેની પીઠ

ઉપર વેર–વિખેર પથરાતા. ગુનેગાર બેસુમાર યાતના પામતો. સામાન્ય માણસ તો થોડાક ફટકામાં મૂર્છા ખાઈ જતો. આવા રોમન ફટકા 'અર્ધું મોત' ગણાતા. ગુનો કબૂલ કરાવવા કે સાક્ષી પુરવાર કરાવવા પણ આ શિક્ષા વપરાતી. ઈ. સં. ૧૨૩માં અને ૨૪૮માં પોશિયન અને સીન્પ્રોનિયન કાયદાની રૂએ રોમન નાગરિકને આ સજા કરવામાં આવતી નહોતી.

યહૂદી રીતે કોરડાની શિક્ષામાં ગુનેગારને સુવાડીને ફટકા મારવામાં આવતા, જ્યારે રોમન રીતે કોરડાની શિક્ષામાં ગુનેગારને નમાવવામાં આવતો. એના હાથ પીઠ પાછળ રાખી એને થાંભલે બાંધવામાં આવતો. સામાન્ય રીતે તદ્દન નીચા, ત્રણ ફૂટ ઊંચાઈના થાંભલે ગુનેગાને બાંધતા. પછી ફટકા મારવામાં આવતા. રોમન સૈનિક પોતે ફટકા લગાવતા. ફટકાના ઘાથી થતી વેદના અસહ્ય બનતી. શરીર ભયંકર રીતે ચીસાઈ જતું.

સૈનિકોએ ઈસુનાં વસ્ત્રો ઊતારી લીધાં. અને તેમના હાથ થાંભલા સાથે પાછળ બાંધી દીધા. આશરે ચારસો સૈનિકોની ટૂકડી ત્યાં ખડી હતી. ઈસુની સાથે ક્રૂસે જડવામાં આવનાર પેલા બે બહારવટિયાને ફટકા મારવામાં આવ્યા નહોતા. ઈસુની ઉઘાડી પીઠ ઉપર ક્રૂર કોરડાનો માર પડયો. પ્રત્યેક કોરડે ઈસુના પગ અને સઘળાં ગાત્રો ધ્રૂજી ઊઠયાં હશે. અને ફટકા ફક્ત પીઠ પર જ નહોતા પડતા; પીઠ પર ફેંકેલી લાંબી વાધરીઓ પેલી બાજુ છાતી પર પણ વિચિત્ર અવાજ સાથે ફરી વળતી, અને છાતી પણ વીંધાઈ જતી.

આવે સમયે ભલભલા ગુનેગારો બૂમાબૂમ કરી મૂકતા અને પછી બેભાન બની જતા. આ પારાવાર વેદનામાં ઈસુએ બૂમ પાડી કે નહિ એ તો ખબર નહિ; પણ મૂંગી પ્રાર્થના તો કરી જ હશે. એમના આખા જીવનની રસમ પ્રમાણે એ જ નૈસર્ગિક હતું.

પેલો રોમન સુબેદાર ત્યાં જ ઊભો હતો, અને બધું નિહાળતો હતો. એના મનમાં શું મનોમંથન ચાલી રહ્યું હશે ? એની ફરજ હતી કે ગુનેગાર

બેભાન બની જાય, અને એનું ભાન પાછું આવનાર નથી એમ લાગે, તો કોરડાની સજા બંધ કરવા હુકમ આપવો. આમ ઈસુને કોરડાની સજા પૂરી થઈ. તેમને થાંભલેથી છોડવામાં આવતાં તે ધરણી પર ઢળી પડ્યા હશે. આજે પણ યરૂશાલેમમાં ખોદી કાઢેલું આ સ્થળ જોવા મળે છે. પેલો ટૂંકો થાંભલો પણ છે. પયગંબરે કેવું ભવિષ્યકથન લખ્યું હતું! —"આપણા અપરાધોને લીધે તે વીંધાયો, આપણાં પાપોને લીધે તે કચડાયો, આપણને શાંતિ પ્રાપ્ત કરાવવાને માટે તેને શિક્ષા થઈ, અને તેના સોળથી આપણને સાજાપણું મળ્યું છે" (બાઇબલ : યશાયા ૫૩:૫). મારા વહાલા વાચક, તને આ સાજાપણું મળ્યું છે? તને શાંતિ થઈ છે?

## કાંટાળો તાજ

ઘાતકી ફટકાથી ઈસુ તદ્દન નિર્ગત બની ગયા હતા. શરીરનો એકએક જ્ઞાનતંતુ ચિત્કારી ઊઠ્યો હતો. નિર્ગતતાને કારણે ઊભા રહેવાતું નહોતું. એવામાં એમને જાંબુરંગી ઝભ્ભો પહેરાવ્યો, સ્ટૂલ ઉપર બેસાડ્યા, હાથમાં બરુની લાકડી આપી, –રાજછડીને બદલે. યહૂદીઓના રાજા ખરા ને! પછી લપડાકો, મુખ પર થૂંકવાનું, અને મશ્કરી પર મશ્કરી ચાલ્યાં.



૧૪

કોઈ કે આસપાસથી તીક્ષ્ણ કાંટાની ડાંખળીઓ લાવીને મુગટ ગૂંથી કાઢ્યો. પછી ઈસુને માથે દબાવ્યો! ભોંકાયેલા એ કાંટાઓ દ્વારા શિરપર ઠેકઠેકાણે લોહીનાં ટીપાં સરવા લાગ્યાં. માથામાં કાંટા! અરે ઓ દુનિયાની વનકંટાળીના નિર્દોષ કાંટાઓ, તમને જીવ હોત તો તમારા

સરજનહાર અને સ્વામીના શિરમાંથી નીકળી નીકળીને, ભાગી ભાગીને તમે જંગલોમાં સંતાઈ ગયા હોત ! પણ અફસોસ ! તમને જીવ નથી, તમે લાચાર છો. પણ ઓ મારા સ્વામી, કાંટા અને ઝાંખરાં જેવાં હૈયાં અને કાતિલ કાંટાળાં દિલ બીજું શું કરે ? એદનનો શાપ તમે પોતે માથે લીધો ! "તારે લીધે ભૂમિ શાપિત થઈ છે....ને કાંટા તથા કંટાળી તારે સારુ ઉગાવશે" (બાઈબલ : ઉત્પતિ ૩:૧૭–૧૮). આ શાપ, ઓ મારા રાજા, તમે માથે લીધો ? કાંટાળાં મારા પાપ તમે માથે લીધાં ? અને મને જીવનનો મુગટ પહેરાવો છો ! આવી લાગણીભર્યા હૃદયે જ પેલા ભક્ત કવિએ ગાઈ લીધું :

"સ્ફટિક ક્રૂસબંદી પરે, ખ્રિસ્તના ઘાયલ પગ પાસ,
ઉતારીશ તાજ હું તે વારે, નામ તેનું સતવીસ ખાસ."

"જુઓ, આ માણસ !"

તેઓ ઈસુને ફરી પિલાતની પાસે લાવ્યા. પિલાત ઈસુને લોકોની સામે ખડાં કરે છે, અને કહે છે, "જુઓ, આ માણસ !" એમની પીઠ પર ઠેર ઠેર બહાર નીકળી આવેલું માંસ ચોંટ્યું છે, માખો બણબણે છે, લોહીનાં છીપાં બાઝી ગયાં છે, નવું લોહી ઝર્યે જ જાય છે. પસીના અને લોહીથી તેમ જ સૈનિકોના થૂંકથી વદન કેવું ખરાબ રીતે ખરડાયેલું છે ! કાંટાળાં તાજને લીધે અને લપડાકોને લીધે વાળનાં જુલ્ફાં કેવાં વેરવિખેર પથરાયાં છે ! કેટલાંક તો જામી ગયેલા લોહીને લીધે શિર પર અને વદન પર ચોંટી ગયાં છે.

હાથ હજીએ બાંધેલા જ છે. અપાર વેદનામાં પણ કોઈ પણ પ્રકારના સિત્કાર વગર કે વેદનાથી થતા હલનચલન વગર ઈસુ શાંત ઊભા છે ! શાંતિનો આ સરદાર ! સ્વર્ગનો સ્વામી, ખલકનો ખાવિંદ, ધરતીનો ધણી, રાજાઓનો રાજા અને પ્રભુઓના પ્રભુ, ઘવાયેલો–પીડાયેલો દીનહીન "માણસ" બનીને સામે ઊભો છે ! દુ:ખી પુરુષ અને દરદનો અનુભવી ! જેને જોઈને મુખ અવળું ફેરવી લેવાય એવો માણસોથી ધિક્કાર પામેલો

અને તજાયેલો આ માણસ !" પિલાતે લોકોનાં ટોળાંને સંબોધીને કહ્યું, "જુઓ, આ માણસ !" તરત જ એક સામટા ઘાંટા પોકારી ઊઠયા, "એને વધસ્તંભે જડાવ, વધસ્તંભે જડાવ."

પિલાતે હાથ ધોઈ નાખ્યા.* પિલાતે જોયું કે મારું કંઈ જ ચાલતું નથી પણ ઊલટી વિશેષ ગરબડ થાય છે ! એટલે તેણે પાણીભર્યું પાત્ર મંગાવીને હાથ ધોઈ નાખ્યા, અને કહ્યું, "એ ધર્મીજનના લોહી સંબંધી હું નિર્દોષ છું; તમે જાણો" (બાઇબલ : માથ્થી ૨૭:૨૪). પણ એમ જવાબદારીમાંથી છટકી જનાર કોના હાથ પાણીથી ધોઈ દોષમુક્ત કરી શકાય છે ! નિર્દોષના ખૂનની ભાગીદારીમાંથી પાણી વડે મુક્ત થવાતું નથી. પિલાત ઘરમાં ગયો હશે, ત્યારે એની પત્નીએ પૂછ્યું હશે, "એ નિર્દોષનું શું થયું ?" પિલાતે શો જવાબ આપ્યો હશે ? 'એને વધસ્તંભે જડવા લઈ ગયા. પણ મેં મારા હાથ એમાંથી ધોઈ નાખ્યા છે.' પણ એના પોતાના અંતર-અવાજને પિલાત શો જવાબ દઈ શક્યો હશે ? ઓ પિલાત, આજે એ વાતને બે હજાર વર્ષ વીતી ગયાં છે, પણ એ દોષમાંથી તું મુક્ત થયો નથી !

ચાલતી આવતી એક લોકવાયકા છે કે પિલાત હાલ ઊંડા નર્કમાં છે, અને ઘડી ઘડી વાસણમાં પાણી ભરીને હાથ ધો.ધો કરે છે, અને જુએ છે. પણ લોહીના ડાઘ એને હાથેથી જતા નથી ઘડી ઘડી એ બેબાકળો બનીને ખાલી અવકાશમાં કરુણ કાકલૂદીઓ પૂછે છે, "આ ડાઘ નહિ જાય ? કદીયે નહિ જાય ?" આ લોકવાયકા કાલ્પનિક હશે. પણ એમાં કેટલું બધું સત્ય સમાયેલું છે !

## કાલવરીને માર્ગ

સૈનિકોએ લાકડાનો ભારે વધસ્તંભ ઈસુની પીઠ પર ચડાવ્યો. કોરડાના મારથી માંસ બહાર આવ્યું છે, ઘા ઉઘાડા છે, રક્ત ટપકી રહ્યું છે, વેદના પારાવાર છે, અને આ વજનદાર વધસ્તંભ એવી પીઠ પર ચડાવ્યો ?

---

*હાથ ધોવા એ રોમનોની રીત નહિ, પણ યહૂદીઓની હતી. જુઓ બાઇબલ : પુર્નનિયમ ૨૧:૧-૯, ખાસ કરીને ૬ઠી કલમ.

ઈસુને આખી રાતનો ઉજાગરો છે. રાતે, કે અત્યારે બપોર થવા આવ્યા છે ત્યાં સુધી, કોઈએ તેમને કંઈ ખાવાનું કે પીવાનું આપ્યું નથી. અત્યાર-સુધી અહીંથી તહીં તેમને લઈ જવામાં આવ્યા છે. શરીર તતડી ઊઠયું છે. શિરમાં પણ શૂળોની વેદના વધી રહી છે. પગમાં જોર રહ્યું નથી, અને લથડિયાં ખાય છે ! કાલવરીની ટેકરીનાં ચઢાણ આવો ભારે વધસ્તંભ લઈ ને કેવી રીતે ચઢાય ! ઈસુ પડે છે, પાછા જેમ તેમ કરીને ઊભા થાય છે. ઢસડાતો ભારે વધસ્તંભ ફરી ઊંચકી આગળ વધે છે.

અતિ વજનદાર ક્રૂસ ઊંચકીને ખાડાટેકરાવાળો રસ્તો ચઢવો કઠણ હતો. જે માર્ગ પર ઈસુ ક્રૂસ લઈને ચાલ્યા હતા તેને "વાયા ડોલોરસા" (દુઃખનો માર્ગ) નામ આપવામાં આવ્યું છે. આજે સૈકાંઓથી દુનિયાના દેશેદેશથી ભાવિકો યરૂશાલેમ આવે છે, અને 'વાયા ડોલોરસા' (દુઃખનો માર્ગ) તરીકે ઓળખાતા આ આખા રસ્તે પ્રાર્થના કરતા ચાલે છે. ઈસુ પડી ગયા હશે એવાં જુદાં જુદાં ૧૪ સ્થાનોએ થોભવા અને પ્રાર્થના કરવા સ્થળ આંક્યાં છે. શ્રદ્ધાળુઓ એ સ્થળોએ અટકે છે અને પ્રાર્થના કરે છે. ઘણાં ભાવિકો તો પેટે કે ઘૂંટણે પડીને એ રસ્તો કાપે છે, અને એના પથ્થરો ચૂમતા જાય છે. લેખકે પોતે એ રસ્તાના પથ્થરો ચૂમતા યાત્રાળુઓને જોયા છે.

## ખોપરીની ટેકરી પર

યહૂદી કાયદા પ્રમાણે મૃત્યુદંડ શહેરની બહાર અપાતો. ઈસુને અને બીજા બે બહારવટિયાને લઈને આખુંય સરઘસ 'ખોપરીની ટેકરી' પર આવ્યું. એ ટેકરીનો આકાર મનુષ્યની ખોપરી જેવો હોવાથી એ 'ખોપરીની ટેકરી' કહેવાતી. હિબ્રૂ ભાષામાં એને 'ગલ્ગૂથા' અને ગ્રીકમાં 'કાલવરી' કહેવાય. આજે પણ ઊગતા સૂર્યના પ્રકાશમાં એ ડુંગર બરાબર મનુષ્યની ખોપરી જેવો જ દેખાય છે. આંખના ગોખલા જેવા બે ખાડામાંના એકને યિર્મે-યાની ગુફા તરીકે ઓળખવામાં આવે છે. કહે છે કે બાબિલના રાજાએ યહૂદિયાના રાજાને હરાવ્યું, યરૂશાલેમનું પતન કર્યું, અને મંદિરનો



૧૫

કિંમતી સામાન બાબિલમાં લઈ ગયો ત્યારે યિર્મેયા પયગંબરે યરૂશાલેમની બહાર આ ગુફામાં બેસીને વિલાપ કર્યો હતો. પાયમાલ નગરીને જોઈ જોઈ એ ચોધાર આંસુએ રડયો હતો. એ રુદનનું જે પુસ્તક તેણે લખ્યું તે જ 'યિર્મેયાના વિલાપ' તરીકે બાઇબલમાં છે.

બીજી એક માન્યતા છે કે આદમની ખોપરી આ સ્થળેથી મળી આવી હતી, એટલે એનું નામ 'ખોપરીની ટેકરી' પડયું. આ વાતમાં ખાસ તથ્ય લાગતું નથી. આ ટેકરી પર હાલ મુસ્લિમ કબ્રસ્તાન આવેલું છે, અને એની તળેટીમાં યરૂશાલેમનું અને ઇઝરાયલ દેશનું બસ સ્ટેન્ડ આવેલું છે.

મનુષ્યની ખોપરી 'ખોપરીની ટેકરી' ઉપર પ્રેમના પ્રભુને, દયાના સાગરને, વધસ્તંભે ન જડી દે તો બીજું શું કરે ? આજ સુધી મનુષ્યની ખોપરી એમ જ વર્તતી આવી છે ને !

ઈસુને વધસ્તંભે જડવામાં આવ્યા, એ વાત માત્ર બાઇબલમાં જ છે એમ નથી. તે સમયના અન્યધર્મી ઇતિહાસકારોએ પણ ઈસુના ક્રૂસારોહણની નોંધ લીધી છે. તાસીતેસ નામનો રોમન ઇતિહાસકાર ઈ. સ. ૫૬માં જન્મ્યો હતો. તેણે આની નોંધ લીધી છે. ઈ. સ. ૧૦૦માં જન્મેલો યુનાની લેખક લુસિયન આ વાતને ઐતિહાસિક બનાવ ગણે છે. વળી તે જમાનાના સેલ્સસ પણ ઈસુને ક્રૂસ પર મરેલા ગણે છે. ઈ. સ. ૭૦નાં યુદ્ધમાં લડેલો યહૂદી ઇતિહાસકાર જોસિફસ પણ આ વાત વિષે વિસ્તારથી લખે છે.

## વધસ્તંભે જડયા

સૈનિકોએ ચેલો લાકડાનો ભારે વધસ્તંભ જમીન ઉપર મૂક્યો. એ પર ઈસુને સુવાડયા અને હથોડા વડે લોખંડના પાંચ–છ ઈંચ લાંબા ખીલા ઈસુના બંને હાથમાં ઠોકીને થંભે જકડી દીધા. વધસ્તંભ ઉપર નીચલા ભાગમાં પગોને જડવા સારુ એક પાટિયું મૂકેલું હતું. એના પર બંને પગ ભેગા કરીને એમાં એક ખીલો બળપૂર્વક ઠોકી દીધો.

ખાડો અગાઉથી ખોદી રાખ્યો હતો. હવે આખો વધસ્તંભ ઊંચો કરીને ખાડામાં નાખ્યો. ખીલાના તાજા ઘા આવા જોરદાર આંચકાથી કેવા ખેંચાઈ ઊઠયા હશે! કેવી ધારદાર વેદના થઈ હશે? એવા સમયે ભલભલાના મોંમાંથી અપશબ્દો કે વેદનાની તીવ્ર બૂમ સરી પડે. પણ ઈસુ શું બોલ્યા? બરાબર નીચે પ્રમાણે તેમણે પિતાની પાસે પ્રાર્થ્યું:

> “ઓ પિતા, તેઓને માફ કર, કારણ,
> તેઓ જે કરી રહ્યા છે, તે તેઓ
> જાણતા–સમજતા નથી” (બાઇબલ: લૂક ૨૩:૩૪).

દુ:ખ તાજું જ હતું એ વખતે તેઓ આ વાણી વદ્યા. વહી ગયેલાં સૈકાંમાં ઈસુના પગલે ચાલનારાં અનેક શહીદોની વેળાએ આ જ પ્રાર્થના ઉચ્ચારી છે. સ્તેફન એમાં પહેલો હતો.

પણ માફીનાં આવાં વેણ ન ગણકારતાં આસપાસ ભેગા મળેલા લોકો ઈસુની મશ્કરી કરે છે, અને મહેણાં–ટોણાં મારે છે. રસ્તે જનારા કહે છે: ‘મંદિરને પાડી નાખીને ત્રણ દિવસમાં એને પાછું ઊભું કરનારા, ઓ ડંફાસી, તને પોતાને બચાવ, અને વધસ્તંભ પરથી ઊતરી આવ.’ યહૂદીઓના આગેવાનો અને વડા પુરોહિતો પણ પોતાના હોદ્દાનું મહત્ત્વ બાજુએ મૂકીને ક્ષુલ્લક માનવીઓ જેમ બૂમ પાડે છે: ‘તેણે બીજાંઓને બચાવ્યાં, પણ પોતાને બચાવી શકતો નથી. જો તું ઈશ્વરનો ખ્રિસ્ત, એટલે તેનો

પસંદ કરેલા હોય તો પોતાને બચાવ. જો તું ઈશ્વરપુત્ર હોય તો વધસ્તંભ પરથી ઊતરી આવ, એટલે અમે એ જોઈને વિશ્વાસ કરીએ.'

ઓ યહૂદીઓના આગેવાનો, તમે સાચું જ કહ્યું. તેમણે બીજાંને બચાવ્યાં, પણ તે પોતાને બચાવી શકતા નથી. કારણ, તે મરવા માટે આ દુનિયામાં આવ્યા હતા. પૃથ્વી પર જન્મનારાં બધાં જનો જીવવા માટે આવે છે. ઈસુને પૂર્વહયાતિ હતી; તેઓ સનાતન ઈશ્વર હતા; તેઓ સનાતન સમયોથી જીવંત હતા, હયાત હતા. આ દુનિયામાં તો તેઓ માત્ર મરવાને આવ્યા હતા. બલિદાન બનવા માટે માનવી દેહધારણ કરીને આવ્યા હતા. પાપી માનવોનાં પાપ માથે લઈ તેમની શિક્ષા પોતે વહોરી લેવા આવ્યા હતા. પોતાના પ્રાણનું પરાર્થ ઉદ્ધારમાં બલિદાન દઈ દેવા આવ્યા હતા. એ હેતુ માટે તો તે આવ્યા હતા. એટલે એ પોતાને કેવી રીતે બચાવે? ઓ આગેવાનો, મજાકમાં પણ તમે સાચું જ કહ્યું!


"જો તું ઈશ્વરપુત્ર હોય તો વધસ્તંભ પરથી ઊતરી આવ." રાનમાં શેતાન એ જ પ્રલોભન લાવ્યો હતો : જો તું ઈશ્વરપુત્ર હોય તો...." ચમત્કારનો માર્ગ! પોતે મરવા આવ્યા હતા એ હેતુમાંથી ચલિત કરવાનું આ પ્રલોભન શેતાન કેટકેટલી વખત ઈસુ પાસે લાવે છે? ઈસુ ઊતરી આવ્યા હોત તો? હે વાચક, દુનિયાનો ઉદ્ધાર ન સધાયો હોત. તારી મુક્તિ થઈ શકી ન હોત. મારી મુક્તિનું મૂલ્ય ચૂકવાયું ન હોત. આપણે પાપના અને શેતાનના ગુલામ જ રહેત. નરક આપણે માટે નિર્માણ રહેત.

પણ ઈસુને કંઈ લોખંડના લાંબા ખીલાઓએ વધસ્તંભ પર જડી રાખ્યા નહોતા. એમણે ધાર્યું હોત તો ખીલા આપોઆપ ચમત્કારિક રીતે નીકળી ગયા હોત, અને પોતે ક્રૂસ ઉપરથી આવી શકયા હોત. પણ ઈસુ તો બલિદાન બનવા આવ્યા હતા. તમારે અને મારે માટેના તેમના અનહદ પ્રેમે જ તેમને સ્તંભે જકડી રાખ્યા હતા.

રોમન સૈનિકો પણ મશ્કરી કરે જ ને! 'તે પોતાનાંની પાસે આવ્યો, પણ તેઓએ તેનો અંગીકાર કર્યો નહિ," પણ થંભે જડીને મશ્કરીઓ કરી. ત્યારે રોમનો, અને તેયે સૈનિકો મશ્કરી કરે એમાં શી નવાઈ! પણ નવાઈની વાત: સૈનિકોની આ ટૂકડીનો શતપતિ સુબેદાર ગંભીર વદને સૂમસામ ઊભો છે, કંઈ જ બોલતો નથી. તેના મનમાં જરૂરથી કંઈક ઘડભાંગ ચાલે છે!

થંભે જડેલા બે બહારવટિયામાંનો એક બહારવટિયો પણ મશ્કરીમાં જોડાય છે: "જો તું ખ્રિસ્ત હો તો પોતાને તેમ જ અમને પણ બચાવ." કઠોર હૈયું વેદનાના તાપમાં પણ પીગળીને નરમ બન્યું નથી! સમદુ:ખીજનો એક-બીજાની સહાનુભૂતિ તાકે છે, ત્યારે આ કેવોક વજ્ર હૈયાળો બહારવટિયો!

ઈસુને બે બહારવટિયા વચ્ચે લટકાવ્યા હતા. યશાયા પયગંબરે નહોતું કહ્યું કે "તે અપરાધીઓ મધ્યે ગણાયો?" દુષ્ટોએ દુષ્ટાઈથી ઈસુને આપેલી જગા બિલકુલ બરાબર હતી. શું તે પાપીઓ, દાણીઓ, અને માર્ગ ભૂલેલાંના મિત્ર નહોતા? શું એમણે જ નહોતું કહ્યું કે "માણસનો દીકરો ખોવાયેલું શોધવા અને તારવા આવ્યો છે!"



એક બહારવટિયો ઈસુની ઠેકડી ઉડાવે છે, ત્યારે બીજી તરફનો એને ધમકાવે છે: તું તે જ શિક્ષા ભોગવે છે, તે છતાં શું તું ઈશ્વરથી પણ બીતો નથી? આપણે તો વાજબી રીતે ભોગવીએ છીએ. પણ એણે કંઈ ખોટું કર્યું નથી." કેવી અજબ સાક્ષી! કેવો ગુનાનો એકરાર! "એણે કંઈ ખોટું કર્યું નથી." ઈસુમાં એણે શું શું જોયું હશે?

પછી એ બહારવટિયો પ્રભુ ઈસુ તરફ મોં ફેરવીને બોલ્યો, "હે ઈસુ, જ્યારે તમે તમારા રાજ્યમાં પ્રવેશો ત્યારે મને સંભારજો." બીજા મશ્કરી કરે છે, ત્યારે તે તેમને 'પ્રભુ' તરીકે ગણે છે અને એમ જ માને છે.

માગણી કેટલી નાની અને નજીવી ! 'મને સંભારજો.' પણ એવા બદલામાં ઈસુ તેને કેવું મહામોટું અભયવચન આપે છે !

"હું તને સાચે જ કહું છું કે તું આજે મારી સાથે
પારાદૈસમાં હોઈશ." (બાઇબલ : લૂક ૨૩:૪૩).

નજીવી માગણી, અને પારાદૈસનો કાયમી વસવાટ ! પ્રભુનાં બધાં વચનો એવાં છે. તમે ધારો કે કલ્પો તેથી અધિક ગણાં !

બહારવટાની હૈયાસૂની જિંદગી જેણે સેવી છે એવો આદમી પ્રભુના સાંનિધ્યમાં પશ્ચાતાપી બની ગયો ! એના શબ્દોમાં, કરેલાં બૂરાં કર્મનો પશ્ચાતાપ ભારોભાર ભરેલો છે. એટલે જ એને પ્રભુ ઈસુનું અભય-વચન મળે છે. જ્યારે પેલો બીજી તરફનો બહારવટિયો ? નદીના પહાણા જેમ પાણીમાં છતાં ભીતરે કોરો જ રહ્યો.

વધસ્તંભ પરનું પોતાનું દુ:ખ ભૂલીને ઈસુ બીજાંની ચિંતા કરે છે. પોતાથી વિહોણી થનાર પોતાની વહાલસોયી માતાની ભાળવણી પોતાના યોહાન નામના એક શિષ્યને કરે છે :

"બાઈ, જો તારો દીકરો."
અને શિષ્યને કહે છે :
"જો, તારી મા" (બાઈબલ : યોહાન ૧૯:૨૬, ૨૭).

ઉપરની ત્રણ વાણી અંધકાર પહેલાં ઉચ્ચારમાં આવી. પછીની ચાર વાણી ઈસુ અંધકારના સમયમાં વદ્યા. પહેલી ત્રણ વાણી માણસોના સંબંધમાં હતી; બાકીની ચાર માણસોને સંબોધાયેલી નહિ, પણ ઈશ્વર સાથેની હતી.

આખા દેશ પર અંધકાર છવાઈ ગયો. વાદળ નહોતાં, સૂર્યગ્રહણ પણ નહોતું. પાસ્ખાનો પૂર્ણ ચંદ્ર એ દિવસે હતો. પૂનમને દિવસે ચંદ્રગ્રહણ કદાચ થાય, પણ એ દિવસે, વિજ્ઞાનના નિયમ પ્રમાણે, સૂર્યગ્રહણ તો સંભવી જ ન શકે. વળી સામાન્ય સૂર્યગ્રહણના સમય કરતાં આજે તો બાર ગણા સમય સુધી વ્યાપક અંધકાર રહ્યો ! મધ્યાહ્ને બાર વાગ્યાથી ત્રણ સુધી સર્વત્ર અંધકાર છવાયેલો રહ્યો. તો આ અંધકાર શાનો, અને ક્યાંથી ? ઈસુના જન્મ વખતે ઈશ્વરનું ગૌરવ પ્રગટ્યું, અને રાત દિવસ સમાન ઝળાંહળાં બની ગઈ. ઈસુના મૃત્યુ ટાણે ભર બપોરે દિવસ રાતના રૂપમાં ફેરવાઈ ગયો. સૃષ્ટિનો સ્વામી જ્યારે દીનહીન બની પાપીઓના હાથે માર્યો જાય ત્યારે સૂર્ય પોતાનું મુખ કેમ ન સંતાડે ?

ઈસુએ દુનિયાનાં પાપ માથે લીધાં હતાં (બાઇબલ : ૧ પિતર ૨:૨૪. ૨ કોરીંથી ૫:૨૧). એટલે પ્રેમાળ પિતાએ ઘડીભર મોં પ્રિય પુત્ર તરફથી ફેરવી લીધું હતું. માણસો ઈશ્વરને વારે વારે ત્યાગે છે, પણ ઈશ્વર કોઈનેય કદી પણ ત્યાગતો નથી, કોઈનાયે તરફથી મોં ફેરવી લેતો નથી. એથી ઊલટું, ઈશ્વરપુત્ર ઈસુએ કદી ઈશ્વરપિતાનો ત્યાગ કર્યો નથી, પણ અહો-નિશ તેમની જ સંગત ઝંખી છે, અને તેમની જ ઇચ્છા પૂરી કરવાનું શોધ્યું છે. પણ ઈસુએ દુનિયાનાં તમામ પાપ પોતાને શિરે લીધાં હોવાથી પોતે શ્રાપિત બન્યા ! એટલે જ થોડી ક્ષણો માટે ઈશ્વરપિતા પોતાનું મોં ફેરવી લે છે. પિતાની સંગત કદી ન ત્યાગનાર આજ્ઞાંકિત પુત્ર આ કેવી રીતે વેઠી શકે ? એટલે તે અરામી ભાષામાં પોકારી ઊઠે છે :

"એલોઈ, એલોઈ, લામા સાબ્બાખથાની ?"

("ઓ મારા ઈશ્વર, મારા ઈશ્વર, તમે મને કેમ તજી દીધો છે ?")

(બાઇબલ : માથ્થી ૨૭:૪૬, વળી જુઓ ગીતશાસ્ત્ર ૨૨:૧).

આ કેવી ગૂઢ બૂમ ? માનવી મગજ એમાં સમાયેલી હકીકત અને અર્થ સમજી શકવાનું નથી. બપોરે બે-ત્રણની બચ્ચે ઈસુએ મોટા અવાજથી

આ બૂમ પાડી. અંધકાર અત્યારે બહુ વધી ગયો હતો. કષ્ટની પરાકાષ્ટા હતી. ઈસુને જ્યારે વધારેમાં વધારે હુંફની જરૂર હતી, ત્યારે જ પિતા તેમને ઘડીભર માટે તજી દે છે.

હવે બપોર પછીના ત્રણ વાગવા આવ્યા હતા. ઉજાગરો, વેદના, ભૂખ, ઘાની પીડા, એ બધાંથી શરીર તાવલું બને જ. અને તરસ પણ ભયંકર લાગે. એવામાં ઈસુ બોલે છે :

"મને તરસ લાગી છે" (બાઈબલ : યોહાન ૧૯:૨૮).

આ શું ફક્ત પાણી માટેની જ તરસ હશે કે બીજો કોઈ ગૂઢ સંકેત હશે ? જે પોતે જીવનનો ઝરો છે, જે પોતે જીવંત પાણી છે, જેણે સરોવરો અને મહાસાગરો બનાવ્યાં, હા, જે ડુંગરા ફોડીને ઝરણાં વહાવે છે, તે આજે બૂમ પાડે છે : 'મને તરસ લાગી છે.' પ્રભુ તમે કયારે તરસ્યા હતા, અને મેં તમને પાણી પાયું હતું (બાઇબલ : માથ્થી ૨૫).

હવે લગભગ ત્રણ વાગવા આવ્યા હતા. એવામાં ઈસુ અતિ ગૂઢ વાણી ઉચ્ચારે છે :

'સંપૂર્ણ થયું" (બાઈબલ : યોહાન ૧૯:૩૦).

શું સંપૂર્ણ થયું ? હા, નિયમને પૂર્ણ કરવા આવેલા ઈસુએ "મરણ, હા, વધસ્તંભના મરણ સુધી આધીન થઈને" (ફિલિ. ૨:૮) નિયમના પાલનને પૂર્ણ કર્યું. મસિહ સંબંધીની ભવિષ્યવાણીઓ પૂરી થઈ. અને ઘણું બધું પૂર્ણ થયું. પણ સૌથી વિશેષ, પ્રભુ ઈસુ માનવીનાં પાપોને માટે અને માનવ–મુક્તિ સાધવાને માટે મુક્તિ–મૂલ્ય તરીકે પોતાની જાતનું બલિદાન દેવાને માટે આવ્યા હતા, એ કાર્ય હવે પૂણ થયું, એ હેતુ પૂર્ણ થયો.

આ દુ:ખભરી બૂમ નહોતી. ગ્રીક શબ્દ પરથી સમજાય છે કે પ્રચંડ ઘોષણા-ભર્યા વિજયડંકાની આ ગર્જના હતી. નવા કરારની અસલ ગ્રીક ભાષામાં

આ સ્થળે એક જ શબ્દ વાપરમાં આવ્યો છે: "તેલેલેસ્તાઈ." એ જમાનામાં રોમન સામ્રાજ્યમાં ધંધાકીય કે વેપારી કરારનામાંની આખરે આ ગ્રીક શબ્દ વપરાતો : "તેલેલેસ્તાઈ," એટલે કે 'સંપૂર્ણ.' બીલો ચૂકવામાં આવતાં ત્યારે પણ ચૂકવાયેલાં બીલોમાં, સામે ખૂણેથી માંડીને સામા ખૂણા સુધી કર્ણરેખામાં, આ શબ્દ લખાતો : 'તેલેલેસ્તાઈ.' એનો ભાવાર્થ થતો કે 'સંપૂણ થયું', 'પતી ગયું,' 'ચૂકવાઈ ચૂક્યું,' 'ખતમ થયું.' એટલે જ આ બૂમ 'તેલેલેસ્તાઈ' એ વિજયઘોષણા હતી કે 'સંપૂર્ણ થયું,' 'ચૂકવાઈ ચૂક્યું.'

હવે બપોર પછીના બરાબર ત્રણ થયા. એ સમયે ઈસુએ ઊંચા સાદે પોકાર્યું:

"ઓ પિતા, હું મારો આત્મા તમારા હાથમાં સોંપું છું."
(બાઇબલ : લૂક ૨૩:૪૬. ગીતશાસ્ત્ર ૩૧:૫)

એમ કહીને તેમણે પ્રાણ છોડયા.

હવે, "મારા ઈશ્વર, તમે મને કેમ મૂકી દીધો છે ?" એ વિમુખતા જતી રહી છે. એ અંધકાર જતો રહ્યો છે. હવે પિતાનું મુખ તે જોઈ શકે છે. એમનો આત્મા કોઈ ગૂઢ ભયથી મુક્ત બને છે. હવે તે પોતાનો કીમતી આત્મા પિતાના હવાલામાં સોંપે છે. મરણ દ્વારની ચાવી એ જ છે. મૃત્યુબાદ આત્મા કોઈ અજાણ્યા મુલકમાં નહિ, પણ જ્યાં પ્રેમાળ પિતાની વાત્સલ્યભરી હકુમત ચાલે છે ત્યાં જાય છે.

જોન હસને શહીદ તરીકે અગ્નિમાં બાળી નાખવા લઈ જવામાં આવતો હતો ત્યારે તે પ્રાર્થના કરે છે, "હે પ્રભુ ઈસુ, તમે ખંડી લીધેલો મારો આત્મા તમારા હાથમાં સોપું છું." હવે બપોર પછી ત્રણ વાગ્યા હતા. સાંજે છ વાગ્યાથી યહૂદીઓનો પવિત્ર દિવસ 'સાબ્બાથ' અથવા વિશ્રામવાર બેસતો હતો. અને એ પવિત્ર દિવસે ગુનેગારોનાં શરીરો ક્રૂસ પર ન હોવાં જોઇએ. એટલે અત્યારે જ એમને મારી નાખવા માટે આસપાસના

પેલા બે બહારવટિયાના પગ સિપાઈઓએ ભાંગી નાખ્યા. ક્રૂસ પર એક પાટિયું નીચલા ભાગ તરફ ચોડીને તે ઉપર ગુનેગારોના પગ ખીલાથી જડી દેવામાં આવતા. હાથોને ઉપર બંને છેડા તરફ, ખીલાથી જડી દીધેલા હોવાને કારણે છાતી બહુ તંગ બનતી, અને શ્વાસ લેવાની તકલીફ પડતી. એટલે ક્રૂસે જડાયેલી વ્યક્તિ પોતાના પગ થોડા ઊંચા કરે એટલે હાથ જરા ઢીલા પડતા, થોડી રાહત મળતી, છાતી તંગ સ્થિતિમાંથી જરા હળવી બનતી, અને કંઈક મોકળાશથી શ્વાસ લઈ શકાતો.

પણ પગ ભાંગવામા આવતા ત્યારે એ પગ ઊંચા—અધ્ધર કરી શકાતા નહિ, અને છાતી તંગ ને તંગ જ રહેતી, શ્વાસ લેવામાં પારાવાર કષ્ટ થતું. અને આખરે શ્વાસ ન લેવાવાને કારણે માણસ ટૂંક મુદ્દતમાં જ મૃત્યુ પામતો.

આ હેતુને લીધે બંને બહારવટિયાના પગ સિપાઈઓએ ભાંગ્યા. પણ ઈસુના પગ ભાંગવાની જરૂર રહી નહોતી, કારણ, તેમણે ક્યારનાયે પોતાના પ્રાણ છોડ્યા હતા. છતાં, ઈસુ ખરેખર અને સંપૂર્ણપણે મૃત્યુ પામ્યા છે કે નહિ, એ જોવા એક સિપાઈએ ઈસુની કૂખમાં ભાલો માર્યો. એટલે ઘામાંથી લોહી તથા પાણી વહી નીકળ્યાં. આ પરથી રોમન સુબેદાર અને અન્ય લાગતાવળગતાને ખાતરી થઈ કે ઈસુ સંપૂર્ણપણે મૃત્યુ પામ્યા છે.

મરેલા માણસમાંથી લોહી નીકળે નહિ, કારણ, મૃત્યુ નીપજતાં થોડા સમયમાં લોહી થીજી જાય છે, અને રકતાભિસરણ બંધ પડે છે. મૃત્યુ પછી માત્ર ફીક્કા મેલા પીળા રંગનું પાણી (સીરમ) જ નીકળે.

માણસના હૃદયની આસપાસ કોથળી હોય છે. આ કોથળીને 'પેરીકાર્ડિયમ' કહે છે. (પેરી=આસપાસ; કાર્ડિયમ=હૃદય). સામાન્ય રીતે હૃદયના સ્નાયુ ભાગ્યે જ તૂટે છે કે ફાટે છે. પરંતુ માનવી પર સહનશક્તિની બહારની મનોવેદના આવી પડે, ત્યારે એવા અતિ કષ્ટને લીધે હૃદયના સ્નાયુ તૂટી કે ફાટી જાય છે, અને હૃદયમાંનું લોહી 'પેરીકાર્ડિયમ' માં (એટલે કે પેલી કોથળીમાં) જમા થાય છે. આમ, કોથળી ફૂલીને તંગ બનવાને કારણે હૃદય

પર દબાણ આપતો એ ધબકારા લઈ શકતું નથી, અને આખરે બંધ પડી જાય છે, અને માણસનું મૃત્યુ નીપજે છે. આવી સ્થિતિને મેડીકલ સાયન્સમાં "એકસ્ટ્રાવાસેશન ઓફ ધી હાર્ટ" કહે છે.

આ પ્રકારના મૃત્યુમાં અંગે હાથ ફેંકાઈને ખૂબ પહોળા અને ઊંચા થઈ જાય છે, માણસ મોટી બૂમ પાડી ઊઠે છે, હૃદયની દિવાલ તૂટી પડે છે, 'પેરીકાર્ડિયમ' માં હૃદયના લોહીનો ભરાવ થાય છે, હૃદય બંધ પડે છે, અને માણસ મરી જાય છે. સામાન્ય માણસ તો અતિશય મનોવેદના અને તીવ્ર કષ્ટમાં મૂર્છિત થઈ જતો હોવાથી ભયંકર ભયની પળમાંથી ઊગરી જાય છે, પણ પ્રભુ ઈસુએ તો મૃત્યુ અને દુ:ખનો પૂરેપૂરો પરચો અનુભવ્યો. તે આ પ્રકારના મૃત્યુ દ્વારા મર્યા.

ઈસુ ભાલો વાગવાથી નહોતા મર્યા. જો ભાલાને કારણે એમનું મોત નીપજ્યું હોત તો હૃદયમાંથી તાજા લોહીની ધસમસતી ધાર છૂટી નીકળી હોત. ઈસુ તો ભાલાના ઘા પૂર્વે મૃત્યુ પામેલા હતા. ભાલો તો ઈસુના મૃત્યુની ખાતરી કરવા માટે મારવામાં આવ્યો હતો. જો હૃદય ફાટ્યું નહોત — સહિસલામત હોત, અને ભાલો માત્ર પેરીકાર્ડિયમની કોથળીને જ વાગ્યો હોત, અને હૃદયને નહિ, તો સામાન્ય રીતે નહિવત પ્રવાહી આ કોથળીમાંથી વહ્યું હોત અને કોઈને કશી ખબર પણ પડી ન હોત.

હૃદય ફાટવાથી કે તૂટવાથી ઈસુ મૃત્યુ પામ્યા, એનો અર્થ એવો થતો નથી કે ઈસુ હતાશા અને નિરાશાના માર્યા મૃત્યુ પામ્યા. ઈસુ તો વિજેતા હતા. એમની આખરી બૂમ વિજેતાની હતી. પોતે કરવા આવેલા કામને 'સંપૂર્ણ' કર્યું છે. એમનું કાર્ય 'સંપૂર્ણ થયું' છે. પ્રભુ ઈસુએ કહેલું, "હું મારો જીવ આપું છું કે તે હું પાછો લઉં. કોઈ મારી પાસેથી તે લેતો નથી, પણ હું મારી પોતાની મેળે તે આપું છું" (બાઇબલ : યોહાન ૧૦: ૧૭, ૧૮). આ વાક્યને તેના મૃત્યુના શારીરિક કારણ સાથે સંબંધ નથી. પોતે પોતાનો પ્રાણ બીજાઓની પાપ-મુક્તિ માટે આપવા ઈસુ આવ્યા હતા. તેમણે ધાર્યું હોત તો ક્રૂસનું કારમું મોત પોતે ટાળ્યું હોત. પણ

તેમણે પોતેજ સ્વેચ્છિક રીતે અન્ય લોકોના હક્કમાં મૃત્યુને પસંદ કર્યું. એમનું મૃત્યુ સ્વેચ્છિક બલિદાન હતું.

[ઈસુના મૃત્યુના આ પ્રકારના કારણ માટે વધુ જાણવા ઇચ્છતા હો કે ખાતરી મેળવવી હોય તો વાંચો : (૧) ઇન્ટરનેશનલ સ્ટાન્ડર્ડ બાઇબલ એન્સાયકલાપેડિયા, ગ્રાન્ડ રેપિડ્સ, યુએસએ, ૧૯૪૩; (૨) ડૉ. સ્ટુઅર્ટ બર્જસ્માનો 'કેલ્વિન ફોરમ' માં ૧૯૪૮માં પ્રગટ થયેલો લેખ; (૩) સર જેમ્સ સીમ્પસન (ક્લોરોફોર્મના શોધક) ની પુસ્તિકા; અને બીજા અનેક મેડીકલ ડોકટરોના આ વિષેના અભિપ્રાયો].

હવે અંધકાર જતો રહ્યો. નમતા સૂર્યનો ઝીણો પ્રકાશ પથરાઈ રહ્યો. પણ આ શું થયું? વાદળાં નથી તોય વીજળી! તોફાન નથી તોય ગર્જના! અને ધરતીકંપ! આ શું? આમ કેમ? સૃષ્ટિનો સૃજનહાર પાપી જનોને હાથે મરે છે ત્યારે માનવીઓ ભલે ને તમાસો જોતાં, પણ સૃષ્ટિ પોતાના સ્વામીને આવી સ્થિતિમાં કેમ જોઈ શકે? ધરણી ધ્રૂજી ઊઠી, ખડકો ફાટી ગયા, સૂરજ પણ શરમિંદો બનીને જાણે કે સંતાઈ ગયો. માત્ર પતિત બનેલું અને કઠણ હૈયાનું માનવી જ એ સ્વામીની મશ્કરીઓ કરતું રહ્યું, અને એમાં તમાસો ભાળ્યો!

## વધસ્તંભ તો ઈશ્વરના હૃદયમાં સૃજનકાળથી હતો.


જે ઈશ્વરપુત્ર સનાતન હતો, અમર હતો, તે માનવી દેહ ધારણ કરીને આવ્યો અને વધસ્તંભને મોતે મર્યો. કેમ? માણસને પાપમાંથી મુક્તિ આપવા માટે.

ભલે ઇતિહાસમાં આજથી લગભગ બેએક હજાર વર્ષ ઉપર આ વધસ્તંભ ધરતી ઉપર ગોઠવાયો; ઈશ્વરના હૈયામાં તો સૃષ્ટિના મંડાણકાળથી જ એ વધસ્તંભ હતો. માનવની પતિત હાલત ઈશ્વરે અગમદૃષ્ટિ દ્વારા અગાઉથી જોઈ, ત્યારથી જ આ વધસ્તંભનો નિર્ણય ઈશ્વરના સનાતન ઇરાદાઓમાં લેવાઈ ચૂક્યો હતો. તેથી જ પ્રભુ ઈસુ વિષેના ઉલ્લેખમાં લખાયું કે "સૃષ્ટિના મંડાણ અગાઉ વધેરાયેલો બલિ" (બાઇબલ : પ્રકટીકરણ ૧૩:૮. ૧ પિતર ૧:૧૯–૨૦).

જેમ ઈસહાકનું બલિદાન દેવા અબ્રાહમે છરો ઊગામ્યો ત્યારે એ ઈસહાકને ઉગારવા અને એની જગાએ બલિ બની જવા ઝાડીમાં ફેલો ઘેટો ક્યારનોયે રખાયો હતો; એમ જ માનવજાત માટે બલિ બની જવા ઈશ્વરના એકમાત્ર બલિરૂપ ઈસુ ખ્રિસ્તને ક્યારનાયે નિર્માણ કરવામાં આવ્યા હતા.

વિશ્વના મંડાણ અગાઉ તેઓ નિર્મિત થઈ ચૂક્યા હતા. ઈસવીસનની પહેલી સદીમાં પ્રભુ ઈસુ ખ્રિસ્તનું પૃથ્વી પર દેહધારી થઈને આવવું એ તો માત્ર ઈશ્વરના પ્રેમાળ હૈયાની સનાતન યોજના મૂર્તિમાન બની. સમયની સંપૂર્ણતાએ સનાતન ઈશ્વરીય શબ્દ—બ્રહ્મ (ઈશ્વરપુત્ર) માનવજાતનાં પાપોને માટે બલિ બની જવા દેહધારણ કરીને પૃથ્વી પર અવતર્યા.

ઈશ્વરને બાઈબલમાં પ્રેમાળ પિતા તરીકે ઓળખાવ્યા છે. આ પ્રેમાળ પિતા સૃજનકાળથી જ માણસના જીવનમાં પોતાને પ્રેમ અને સ્નેહથી સાંકળતો આવ્યો છે. વધસ્તંભ ઈશ્વરના એ પ્રેમ અને સાંકળવાપણાની અપૂર્વ અને ચોક્કસ સાબિતી છે.



૧૭

જૂના કરારમાં પશુપક્ષીઓનાં બલિદાનો અપાતાં. એ તો માત્ર ઈશ્વરે સૂચવેલી અવેજી વ્યવસ્થા હતી. પશુપક્ષીનાં અર્પણો દ્વારા પાપમુક્તિ થઈ શકતી નથી. એ તો વેવિશાળની વીંટી જેમ માત્ર આવનાર ખરા બલિ પ્રભુ ઈસુની એંધાણી હતાં. કન્યાએ આંગળીએ ચઢાવેલી વેવિશાળની વીંટી તેને યાદ દેવડાવે છે કે તેને વરરાજા મળવાનો છે. એમ જ એ બધાં અર્પણો આવનાર ખરા અર્પણ પ્રભુ ઈસુની યાદ દેવડાવતાં હતાં. ઈશ્વરે પોતે આ વ્યવસ્થા આપીને એ સૂચવેલું કે પોતે માનવજાતની સાથે પોતાને સાંકળે છે.

**શું ઈશ્વર એમ ને એમ પાપ માફ ના કરી શકે? ઈશ્વરે બલિદાન બની મરવાની શી જરૂર?**

ના. ઈશ્વર માણસજાતનાં પાપ એમ ને એમ માફ કરી શકે જ નહિ.

જેમ ભૌતિક દુનિયામાં વ્યવસ્થા અને એના નિયમનો અથવા નિયમો છે, તેમ નૈતિક અને આત્મિક દુનિયામાં પણ વ્યવસ્થા અને એનાં નિયમનો (નિયમો) છે. ભૌતિક દુનિયામાં નિયમભંગથી વ્યવસ્થા ખોરવાઈ જઈને નાના કે મોટા પ્રમાણમાં અરાજકતા કે અવ્યવસ્થા ઊભી થાય છે, તેવું જ નૈતિક અને આત્મિક દુનિયામાં પણ બને છે. અને એ બધી વ્યવસ્થાભંગનાં પરિણામો ઊભાં થાય છે.

અગ્નિ માણસજાત માટે ખૂબ લાભદાયી છે. એ દ્વારા ખોરાક પકાવાય છે; યંત્રો ચલાવાય છે, ઠંડીની ઋતુમાં એ દ્વારા ગરમાવો મળે છે. પણ એથી કોઈ માણસ જાણતાં–અજાણતાં અગ્નિને પ્રેમથી (!) ભેટવા જાય તો તે દાઝી જાય કે ભડથું થઈ જાય. કુદરતી કાનૂનનો ભંગ થયો, એટલે ખતરનાક પરિણામ ઊભું થયું! કોઈ માણસ ઝાડ પર ચડે કે પહાડ પર ચડે, અને સમતુલા ન જાળવે તો તે પડે અને હાથ પગ ભાંગે. કુદરતી કાનૂનનો ભંગ થયો. ખતરનાક પરિણામ ઊભું થયું!

ભૌતિક દુનિયાનાં પરિણામ વ્યવસ્થાભંગ કરનારને ભોગવવાં પડે છે. એમ આત્મિક દુનિયામાં પણ પરિણામો – ખતરનાક પરિણામો – ઊભાં થાય છે. એટલે એ વ્યવસ્થાભંગ કરનારે પરિણામ ભોગવવાં જ રહ્યાં. પણ માણસ પાપને કારણે એકઠાં થયેલાં અનિવાર્ય પરિણામોને અથવા કર્મફળને સ્વયં ભોગવીને પોતાના પાપનું પ્રાયશ્ચિત કરવા તદ્દન અસમર્થ છે. કારણ, એક જ પાપનાં પરિણામનાં વર્તુળો ફેલાતાં જ જાય છે, ફેલાતાં જાય છે! એ વિસ્તર્યે જતાં પરિણામોને કોણ રોકી શકે?

દાખલો લઈએ: સવાર થઈ. નાસ્તામાં ખારા ખારા ખાખરા ખાતાં ખાતાં પતિ ખીજાયા અને તડૂક્યા. એટલે પત્ની છણકાઈ ઊઠી. કાળો કજિયો થયો. ધૂંધવાયેલા મગજે મિલમાં જતાં પતિ બસ કન્ડક્ટર સાથે

છેડાઈ પડયો. છંછેડાયેલો કન્ડકટર પાછળથી બસમાં કોઈ ક્લાર્ક સાથે બાખડી બેઠો. પેલા ક્લાર્કે ઓફિસમાં પટાવાળાને ઉધડો લઈ નાખ્યો. પરિણામે પટાવાળો મેનેજરની ઘડી ઘડી ગર્જતી ઘંટડી સામે બબડી ઊઠયો. આથી મેનેજરે એને પાણીચું પરખાવ્યું. પાણીચું પામેલા પટાવાળાએ ઘેર પહોંચતાં જ પત્ની પર પીત્તો ઠાલવ્યો. ખીજમાં પત્નીએ બાળકોને બેચાર લગાવી દીધી. રોષમાં ને રોષમાં રમતાં એ બાળકો પોળનાં અન્ય બાળકો સાથે લડી પડયાં. પછી તો પોળનાં પાંચ–છ પરિવાર વચ્ચે ગાળાગાળી જામી. પછી તો તમે જ ગણો. પાંચ–છ પરિવારનાં પંદર–સત્તર માણસો કોની કોની સાથે વઢયાં નહિ હોય ? પરિણામનાં કુંડાળાં તળાવના તરંગો જેમ દૂર ને દૂર ફેલાતાં જ જવાનાં. એમ, નૈતિક અને આત્મિક ભંગાણો વધતાં જ જવાનાં. સવારના નાસ્તાવાળો પેલો પતિ કે પત્ની આ બધાં દૂર દૂર ફેલાતાં પરિણામોને પાછાં બોલાવાં કે વાળી શકે શં ? કજિયાના (કે પાપના) એક બીમાંથી ઊગાડેલાં ઝૂંડે ઝૂંડે વૃક્ષોનું પ્રાયશ્ચિત શકય ખરું ? ના.

પાપ કોઈ એવો માત્ર પરિમિત અપરાધ નથી જેથી એ અપરાધ કરનારો જાતે અલ્પકાળિક શિક્ષા ભોગવી લઈને બધું પાછું સીધું–સમું કરી દે. એનાં પાપોનાં પરિણામો અને અસરો છેક દૂરનાં વિશ્વોના સિમાડાઓ, અને હા, છેક સ્વર્ગ સુધી પહોંચી જાય છે. માણસ પોતાના પાપનું પ્રાયશ્ચિત કરવાને તદ્દન અશક્ત છે એ જ સાચું છે.

બાઈબલ શીખવે છે કે ઈશ્વર પ્રેમી અને પવિત્ર પિતા છે. અને તેણે પ્રેમ તથા પવિત્રાઈના ધોરણે આખું વિશ્વ સૃજર્યું છે, અને સર્વ માણસો સ્વર્ગીય કુટુંબમાં ભાંડુઓ છે. એટલે જ જેમ કુટુંબમાં એકની ભૂલ બધાંને ખીન્ન કરે છે, અસર પહોંચાડે છે, તેમ આ સ્વર્ગીય કુટુંબમાં એક જણનું પાપ એનું એકલાનું રહેતું નથી, અને એનું પરિણામ એણે એકલાએ જ ભોગવવાનું રહેતું નથી. એકના પાપે આપણ બધાંને કોઈક રીતે દુઃખ ભોગવવું પડે છે, એટલું જ નહિ, પણ એના પાપનું પરિણામ એના અધિકારની બહાર દૂર દૂર અસરો ફેલાવે છે, – હા, ભૌતિક વિશ્વની બહાર છેક ઈશ્વર સુધી

પહોંચે છે, અને વિશ્વના પિતા તરીકે ઈશ્વરને પણ એથી દુ:ખ વેઠવું પડે છે. ખરેખર માણસ પોતાનાં પાપનું પ્રાયશ્ચિત કરવાને બિલકુલ અશક્ત છે.

એટલે જે પાપી માણસના અવેજી બનીને માણસને બદલે નિષ્કલંક ઈશ્વરે પોતાની જાતનું બલિદાન આપ્યું. આત્મિક દુનિયામાં માણસના પાપને કારણે ઊભું થયેલું ભંગાણ, અવ્યવસ્થા અને એનાં પરિણામ કોઈ કે સરભર કરવા રહ્યાં; એ બધું એમ ને એમ સરભર ન થાય. એટલે જ ઈશ્વરપુત્ર પોતે આત્મિક દુનિયાનું ભંગાણ, અવ્યવસ્થા અને એનાં પરિણામ દૂર કરવા છેક મૃત્યુ સુધીનું પરિણામ ભોગવે છે. પાપ અને એનાં પરિણામ એટલાં ખતરનાક છે.

## મૃત્યુંજય પ્રભુ ઈસુ ખ્રિસ્ત અને માણસનું નવું જીવન

મૃત્યુને વરેલા પ્રભુ ઈસુને વહાલાંઓએ વધસ્તંભેથી ઊતારીને કબરમાં દફનાવ્યા. પણ સનાતન ઈશ્વરને કબર જકડી રાખી શકે નહિ. પ્રભુ ઈસુ સનાતન ઈશ્વર હતા. પણ માનવજાતને પાપના શાપમાંથી અને પાપના સામર્થ્યમાંથી મુક્તિ પમાડવાના હેતુથી બલિદાન બનવા માનવદેહ ધારણ કર્યો હતો. એ પ્રભુ ઈસુ ત્રીજે દિવસે રવિવારે પ્રભાત ઊગે તે પહેલાં મૃત્યુંજય બનીને પાછા સજીવન બનીને ઊઠયા. ચાળીસ દિવસ પૃથ્વી પર રહ્યા. એ પછી એમનું સ્વર્ગારોહણ થયું. મૃત્યુંજયી નવલા મહિમાવંત માનવદેહ સહિત તેઓ સ્વર્ગે સિધાવ્યા.

પ્રભુ ઈસુએ મૃત્યુમાંથી પુન:જીવિત બનીને માનવની પાપમુક્તિના મહાકાર્ય ઉપર મહોર–મુદ્રા મારી છે. માનવ–ઉદ્ધારના કાર્ય માટે જેમ દેહધારણ પૂર્વ–આવશ્યક છે, તેમ એ માનવ–ઉદ્ધાર કાર્યના મહિમાવંત ફળ રૂપે ઈસુનું પુનરુત્થાન (મૃત્યુમાંથી સજીવન થવું) પણ તેટલું જ આવશ્યક છે. મુક્તિસાધક ક્રૂસ ન હોત તો નિ:શંક પુનરુત્થાન પણ ન હોત. એથી ઊલટું, જો ઈસુ ખ્રિસ્તનું પુનરુત્થાન ન હોત તો ખ્રિસ્તનો ક્રૂસ વ્યર્થ નીવડત. "જો ખ્રિસ્ત ઊઠ્યો નથી, તો અમારો ઉપદેશ વ્યર્થ છે; અને તમારો વિશ્વાસ પણ વ્યર્થ છે (બાઇબલ : ૧ કોરિંથી ૧૫:૧૪). દેહધારણ, મૃત્યુ,

અને પુનર્જિવિત થવું એ ત્રણે અવિભાજિત રીતે એકબીજા સાથે સંકળાયેલાં છે. એ ત્રણે મળીને અવિભાજિત એવું ઈશ્વરી ઉદ્ધાર–કાર્ય બને છે.

અને હવે જે કોઈ તેમની ઉપર શ્રદ્ધા લાવે અને તેમણે સિદ્ધ કરેલી પાપ–માફીનો સ્વીકાર કરે તેને પાપમુક્તિ તથા શાશ્વતજીવન તે બક્ષે છે. આમ ખ્રિસ્ત કેવળ ભૂતકાળની જ ઐતિહાસિક વ્યક્તિ નથી, તે વર્તમાનકાળમાં પણ ખરેખર જીવંત હોઈને હાજર છે. મૃત્યુમાંથી પાછા ઊઠી મૃત્યુંજય બનેલા ખ્રિસ્ત સદાકાળ માટે જીવંત પ્રભુ છે, અને તેમના પર વિશ્વાસ કરનારાંમાં પવિત્રાત્મા દ્વારા નિરંતર નિવાસ કરતા રહે છે. તેમણે પોતાના શિષ્યોને આ અભયવચન આપ્યું છે કે, “જુઓ, જગતના અંત સુધી હું તમારી સાથે છું” (બાઈબલ : માથ્થી ૨૮:૨૦).

પ્રભુ ઈસુના ક્રૂસ પરના ઉદ્ધારક મહાકાર્ય દ્વારા શ્રદ્ધાળુને ત્રણે પ્રકારના એટલે કે ત્રીકાળી ઉદ્ધાર કે મુક્તિનો સાક્ષાત્કાર યા અનુભવ થાય છે.

**(૧) પાપના દોષ તેમ જ પાપની શિક્ષા યા નરકની શિક્ષામાંથી છૂટકારો :** મનુષ્યને માટે એનાં પરિણામરૂપે ઊભી થયેલી શિક્ષા અને નરકની યાતનાને પ્રભુ ઈસુએ પોતે વધસ્તંભ પર સહી લીધી. અને એમ એ બધામાંથી મનુષ્યને છૂટકારો પમાડયો. પાપનાં ઘારાં તેમણે દૂર કરી દીધાં છે. પાપનો દોષ પણ આપણા પરથી દૂર થઈ ગયો. આપણે માટે આ ભૂતકાળની બની ગયેલી વાત છે. તમારાં અને મારાં પાપ બે હજાર વર્ષ પૂર્વે પ્રભુ ઈસુએ વધસ્તંભ પર દૂર કર્યાં. “એ માટે જેઓ ખ્રિસ્ત ઈસુમાં છે તેઓને હવે દંડાજ્ઞા નથી” (બાઈબલ : રોમન ૮:૧). પાપનો દંડ, નરકની શિક્ષા આપણે બદલે ઈસુએ વધસ્તંભ પર ખમી લીધાં. હવે આપણે મુક્ત થયા (બાઈબલ : લૂક ૭:૫૦. ૧ કોરિંથી ૧:૧૮. ૨ કોરિંથી ૨:૧૫. એફેસી ૨:૮. યશાયા ૫૩:૫).

**(૨) પાપની પકડમાંથી મુક્તિ :** માણસના આત્મા પર પાપની પકડ અને પાપનું બળ જેવાં તેવાં નથી! પ્રભુ ઈસુ પોતાના મૃત્યુ અને પુનરુત્થાન દ્વારા હવે આપણને નવું જીવન બક્ષે છે. આ નવા જીવનમાં

આપણે માટે પાપના બળમાંથી, પાપના રાજમાંથી અને પાપની પકડમાંથી મુક્તિ સમાયેલી છે. પ્રભુ ઈસુ તેમણે મોકલેલા પવિત્રાત્મા દ્વારા આપણને દરરોજના જીવનમાં પાપ, પ્રલોભન અને કસોટી પર વિજય પમાડે છે. જંગલી ફળના ઝાડને રસદાર અને મીઠા વૃક્ષ સાથે કલમ કરવાથી નવી જાતનાં મીઠાં અને સરસ ફળ આવે, એમ આપણને ખ્રિસ્તમાં જાણે કે કલમ કરવામાં આવ્યાં છે. આ આપણા માટે દરરોજના નવા સામર્થ્યનો અનુભવ હોઈને એ વર્તમાનની વાત બને છે. આ અનુભવ દરરોજ સતત અનુભવવાનો છે. આપ મેળે જે આપણે કરી શકતા નહોતા તે બધું પ્રભુ ઈસુ ખ્રિસ્તના આત્મા દ્વારા કરી શકીએ છીએ. કેવા આનંદની વાત! કેવી પરમ મુક્તિ! (બાઈબલ : રોમન ૬:૧૪. ૮:૨. ૨ કોરિંથી ૩:૧૮. ગલાતી ૨:૧૯–૨૦. ૨ થેસ્સા. ૨:૧૩).

**(૩) પાપભર્યા વાતાવરણમાંથી મુક્તિ અને મહિમાવંતા શરીરની પ્રાપ્તિ :** શ્રદ્ધાળુને મૃત્યુ પછી સ્વર્ગમાં વાસ મળશે, જ્યાં પાપ, દોષ, અપરાધ એવું કંઈ જ નહિ હોય, અને વાતાવરણ પાપ રહિત હશે. પ્રલોભનકારી અને ભમાવનારી શૈતાનીય અસરો ત્યાં જરાયે નહિ હોય. બધું જ વાતાવરણ પાવનકારી અને પવિત્ર હશે. ઉદ્ધાર યા મુક્તિનો આ ત્રીજો તબક્કો અથવા ભવિષ્યકાળ છે (બાઈબલ : પ્રકટી ૨૧:૨૭).

વળી મુક્તિના આ ત્રીજા તબક્કામાં એટલે કે મૃત્યુ પછી શ્રદ્ધાળુઓને મહિમાવંતા શરીર પ્રાપ્ત થશે. યુગને અંતે પાપ અને શાપની અસરો દૂર થવાથી ચૈતન્યમયી તેમ જ રોગ, જરા, અને મૃત્યુ રહિત એવું અજરામર, મહિમાવંતું શરીર પ્રાપ્ત થશે (બાઈબલ : રોમન ૧:૧૮–૨૩. ૧ કોરિંથી ૧૫:૪૨–૪૪. પ્રકટી. ૨૧:૧–૫).


## પ્રભુ ઈસુ કાયમ માટે મહિમાવંત માનવદેહમાં સ્વર્ગે રહેશે

ઈશ્વર આત્મા છે. અને ઈશ્વરપુત્ર પણ આત્મા છે. ઈશ્વરપુત્રે માનવીની મુક્તિ માટે સ્થૂળ માનવ દેહ ધારણ કર્યો હતો. પુનરુત્થાન દ્વારા મૃત્યુમાંથી સજીવન થતાં તેમના સ્થૂળ માનવદેહનું મહિમાવંતા યા ગૌરવવાન

માનવદેહમાં રૂપાંતર થયું. અને એ મહિમાવંત શરીરમાં તેઓ સ્વર્ગે બિરાજમાન છે. એ ધારે તો મહિમાવંત માનવ શરીરને પાછું ઊતારી કે ત્યાગી દઈ શકે છે. પણ ના, એ આ મહિમાવંત માનવ શરીરને કાયમ માટે અનંતકાળમાં પણ ધરી રાખશે. જેથી માનવકુળ સાથેનો એમનો ઘનિષ્ઠ સંબંધ સદાય ચાલુ રહે. એટલુંજ નહિ, પણ પ્રભુ ઈસુ માનવી દેહધારણ કરતી વખતે માનવી સ્વભાવ પણ સ્વીકારી લઈને આપણી સાથે સદાકાળ માટે એક બની ગયા છે. તેમણે પુનરુત્થાનમાં પણ એ જ માનવ સ્વભાવ ધરી રાખ્યો. ઈશ્વરીય સ્વભાવની સાથે હવે સદાકાળને માટે જોડાઈ ગયેલા માનવી સ્વભાવને પ્રભુ ઈસુએ પોતાના સ્વર્ગારોહણ દ્વારા ઈશ્વરના રાજ્યાસન સુધી ઊંચો અને અધિરૂઢ કર્યો છે.

એ પરિસ્થિતિ અનંતકાળ સુધી કાયમી રહેશે. એમ, પ્રભુ ઈસુ કાયમ માટે કોઈ અકળ રીતે – બુદ્ધિથી ન સમજી શકાય એવી રીતે – માનવજાત-ના જીવન સાથે સંડોવાયેલા જ રહેશે.

બાઈબલમાં નિર્ગમન ૨૧:૨–૬માં એક ભવ્ય વાત આપી છે. કોઈ શેઠે ગુલામ ખરીદ્યો હોય, તો એ ગુલામ છ વર્ષ સુધી તેની ચાકરી કરે. પણ સાતમે વર્ષે (સાબ્બાથને વર્ષે) તે છૂટો થાય. જો શેઠે એને સ્ત્રી કરી આપી હોય, તો એ ગુલામ તો છૂટો થાય, પણ તેની સ્ત્રી અને બાળકો શેઠનાં બની રહે.


૧૮

પણ જો એ ગુલામ પોતાની પત્ની અને બાળકો પર પ્રેમ રાખતો હોય અને એમને લીધે સાતમે વર્ષે છૂટો થવા ન ઈચ્છતો હોય (પોતાની મુક્તિનો લાભ પ્રેમને કારણે જતો કરવા માગતો હોય), તો એવે વખતે એક ગંભીર વિધિ કરવામાં આવતો. એ ગુલામને ન્યાયાધીશોની સમક્ષ લઈ જવામાં આવતો, અને દ્વાર કે બારસાખ પાસે તેને ઊભો રાખીને તેનો કાન આરથી વીંધવામાં આવતો.

આમ, તે સદાને માટે પોતાની પ્રિય પત્ની અને વહાલાં બાળકોની સાથે શેઠને ત્યાં રહે ! કેવું પ્રેમ અને ભોગનું દૃશ્ય !

એમ જ પ્રભુ ઈસુ ખ્રિસ્તે, આપણે માટેના એમના અનહદ પ્રેમને લીધે કાયમ માટે આપણી સાથે ઘનિષ્ઠ રીતે સંડાવાયેલા જ રહેવાનું પસંદ કર્યું છે. એટલે સ્વર્ગમાં અનંતકાળમાં તે મહિમાવંતા માનવ શરીરમાં જ રહેશે. અહા ! આ દિવ્ય પ્રેમ !

જ્યારે જ્યારે પેલા ગુલામની પત્નીની નજર પોતાના પતિના વીંધાયેલા કાનના વેહ પર પડતી હશે ત્યારે ત્યારે તે સ્ત્રી પોતાના પતિના આવા પ્રેમ અને ભોગને ઊભરાતા હૈયે યાદ કરીને ગદ્ગદિત બની જતી હશે ! તેનું હૃદય પતિ તરફના પ્રેમથી ઊભરાઈ જતું હશે.

અને એમ જ, મારા ધન્ય સ્વામીનાં વીંધાયેલાં અંગોને જોઈ જોઈને આજે અને અનંતકાળમાં પણ હું હરખાતો રહીશ. મારા માટે એમનો કેવો ભવ્ય ત્યાગ ! એમનો કેવો અદ્ભુત પ્રેમ ! મને કવિની સાથે ગાવા દો :

> જો મારું હોત જગત તમામ, તો તે પ્રેમ સાટ થાત તુચ્છ અર્પણ;
> એવો અજબ ને દિવ્ય પ્રેમ, માગે મારાં તન, મન ને ધન.

અને એ મારા પરમ પ્રેમમય સ્વામી મને તેમની પોતાની પાસે સદા રહેવાને માટે લઈ જવા સારુ આવવાના છે. હું રાહ જોઉં છું. એમનાં આભાર-ગીતો ગાવાને અસમર્થ એવી મારી આ બોબડી જબાન ત્યારે કબરમાં ભલે ચૂપ થઈ જાય, પણ હું તો મહિમાવંતા શરીર સાથે તેમની સાથે અનંત-કાળમાં વસીશ, અને તેમનાં ગુણગાન – તેમના પ્રેમનાં ગાન, તેમના આભાર–ગાન ગાયા જ કરીશ, બસ, ગાયા જ કરીશ.

> જ્યારે આ બોબડી જબાન કબરમાં છાની થાય;
> ત્યારે હું સ્વર્ગે કરીશ ગાન, ને નમીશ તારે પાય.

( પરિશિષ્ટ )

# જુદા જુદા ક્રૂસનું વર્ણન

ખ્રિસ્તી જીવન દર્શાવતાં ઘણાં ચિહ્નો છે, પણ એમાંથી ક્રૂસનું ચિહ્ન સૌથી મહત્ત્વનું છે. જુદી જુદી જાતની લગભગ ૪૦૦ જેટલી ક્રૂસની સંજ્ઞાઓ છે. પરંતુ એમાંથી ફક્ત ૧૮ જાતની સંજ્ઞાઓના ખુલાસા અહીં રજૂ કરું છું.

ક્રૂસ નંબર

૧. ક્રૂસના આ નિશાનને 'જૂના કરારનો ક્રૂસ' કહેવામાં આવે છે. એ સંબંધી એમ કહેવામાં આવે છે કે હિબ્રૂ લોકો મિસરમાં હતા, ત્યારે ઈઝરાયલનાં ઘરોનાં બારણે અને બારસાખો ઉપર આ ચિહ્ન પ્રમાણે લોહીનો છંટકાવ કર્યો હતો. અને એમ એ ઘરોમાંથી પ્રથમજનિત બચી ગયાં હતાં (બાઈબલ : નિર્ગમન ૧૨:૧–૩૬). કહે છે કે એ પછી વંશપરંપરા આ ચિહ્ન પ્રમાણે યહૂદી ઘરોનાં બારણાં પર લોહીનો છંટકાવ કરવામાં આવતો.

૨. આને ગ્રીક ક્રૂસ કહેવામાં આવે છે. એના ચારેય હાથા સરખા હોય છે. ગ્રીકો આવા ક્રૂસને કપડા પર સીવી લેતા. એને વેદી સામે કે પુલપીટ સામે ચોઢતા, જેથી ઈસુના પાંચ ઘાનાં યાદ તાજી રહે (બે હાથ, બે પગ, અને મધ્યમાં કૂખ). કેટલાક એના ચાર હાથને પૃથ્વીના ચાર ખૂણા સાથે સરખાવે છે. ચારેય ખૂણે સુવાર્તા ફેલાઈ જવી જોઈએ.

૩, અને ૧૧. આ પ્રકારનું ચિહ્ન 'લંગરના ક્રૂસ' તરીકે ઓળખાય છે. ઈસુ ખ્રિસ્ત આપણા આત્માનું અચળ દૃઢ લંગર છે એવું એ સૂચવે છે. વળી એ ખ્રિસ્તી આશાનું પ્રતીક પણ છે. "તે આશા આપણા આત્માને સારુ લંગર સરખી સ્થિર તથા અચળ અને પડદા પાછળના સ્થાનમાં પેસનારી છે" (હિબ્રૂ ૬:૧૯).

૪. એને 'કેલ્ટીક ક્રૂસ' કહેવામાં આવે છે. એની મધ્યમાં એક વર્તુળ આવેલું છે. આ વર્તુળમે કોઈ છેડો નથી. એ વર્તુળ સૂચવે છે કે છેડા વગરનું એવું જીવન ક્રૂસ દ્વારા પ્રાપ્ત થાય છે. વર્તુળ અનંતતાનું ચિહ્‌ન છે. ક્રૂસ પર ઈસુએ આપેલા પોતાના બલિદાન દ્વારા જ મુક્તિ છે, અને મુક્તિ અનંતકાળિક છે.

પ્રભુ ઈસુએ ક્રૂસ ઉપર ઈશ્વરના પ્રેમને પ્રદર્શિત કર્યો, તેના ચિહ્‌ન તરીકે આ ક્રૂસ ઓળખાય છે. એ પ્રેમ અનંત છે એવું દર્શાવવા વર્તુળ મૂક્યું છે. વર્તુળ અનંતતાની સંજ્ઞા છે.

૫. એ 'યરૂશાલેમ ક્રૂસ' તરીકે ઓળખાય છે. એમાં આવેલા પાંચ ક્રૂસ ધર્મયુદ્ધના સમયમાં પાંચ સ્થળોના ધર્મયુદ્ધવીરો લડ્યા તેમની યાદ આપે છે. આ પાંચ સ્થળો આ પ્રમાણે : ગ્રેટ બ્રિટન, ફ્રાન્સ, જર્મની, ઇટાલી, અને સ્પેન. ચાર નાના ક્રૂસ પૃથ્વીના ચાર ખૂણા દર્શાવે છે, જ્યાં મિશનેરીઓ ગયા અને સુવાર્તા પ્રગટ કરી.

૬. આ 'કાલ્વરી ક્રૂસ' તરીકે ઓળખાય છે. લેટીન ક્રૂસને પગથિયાં આપવાથી એ 'કાલ્વરી ક્રૂસ' બની જાય છે. આ ત્રણ પગથિયાં ઉપરથી નીચેના ક્રમ પ્રમાણે શ્રદ્ધા, આશા અને પ્રેમ દર્શાવે છે. આ પગથિયાંનો અર્થ કેટલાક જુદી રીતે કરે છે : (૧) નિયમના શાપમાંથી આપણો છૂટકારો, (૨) પુનરુત્થાનનું સત્ય, (૩) સ્વર્ગીય ગાદી પરથી પ્રભુ ઈસુનું ન્યાયકરણ.

૭. એ 'માલ્ટીઝ ક્રૂસ' તરીકે ઓળખાય છે. એને ચાર હાથ છે, પણ ખૂણાવાળી આઠ ધાર અથવા કિનાર છે. આ આઠ ખૂણાદાર કિનાર માથ્થી ૫:૩–૧૦માં પ્રભુ ઈસુએ ચીંધેલી આઠ ધન્યતાઓ દર્શાવે છે.

૮. આ ક્રૂસ બીજાંને ખાતર અને બીજાંને સ્થાને ભોગવેલા દુ:ખનું પ્રતીક છે. એટલે જ એને 'દુ:ખનો ક્રૂસ' કહેવામાં આવે છે. પ્રભુ ઈસુએ

આપણે માટે અને બદલે કેટલું બધું વેઠયું—અને ખાસ કરીને ગેથસેમાનેમાં કેટલું બધું વેઠયું—એ બધું આ પ્રતીક દર્શાવે છે. પ્રભુ ઈસુને કેટલું બધું કષ્ટ થયું હશે કે તે પોકારી ઊઠયા, "ઓ પિતા, જો બની શકે તો આ પ્યાલો મારાથી દૂર કરો. તોપણ મારી ઈચ્છા પ્રમાણે નહિ પણ તમારી ઈચ્છા પ્રમાણે થાઓ."

૯. આને 'વિજય અને ફતેહનો ક્રૂસ' કહે છે. ક્રૂસની નીચે વર્તુળ આવેલું છે. પૃથ્વી ઉપર સુવાર્તાનો વિજય થશે એવું એ દર્શાવે છે. માણસોએ સ્થાપેલાં મંડળો અને સંસ્થાઓના બળ ઉપર મંડળીની એકતા અવલંબતી નથી એ તરફ આ પ્રતીક આપણું ધ્યાન દોરે છે. મંડળી એક છે કારણ ઈશ્વરે એવું યોજ્યું છે, અને પૃથ્વી પર સુવાર્તા વિજયવંત નીવડશે, કારણ પ્રભુની એ ઇચ્છા છે.

૧૦. આ ક્રૂસ અને મુગટ ખ્રિસ્તનું મૃત્યુ સૂચવે છે, અને સાથે સાથે, જેઓ તેમની પાછળ વિશ્વાસુપણે ચાલે છે તેમને સ્વર્ગીય બદલો મળશે એવા એમના વચનનું પણ સૂચન કરે છે.

૧૧. (જુઓ નં. ૩)

૧૨. આને 'લાટીન ક્રૂસ' કહે છે. આપણે આ પ્રકારનો ક્રૂસ બધે જોઈએ છીએ. એમ માનવામાં આવે છે કે પ્રભુ ઈસુ આવા આકારના ક્રૂસે જડાયા હતા.

૧૩. એ 'સંત એન્ડ્રુઝના ક્રૂસ' તરીકે ઓળખાય છે. ચાલતી આવેલી માન્યતા છે કે સંત એન્ડ્રુઝ આવા આકારના ક્રૂસ પર જડાયા હતા. પોતાના ત્રાતા પ્રભુ ઈસુ જે આકારના ક્રૂસ પર મર્યા તેવો ક્રૂસ પસંદ ન કરતાં તેમણે આવા ક્રૂસ પર મરવાને માગ્યું. આથી આ ક્રૂસ નમ્રતાની નિશાની ગણાય છે.

૧૪. આને 'કમળ ક્રૂસ' (લોટસ ક્રોસ) કહે છે. ક્રૂસનું એ ભારતીય પ્રતીક છે. હિંદુને મન કમળ એ ધરતીને સ્પર્શતા દેવ કે દેવીના પગનું પ્રતીક છે. બૌદ્ધને મન કમળ જીવનની હયાતિનો તખ્તો છે. ખ્રિસ્તીને મન કમળ શુદ્ધતા સૂચવે છે. કાદવમાંથી શુદ્ધ સ્વરૂપે કમળ ખીલે છે. નિષ્કલંક ખ્રિસ્ત પાપી પૃથ્વી પર વસ્યા અને ક્રૂસ પર મર્યા. વળી કમળનું ગોળાકાર રૂપ અનંતકાળ સૂચવે છે. કેટલાક એ પરથી એમ પણ અર્થ તારવે છે કે કમળ એ ભારતની આત્મિક શોધ દર્શાવે છે. અને ક્રૂસ એ શોધનો પ્રત્યુત્તર વાળે છે અથવા શોધેલું પૂરું પાડે છે.

૧૫. ક્રૂસ અને મુગટ (નં. ૧૦ મુજબ) મોત લગી વિશ્વાસુ રહેનારને મળનાર બદલાનાં પ્રતીક છે. અંદર દર્શાવેલી ખજૂરીની ડાળીઓ જેઓ એ મુગટ મેળવનાર અને પહેનાર છે, તેમની મહિમાવંત સ્થિતિ સૂચવે છે.

૧૬. દુનિયાના ગોળા પર સ્થપાયેલો ક્રૂસ દુનિયામાં ક્રૂસનો થનારો વિજય સૂચવે છે. ક્રૂસ વિજેતા છે. અને દુનિયા એના ચરણોમાં છે. આમ એ સ્વનકાર અને આધિનતાનું પ્રતીક બની રહે છે. એ બંને મળીને દુનિયા પરનો ઈશ્વરનો અજાયબ પ્રેમ સૂચવે છે.

૧૭. એને 'કળી ફૂટેલો ક્રૂસ' કહેવામાં આવે છે. એ ઉપરની ત્રણ કળી ઈશ્વરનું ત્રૈએકપણું સૂચવે છે.

૧૮. લાટીન ક્રૂસ ઉપર મૂકેલો પૃથ્વીનો ગોળો 'વિશ્વ પ્રાર્થના દિન'નું પ્રતીક છે. વિશ્વભરના બધા ખ્રિસ્તીઓ લેન્ટના પહેલા શુક્રવારે 'વિશ્વ પ્રાર્થના દિન' ઊજવે છે.

# પ્રભુ ઈસુનો ઊભરાતો પ્રેમ

પ્રભુ, તારો પ્રેમ શો છલકે જાય !
લાગું હું લળી લળી પાય રે....ટેક

આભની અટારીથી ઊતરી તું આવ્યો,
અવનિને આરે છેક;
બલિદાન બનવા બૂરી બૂરાઈના
થંભે ચઢયો તું નેક રે........૧

કાજળ કાળાં કામો કર્યાં મેં,
શિર પર લીધાં તેં;
અગણ્ં અપરાધો અમે રે આચર્યા,
થંભે ઉઠાવ્યા તેં જ રે........૨

કાંટાળો તાજ શિર પર તેં લીધો,
પીઠ પર કોરડાનો માર;
હાથે પાયે તેં ખીલા જે ખાધા,
ભાલો ભોંકયો હૈયા પાર રે........૩

પ્રીતિનાં પૂરો ઊમટયાં જે થંભે,
લોહવા પૃથ્વીનાં પાપ;
શાંતિ–સરિત શી સ્વર્ગેથી ઊતરી !
શામવા સૃષ્ટિના શાપ રે........૪

મનનાં મંદિરિયાં મેલાં છે મારાં,
શુદ્ધ કરો, ઓ તાત;
ઉરને આસનિયે આપ આરૂઢી,
ધન્ય કરો, ઓ નાથ રે........૫

રચયિતા : જયાનંદ આઈ. ચૌહાન

# સંત ફ્રાન્સીસની પ્રાર્થના

"ઓ મારા પ્રભુ ઈસુ ખ્રિસ્ત, મૃત્યુ મને વરે તે પહેલાં બે કૃપાદાન મને બક્ષો એવી વિનંતી કરું છું. પ્રથમ તો તમારી કપરામાં કપરી વેદનાના સમયે જે દુ:ખો તમે સહ્યાં તે બધાં, શક્ય તેટલી હદે, મારા પ્રિય પ્રભુ, હું મારા જીવનકાળ દરમિયાન મારા આત્મા અને શરીરમાં અનુભવું. અને બીજું, અમ પાપીઓને માટે એ બધી વેદના વેઠવાને જે અજબ પ્રેમે, ઓ ઈશ્વરપુત્ર, તમને પ્રજ્વલિત કર્યા એ પ્રેમ શક્ય તેટલી હદે, હું મારા હૃદયમાં અનુભવું."

(કહેવાય છે કે સંત ફ્રાન્સીસના પાછલા જીવનમાં તેના હાથો અને પગોમાં ખીલાના વેહની છાપ ઊઠી હતી.

# સંત પાઉલનો અનુભવ

"આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના વધસ્તંભ સિવાય હું બીજા કશામાં અભિમાન કરું એવું ન થાઓ. તેથી કરીને મારા સંબંધી જગત વધસ્તંભે જડાયેલું છે, અને જગત સંબંધી હું.... હવેથી કોઈ મને તસ્દી ન આપે, કેમ કે મારા શરીર પર પ્રભુ ઈસુનાં ચિહ્નોની છાપ મારેલી છે."

(બાઈબલ : ગલાતિ ૬:૧૪, ૧૭)



